દૈનિક
# મુંબઈ સમાચાર
203 વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 126 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ સુદ- ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 May 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૨૯ મે ૨૦૨૫, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## મુંબઈગરાના માથે પ્રોપર્ટી ટેક્સમાં ૧૫ ટકા વધારાનો માર

### અંદાજે એક દાયકા બાદ વધારો ઝીંકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ પ્રોપર્ટી ટેક્સમાં ૧૫ ટકા સુધીનો વધારો કર્યો છે. તાજેતરમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રોપર્ટી ટેક્સધારકોને બિલ મોકલ્યા છે, તેમા આ દર વધારા સાથેના બિલ મોકલવામાં આવ્યા છે. લગભગ એક દાયકા બાદ પ્રોપર્ટી ટેક્સના દરમાં વધારો કરવામાં આવ્યો છે. મુંબઈ મહાનગરપાલિકાની હદમાં આવતા નવ લાખથી વધુ મિલકતધારકો પાસેથી પાલિકા દ્વારા પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરવામાં આવે છે.

પ્રોપર્ટી ટેક્સના દરમાં ૧૫ ટકા સુધીનો વધારો કરવાને કારણે ટેક્સધારકોના માથે આર્થિક બોજો પડવાનો છે પણ લાંબા સમયથી દરવધારો અટવાઈ પડયો હતો તેને છેવટે લાગુ કરવામાં આવ્યો છે અને તે મુજબ ટેક્સધારકોને બિલ મોકલી દેવામાં આવ્યા છે. પાલિકાના અસેસમેન્ટ એન્ડ કલેકશન ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પ્રોપર્ટી ટેક્સના દરમાં ૧૫ ટકા સુધી વધારો કરવામાં આવ્યો છે અને તેથી જે પ્રોપર્ટી ટેક્સધારકને ૧૦,૦૦૦ રૂપિયા સુધીનું બિલ આવતું હતું તેને હવે ૧૧,૫૦૦ રૂપિયાનું બિલ આવશે. પ્રોપર્ટી ટેક્સમાં ૧૫ ટકા મોટો વધારો છે, પણ તે રેડી રેકનરના આધારે તેનાથી પણ ઓછો થઈ શકે છે.

મહારાષ્ટ્ર સરકારે ૩૧ માર્ચ, ૨૦૨૪ના રેડી રેકનરના દરમાં સરેરાશ ૩.૩૯ ટકાનો વધારો કર્યો હતો, જે પ્રોપર્ટીનાના વેલ્યુએશનને અસર કરે છે. રેડી રેકનરના દરમાં વધારો કરવાના સરકારના પગલાં બાદ પ્રોપર્ટી ટેક્સમાં વધારો કરવાનો પ્રસ્તાવ તૈયાર કર્યા બાદ પાલિકા કમિશનરની મંજૂરી બાદ તેને અંતિમ મંજૂરી માટે રાજ્ય સરકારને મોકલવામાં આવ્યો હતો.

નોંધનીય છે કે કેપિટલ વેલ્યુ સિસ્ટમના આધારે પાલિકા પ્રોપર્ટીનું (જુઓ પાનું ૨) ▶▶

SCAN FOR TODAY'S GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA
GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565




## વડા પ્રધાન મોદી આજથી ચાર રાજ્યની મુલાકાતે

### સિક્કિમ, પ. બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશમાં અનેક વિકાસ પ્રકલ્પોને લોન્ચ કરશે

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદી અનેક વિકાસ પ્રકલ્પોને લોન્ચ કરવા ગુરુવારથી ચાર રાજ્યની મુલાકાતે જશે. મોદીની વડા પ્રધાન તરીકેની ત્રીજી મુદતની વર્ષગાંઠ નજીક આવી રહી છે એમ તેઓ વિવિધ રાજ્યોની મુલાકાત લઈ રહ્યા છે. મોદી ૨૯ મે અને ૩૦ મેએ સિક્કિમ, પશ્ચિમ બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશની મુલાકાત લેશે, એવી માહિતી સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવી હતી.

મોદી પ્રવાસની શરૂઆત 'સિક્કિમએટ૫૦ : જ્યાં પ્રગતિ હેતુને મળે છે અને પ્રકૃતિ વિકાસની માવજત કરે છે' કાર્યક્રમમાં હાજરી આપીને કરશે. મોદી લોકોને સંબોધતાં પહેલાં અનેક વિકાસ પ્રોજેકટના શિલાન્યાસ અને ઉદ્‌ઘાટન કરશે.

પશ્ચિમ બંગાળમાં મોદી અલીપુરદ્વાર અને કૂચ બિહાર જિલ્લામાં સિટી ગૅસ ડિસ્ટ્રિબ્યુશન પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. આ પહેલાં મોદી સાંજે બિહારના પટણા હવાઈમથકના મકાનનું ઉદ્‌ઘાટન કરશે. મોદી શુક્રવારે બિહારના કારકાટમાં રૂ. ૪૮,૫૨૦ (જુઓ પાનું ૨) ▶▶

## ડાંગર, કઠોળ, તેલીબિયાંના લઘુતમ ટેકાના ભાવ વધારાયા

નવી દિલ્હી: કેન્દ્રે ડાંગરના લઘુતમ ટેકાનો ભાવ ત્રણ ટકા એટલે કે રૂપિયા ૬૯ વધારીને ક્વિન્ટલ દીઠ રૂપિયા ૨,૩૬૯ કરવાની બુધવારે જાહેરાત કરી હતી.

આ ઉપરાંત, સરકારે ૨૦૨૫-૨૦૨૬ની ખરીફ માર્કેટિંગ મોસમ માટેના તેલીબિયાં અને કઠોળના લઘુતમ ટેકાના ભાવમાં નવ ટકા સુધીનો વધારો કરવાનો પણ નિર્ણય લીધો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની આર્થિક બાબતોને લગતી સમિતિની બેઠકમાં નવી ખરીફ મોસમ માટેના લઘુતમ ટેકાના ભાવ વધારવાની કૃષિ મંત્રાલયની દરખાસ્તને બહાલી આપી હતી.

ખરીફની ૨૦૨૫-૨૦૨૬ની માર્કેટિંગ મોસમ માટે 'સામાન્ય' અને 'એ' ગ્રેડની ડાંગરના લઘુતમ ટેકાના ભાવમાં રૂપિયા ૬૯નો વધારો કરાયો હતો. તેને લીધે તેઓના ભાવ અનુક્રમે ક્વિન્ટલ દીઠ રૂપિયા ૨,૩૬૯ (જુઓ પાનું ૨) ▶▶

## ભગવાન રામ અંગેની રાહુલની ટિપ્પણી વિરુદ્ધની અરજી વારાણસી કોર્ટે નકારી

વારાણસી: ગયા મહિને અમેરિકાની યુનિવર્સિટીમાં આપેલા પ્રવચન દરમિયાન ભગવાન રામ અંગે કરેલી કથિત ટિપ્પણી સંબંધિત રાહુલ ગાંધી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજી વારાણસી કોર્ટે મંગળવારે નકારી કાઢી હતી.

અરજી યોગ્યતાને પાત્ર ન હોવાનું જણાવી એડિશનલ ચીફ જ્યૂડિશિયલ મેજિસ્ટ્રેટે અરજી નકારી કાઢી હોવાનું રાહુલ ગાંધી વિરુદ્ધ અરજી દાખલ કરનાર એડવોકેટ હરિશંકર પાન્ડેએ કહ્યું હતું.

કોર્ટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બીએનએસએસ) ૨૦૨૩ની જોગવાઈઓને ટાંકતા કહ્યું હતું કે આ પ્રકારના કેસમાં અરજી દાખલ કરતા અગાઉ કેન્દ્ર કે રાજ્ય સરકાર અથવા જિલ્લા મેજિસ્ટ્રેટની પરવાનગી લેવી ફરજિયાત છે.

જિલ્લા મેજિસ્ટ્રેટની પરવાનગી લઈ હું અરજી ફરી દાખલ કરીશ, એમ પાન્ડેએ કહ્યું હતું.

૧૨મી મેએ પાન્ડેએ કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં આક્ષેપ કર્યો હતો કે અમેરિકાસ્થિત બ્રાઉન યુનિવર્સિટીમાં પ્રવચન દરમિયાન રાહુલ ગાંધીએ ભગવાન રામને કાલ્પનિક અને પુરાણપુરુષ લેખાવ્યા હતા. પાન્ડેએ રાહુલ ગાંધીના આ પ્રવચનને ધિક્કાર ભાષણ લેખાવ્યું હતું અને તેને કારણે સનાતનીઓની લાગણી દુભાઈ હોવાનું જણાવ્યું હતું. (એજન્સી) ■

## સ્ટારશિપ રૉકેટ લૉન્ચ કરવાનો સ્પેસએક્સનો પ્રયાસ નિષ્ફળ

ટેક્સાસ: સ્પેસએક્સે મંગળવારે સાંજે મેગા સ્ટારશિપ રૉકેટ લૉન્ચ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેનો આ પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો કેમ કે તે નિરંકુશ બનીને તૂટી પડ્યું હતું. ઈંધણનાં ગળતરને કારણે સ્પેસક્રાફ્ટ નિરંકુશ બન્યું હતું.

ટેક્સાસની દક્ષિણે આવેલી સ્પેસએક્સની લૉન્ચ સાઈટ સ્ટારબૅઝથી ૧૨૩ મીટરના રૉકેટને લૉન્ચ કરવાનો આ નવમો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

રૉકેટ લૉન્ચ કર્યા બાદ સ્પેસએક્સના સીઈઓ ઈલૉન મસ્કને શ્રેણીબદ્ધ મૉક સેટેલાઈટ લૉન્ચ કરવાની આશા હતી, પરંતુ રૉકેટનો દરવાજો ન ખૂલતાં તે ચકરાવો લઈને હિન્દ મહાસાગરમાં તૂટી પડતાં તેમની તમામ આશાઓ પર પાણી ફરી વળ્યું હતું. સ્પેસએક્સે બાદમાં આ અહેવાલને સમર્થન આપ્યું હતું.

નિષ્ણાતોની ટીમ ડૅટાની સમીક્ષા કરવાનું અને આગામી પરીક્ષણની તૈયારી કરવાનું ચાલુ રાખશે, એમ કંપની (જુઓ પાનું ૨) ▶▶

## ભારતની વિનંતિને પગલે ઈન્ટરપોલે બે 'સિલ્વર નોટિસ' બહાર પાડી

નવી દિલ્હી: સીબીઆઇની વિનંતિને પગલે 'ઇન્ટરપોલ'એ બે 'સિલ્વર નોટિસ' બહાર પાડી હતી. એક, ફ્રાંસની એલચી કચેરીના વિઝા અધિકારી શુભમ શોકીનની સામે ૨૩ મેએ અને બીજી, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ દ્વારા 'ક્રિપ્ટોકરન્સી કૌભાંડ'માં જેને શોધવામાં આવી રહ્યો છે, તે અમિત મદનલાલ લખનપાલની સામે ૨૬ મેએ બહાર પાડવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય પોલીસ (ઇન્ટરપોલ)એ ફ્રાંસની એમ્બસી (એલચી કચેરી)ના ભૂતપૂર્વ અધિકારી શુભમ શોકીનની વૈશ્વિક અસ્કયામતો શોધવામાં સહાય કરવા ભારતે કરેલી વિનંતિને પગલે પ્રથમ 'સિલ્વર નોટિસ' બહાર પાડી હતી.

વિઝા કૌભાંડના સંબંધમાં શુભમ શોકીનની શોધ ચાલી રહી છે.

વૈશ્વિક સ્તરે ફેલાયેલી ગેરકાયદે અસ્કયામત (મિલકત)ને શોધવા 'ઇન્ટરપોલ'એ 'સિલ્વર નોટિસ' બહાર પાડવાનું ચાલુ વર્ષના જાન્યુઆરીમાં જ નક્કી કર્યું હતું. આ પાઇલટ પ્રૉજેક્ટનું ભારત પણ ભાગીદાર છે અને તેમાં ઇટલીની વિનંતિને પગલે સૌપ્રથમ 'સિલ્વર નોટિસ' બહાર પાડવાનું શરૂ કરાયું હતું.

'ઇન્ટરપોલ' નવ રંગની નોટિસ બહાર પાડે છે. દરેક રંગ ચોક્કસ પ્રકારની માહિતી સૂચવે છે. દાખલા તરીકે, ભાગેડું આરોપીની અટકાયત કરવા માટે 'રેડ' (લાલ), વધારાની માહિતી મેળવવા 'બ્લ્યૂ' (ભૂરા), વણઓળખાયેલા મૃતદેહો માટે 'બ્લેક' (કાળા) અને લાપતા વ્યક્તિને શોધવા 'યેલો' (પીળા) (જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકાએ વિદ્યાર્થીઓના વિઝાની નવી અરજીઓના ઇન્ટરવ્યૂ અટકાવ્યા

ન્યૂ યોર્ક: અમેરિકાના ટ્રમ્પના વહીવટીતંત્રે અમેરિકાની એમ્બસી (એલચી કચેરી) અને કૉન્સ્યુલર સેક્શનને નવા વિદ્યાર્થીઓની વિઝા અરજીઓના ઇન્ટરવ્યૂ હાલમાં સ્થગિત કરવાનો આદેશ આપ્યો હતો અને જણાવ્યું હતું કે અમેરિકામાં અભ્યાસ કરવા આવનારા વિદ્યાર્થીઓના સોશિયલ મીડિયાની ઝીણવટભરી તપાસ કરાશે.

આ અહેવાલ અહીંના પ્રસારમાધ્યમે આપ્યા હતા.

'પૉલિટિકો'ના અહેવાલ મુજબ ટ્રમ્પ વહીવટીતંત્ર અમેરિકામાં ભણવા માટે અરજી કરનારા બધા વિદેશી વિદ્યાર્થીઓના સોશિયલ મીડિયાને બારીકાઇથી તપાસવા માગે છે.

વિદેશ પ્રધાન માર્કો રુબિઓએ ૨૭ મેએ સહી કરેલા 'કેબલ'ને ટાંકીને અહેવાલમાં જણાવાયું હતું કે અમેરિકાના (જુઓ પાનું ૨) ▶▶

## ઓસ્ટ્રેલિયા જઈ રહેલા ત્રણ ભારતીયનું ઈરાનમાં અપહરણ

નવી દિલ્હી : ઓસ્ટ્રેલિયા જઈ રહેલા ત્રણ ભારતીયનું ઈરાનમાં અપહરણ થયું છે. તેમના પરિવારજનો પાસે રૂ. ૧ કરોડની ખંડણી માગવામાં આવી છે. આ ત્રણ યુવકો પંજાબના સંગરૂર, એસબીએસ નગર અને હોશિયારપુર જિલ્લાના રહેવાસી છે. આ ત્રણેય યુવકો દિલ્હીથી વર્ક પરમિટ પર ઓસ્ટ્રેલિયા જઈ રહ્યા હતાં. એજન્ટ મારફત ઈરાન થઈ તેમને ઓસ્ટ્રેલિયા લઈ જવામાં આવી રહ્યા હતાં. તેઓ ૧ મેથી ગુમ થયા હતાં.

ઈરાનમાં ભારતની એમ્બેસીએ સ્થાનિક પોલીસ અને સત્તાધીશોની મદદ લઈ આ ત્રણેય ગુમ યુવકોને શોધી કાઢવાની તજવીજ હાથ ધરી છે. ઈરાન પહોંચ્યા બાદ આ યુવકો ગુમ થયા હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. ૧૧ દિવસ સુધી તેમની કોઈ ભાળ મળી ન (જુઓ પાનું ૨) ▶▶

## ૪૪ વિધાનસભ્ય મણિપુરમાં નવી સરકાર રચવા તૈયાર: ભાજપ

ઈમ્ફાલ: ૪૪ વિધાનસભ્ય મણિપુરમાં નવી સરકાર રચવા તૈયાર હોવાનો ભાજપના નેતા થોકચોમ રાધેશ્યામ સિંહે બુધવારે ગવર્નર અજયકુમાર ભલ્લાને મળ્યા બાદ દાવો કર્યો હતો. સિંહ અન્ય નવ વિધાનસભ્ય સાથે રાજભવન ખાતે ગવર્નરને મળ્યા હતા. લોકોની ઈચ્છા મુજબ ૪૪ વિધાનસભ્ય મણિપુરમાં નવી સરકાર રચવા તૈયાર છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ગવર્નરને અમે આ સંદેશો આપી પહોંચાડી દીધો છે.

આ મુદ્દે શો ઉકેલ હોઈ શકે તેની પણ અમે ચર્ચા કરી હતી, એમ તેમણે કહ્યું હતું.

ગવર્નરે અમારી વાતની નોંધ લીધી હતી અને હવે લોકોના હિતમાં જે હશે એ મુજબની કાર્યવાહી કરશે. શું સરકાર રચવાનો તમે દાવો કરશો? એ પ્રકારના પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં તેમણે કહ્યું હતું કે ભાજપની ટોચની નેતાગીરી એ અંગે નિર્ણય લેશે.

નવી સરકાર રચવા અમે તૈયાર છીએ એ સરકાર રચવાનો દાવો કરવા બરાબર જ છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે સ્પિકર ટી. એચ. સત્યવ્રત ૪૪ વિધાનસભ્યને વ્યક્તિગત તેમ જ સંયુક્ત રીતે મળ્યા હતા. નવી સરકાર રચવાનો વિરોધ કરવાવાળું કોઈ જ ન હોવાનું તેમણે કહ્યું હતું. અગાઉની મુદતમાં કોરોનાની મહામારીને કારણે લોકોને સહન કરવું પડ્યું હતું અને આ મુદતમાં વિરોધને કારણે બે વર્ષ બગડ્યા છે, એમ તેમણે કહ્યું હતું. ભાજપના નેતા એન. બિરેનસિંહે મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપ્યા બાદ ફેબ્રુઆરીથી મણિપુર રાષ્ટ્રપતિ શાસન હેઠળ છે. એક વિધાનસભ્યનું મૃત્યુ થયું હોવાને કારણે ૬૦ સભ્યની વિધાનસભામાં હાલ ૫૯ સભ્ય છે. (એજન્સી)

ELEVATE YOUR ethnic style
with our exclusive collection of
REAL BANDHANI
PATAN & RAJKOTI PATOLA
MAY-2025 29 THURSDAY TO JUNE-2025 02 MONDAY
Time : 11:00 am to 9:00 pm
RAJSHRUNGAR® RAJKOT
ABITARE ART GALLERY
V Mehta Road, Juhu Scheme, Vile Parle, West, Mumbai
M.: 98791 87787
Follow us
RAJSHRUNGAR RAJKOT
Print Master

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સ્ટારશિપની સફળતા માનવજાતનો ઈતિહાસ બદલી નાખશે

એલન મસ્ક માટે હમણાં માઠા દિવસો ચાલી રહ્યા છે. એક તરફ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથેનું પોલિટિકલ હનીમૂન પૂરું થઈ જતાં એલન મસ્ક વ્હાઈટ હાઉસમાંથી ફેંકાઈ ગયા છે ત્યારે બીજી તરફ તેમની કંપનીઓનો દેખાવ પણ કથળી રહ્યો છે તેથી મસ્ક દબાણ હેઠળ છે. આ દબાણ સ્ટારશિપનું સફળ લોંચિંગ કરીને હળવું કરાશે એવી મસ્કની ગણતરી હતી પણ સ્ટારશિપનું પરીક્ષણ નિષ્ફળ જતાં મસ્ક પર દબાણ વધ્યું છે.

વિશ્વના સૌથી શક્તિશાળી રૉકેટ મનાતા સ્ટારશિપને ૨૮ મેના રોજ સવારે ૫ વાગ્યે ટેક્સાસના બોકા ચિકાથી લોન્ચ કરવામાં આવ્યું હતું, પણ લોન્ચ થયાની લગભગ ૨૦ મિનિટ પછી સ્ટારશિપે નિયંત્રણ ગુમાવ્યું અને પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશતાં જ નાશ પામ્યું તેથી સ્ટારશિપનું નવમું પરીક્ષણ નિષ્ફળ ગયું. અત્યાર સુધીમાં કરાયેલાં ૯ પરીક્ષણમાંથી ૭ પરીક્ષણ નિષ્ફળ ગયાં છે જ્યારે બે સફળ રહ્યાં છે.

સ્ટારશિપ બે ભાગમાં વહેંચાયેલું છે કે જેમાં ઉપલા ભાગમાં સ્પેસશિપ એટલે કે અવકાશયાન છે જ્યારે નીચલા ભાગનાં સુપર હેવી બૂસ્ટર છે. આ બંને પાર્ટને ‘સ્ટારશિપ’ કહેવામાં આવે છે. આ સ્પેસ વ્હીકલની ઊંચાઈ ૪૦૩ ફૂટ છે અને સંપૂર્ણપણે ફરીથી વાપરી શકાય એવું છે.

સ્ટારશિપમાં બંને ભાગને સાથે છોડવામાં આવે છે પણ પૃથ્વીથી થોડાક ઉપર ગયા પછી સુપર બૂસ્ટર જોરદાર ધક્કો મારીને સ્પેસશિપને ધકેલે તેથી સ્પેસશિપ સીધું તેના નિર્ધારિત સ્થાન તરફ આગળ વધે છે જ્યારે બૂસ્ટર પૃથ્વી પર પાછું આવે છે. બૂસ્ટરનો ફરી ઉપયોગ કરીને નવા સ્પેસશિપને ફરી અવકાશમાં કે બીજા ગ્રહ કે ઉપગ્રહ પર મોકલી શકાય છે. સ્પેસશિપ અવકાશમાં જાય અને પછી પાછું પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશીને નિર્વિઘ્ને ઉતરાણ કરે તો પરીક્ષણ સફળ કહેવાય. સ્ટારશિપ પણ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ્યા પછી પણ ટકી શકે છે નહીં એ સૌથી મહત્ત્વનું છે તેથી અત્યારે તેનાં પરીક્ષણ ચાલી રહ્યાં છે. નવમા પરીક્ષણ વખતે બૂસ્ટરથી સ્પેસશિપ છૂટું થતાં જ સળગી ગયું તેથી પરીક્ષણ નિષ્ફળ ગયું.

એલન મસ્કની કંપની સ્પેસએક્સ દ્વારા બનાવવામાં આવેલાં સ્ટારશિપનાં છેલ્લાં બે વર્ષથી પરીક્ષણ ચાલે છે. ૨૦ એપ્રિલ, ૨૦૨૩ના રોજ સ્ટારશિપનું પહેલું પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. આ પરીક્ષણમાં બૂસ્ટર ૭ અને શિપ ૨૪ લોન્ચ કરવામાં આવ્યાં હતાં પણ ટેકઓફ થયાની માત્ર ૪ મિનિટ પછી સ્ટારશિપમા વિસ્ફોટ થયો હતો. સ્ટારશિપ મેક્સિકોના અખાતથી ૩૦ કિલોમીટર દૂર પહોંચ્યું હશે ત્યાં જ વિસ્ફોટ થતાં સ્પેસશિપના ટુકડા થઈ ગયા ને મિશન નિષ્ફળ ગયેલું.

સ્ટારશિપની નિષ્ફળતા પછી પણ વિજ્ઞાનીઓ ખુશ હતા કેમ કે લોન્ચપેડ પરથી આટલું પાવરફુલ રોકેટ ઉડાન ભરી શકશે કે કેમ તેમાં જ સૌને શંકા હતી. રૉકેટે ઉડાન ભરી તેથી બેઝિક્સ બરાબર છે એ સાબિત થયું એટલે બાકીની ખામીઓ તો પછી દૂર કરી લેવાશે એવું મસ્કની કંપનીના વિજ્ઞાનીઓને લાગતું હતું પણ કમનસીબે એવું થયું નથી. છેલ્લાં બે વર્ષમાં એ પછી હાથ ધરાયેલાં મિશનોમાં કોઈ ને કોઈ વિઘ્ન આવી જ જાય છે તેથી હજુ ટેસ્ટિંગ જ ચાલ્યા કરે છે.

સ્ટારશિપનું બીજું પરીક્ષણ ૧૮ નવેમ્બર,૨૦૨૩ના રોજ કરાયું ત્યારે અઢી મિનિટ પછી સુપર હેવી બૂસ્ટર અને સ્ટારશિપ છૂટા થયાં. બૂસ્ટર પૃથ્વી પર પાછું ઊતરવાનું હતું પણ પૃથ્વીથી ૯૦ કિમી ઉપર વિસ્ફોટ થતાં તેનો નાશ થયો. સ્ટારશિપમાં પણ લગભગ ૮ મિનિટ પછી પૃથ્વીથી ૧૪૮ કિમી ઉપર ખામી સર્જાતાં તેનો નાશ કરવો પડ્યો હતો. ૧૪ માર્ચ ૨૦૨૪ના ત્રીજા પરીક્ષણ વખતે સ્ટારશિપ ફરીથી પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ વખતે સળગી ગયેલું.

સ્ટારશિપનું ચોથું પરીક્ષણ ૬ જૂન, ૨૦૨૪ના રોજ થયું હતું અને આ મિશન સફળ રહ્યું હતું. સ્ટારશિપ અવકાશમાં ગયું અને પછી પૃથ્વી પર પાછું લાવવામાં આવ્યું. એ પછી તેનું હિંદ મહાસાગરના પાણી પર ઉતરાણ કરવામાં આવ્યું પણ કોઈ નુકસાન નહોતું થયું. એ પછી પાંચમું પરીક્ષણ પણ સફળ થયેલું. સળંગ બે પરીક્ષણ સફળ થયાં પછી વિજ્ઞાનીઓએ નેક્સ્ટ સ્ટેજ માટે ચોક્કસ માપદંડ નક્કી કર્યા હતા. એ પછીનાં પરીક્ષણોમાં આ માપદંડ પળાતા નથી તેથી પરીક્ષણ નિષ્ફળ જાય છે.

મસ્ક આણિ મંડળી અત્યારે પરીક્ષણોમાં લાગેલી છે તેથી ગમે ત્યારે તો સફળ થશે જ પણ જેમ બને એમ જલદી સફળ થાય એ જરૂરી છે કેમ કે સ્ટારશિપ માનવ જાતને એવી છલાંગ લગાવવામાં મદદ કરશે કે જેની આપણે આજ સુધી માત્ર ને માત્ર કાલ્પનિક કથાઓમાં જ કલ્પના કરી છે.

સ્ટારશિપ અવકાશયાન અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા નાસાના આર્ટેમિસ પ્રોગ્રામનો એક ભાગ છે. સ્ટારશિપ અવકાશયાન મનુષ્યોને આંતરગ્રહીય બનાવશે કેમ કે આ સ્પેસશિપ એક કલાકથી પણ ઓછા સમયમાં બ્રહ્માંડના કોઈપણ ખૂણામાં માણસોને લઈ જવા સક્ષમ હશે.

સ્ટારશિપની મદદથી પહેલીવાર કોઈ માનવી પૃથ્વી સિવાય અન્ય કોઈ ગ્રહ પર પગ મૂકશે. આર્ટેમિસ પ્રોગ્રામ દ્વારા માનવજાત પાંચ દાયકા પછી ચંદ્ર પર ફરી ઉતરાણ કરશે અને ચંદ્ર પર માનવજીવન શક્ય બનાવશે. ચંદ્ર પર માનવજીવન શક્ય હોવાના પુરાવા મળ્યા છે તેથી ચંદ્ર પર કોલોની બનાવવનું આયોજન છે. સ્ટારશિપ ચંદ્ર પર મૂન મિશનનો આ અંતિમ તબક્કો પૂર્ણ કરશે. સ્ટારશિપ અવકાશયાત્રીઓને અવકાશયાનથી ચંદ્રની ભ્રમણકક્ષામાં લઈ જશે અને ચંદ્ર પર પણ ઉતરાણ કરશે પછી ચંદ્ર પર માનવ કોલોની બને પછી બીજા ગ્રહો પર પણ માનવજીવન શક્ય બનશે.

મસ્કનું સપનું ચંદ્ર નહીં પણ મંગળ ગ્રહ પર માનવ કોલોની સ્થાપવાનું છે. મસ્ક ૨૦૨૯ સુધીમાં મંગળ પર માણસોને મોકલવા અને ત્યાં એક વસાહત સ્થાપવા માગે છે. મસ્કનું માનવું છે કે, પૃથ્વી પર જે રીતે પ્રતિકૂળ સંજોગો સર્જાઈ રહ્યા છે એ જોતાં પૃથ્વી પર માનવ જીવનનો અંત આવશે. માનવજાત એ પહેલાં પોતાનું નવું ઠેકાણું ના શોધી લે તો પૃથ્વી પર માવનજીવનના અંતની ઘટના માનવતાના અંત તરફ દોરી શકે છે. જો માણસો મંગળ પર કોલોની બનાવે તો માનવતા ત્યાં ટકી શકશે.

ઘણાંને આ વિચારો તુક્કા જેવા લાગતા હશે પણ પૃથ્વી પરની વણસી રહેલી સ્થિતિને જોતાં ભવિષ્યમાં પૃથ્વી લોકોના રહેવા માટે યોગ્ય નહીં રહે એવું શક્ય છે. પ્રોફેસર સ્ટીફન હોકિંગે તો ૨૦૧૭માં આગાહી કરેલી કે, માનવજાતનું ભાવિ ૧૦૦ વર્ષથી વધારે નથી. લાખો વર્ષો પહેલાં પૃથ્વી પરના ડાઇનાસોર સહિતના જીવો આ રીતે લુપ્ત થઈ ગયાં હતાં. માનવજાતનો પણ એવો અંત આવે એ પહેલાં બીજા ગ્રહ પર માણસોને મોકલીને માનવ પ્રજાતિને બચાવવાનો વિચાર ખોટો નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

- ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, ગુરુવાર, તા. ૨૯-૫-૨૦૨૫, રંભાવ્રત, મહારાણા પ્રતાપ જયંતી (રાજસ્થાન),
- ભારતીય દિનાંક ૮, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ સુદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ સુદ-૩
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને માહે ૧૦મો દએ,સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૮મો રશ્ને માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૦મો આવા,માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૧૨મો જિલ્હજ સને ૧૪૪૬
- મીસરી રોજ ૨જો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર આર્દ્રા રાત્રે ક. ૨૨-૩૮ સુધી, પછી પુનર્વસુ
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુનમાં (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૯, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૮, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-

- ભરતીઃ બપોરે ક. ૧૩-૪૫, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૮ (તા. ૩૦)
- ઓટઃ સવારે ક. ૦૬-૫૪, રાત્રે ક. ૧૯-૫૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
- ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, જયેષ્ઠ શુક્લ – તૃતીયા. રંભાવ્રત, મહારાણા પ્રતાપ જયંતી (રાજસ્થાન), મેલા હલદીઘાટી, મુસ્લિમ ૧૨મો જિલ્હજ માસારંભ, સ્પષ્ટ રાહુ કુંભમાં અને કેતુ સિંહમાં મધ્યરાત્રે ક. ૨૪-૫૫.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન, રાહુ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, શિવપૂજા વિશેષરૂપે, અગરના ઔષધીય પ્રયોગો, નવા ઔષધ ઉપચાર, વિદ્યારંભ, બાળકને અન્નપ્રાશન, રાજ્યાભિષેક, નવું પદ, જવાબદારી મેળવવી, બગીચો બનાવવો, ધજા, કળશ પતાકા ચઢાવવી, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ, ઘર-ખેતર જમીન, મકાન લેવડદેવડ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ બુધ-શુક્ર અર્ધચતુષ્કોણ મળતાવડા, ચંદ્ર-હર્ષલ અર્ધચતુષ્કોણ વિરુદ્ધ જાતિથી સંભાળવું.

ખગોળ જ્યોતિષઃ બુધ-શુક્ર અર્ધચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ અર્ધચતુષ્કોણ, ચંદ્ર વિષુવવૃત્તથી મહત્તમ ઉત્તરે ૨૮ અંશ ૨૦ કળાના અંતરે રહે છે.

- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, બુધ- વૃષભ, ગુરુ-મિથુન, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન/કુંભ કેતુ-કન્યા/ સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# અમન-શાંતિનો ધર્મ ઈસ્લામ

આ લખનારની જાણકારી મુજબ પૃથ્વીની કુલ વસતિ ત્રણ અબજને આંબી ગઈ છે. તેમાં મુસલમાનોની સંખ્યા એક અબજ જેટલી આંકવામાં આવે છે. દુનિયાના પચાસેક જેટલા દેશોમાં ઈસ્લામી હુકુમતો રાજ કરે છે. એશિયા ખંડમાં મુસ્લિમ પ્રજા વધારે છે. આફ્રિકામાં તે બીજા ક્રમે આવે છે.

જગતના નકશા પર દૃષ્ટિ નાખતાં જણાય છે કે અરબ, પાકિસ્તાન, ઈરાન, ઈરાક, અરબસ્તાન, અફઘાનિસ્તાન, ઈન્ડોનેશિયન, સિરિયા, એડન, લેબેનોન, તુર્કિ, મલાયા, કુવૈત, દુબઈ, કતાર, પેલેસ્ટાઈન વગેરે દેશોમાં મુસ્લિમ શાસકો બખૂબી સત્તા ચલાવે છે.

એશિયા ખંડના બીજા મોટા દેશો હિન્દુસ્તાન, રશિયા, ચાઈનામાં તો મુસ્લિમોની સંખ્યા કરોડોને આંબી ગઈ છે.

આફ્રિકા ખંડમાં પણ કેટલાક ઈસ્લામી દેશો છે; તેમાં ઈજિપ્ત, સુદાન, લિબિયા, અલ્જિરિયા, ટ્યુનીસ, મોરોક્કો, માડાગાસ્કર અને નાઈજિરિયા વધુ પ્રખ્યાત છે. બીજા રાજ્યો દાખલા તરીકે કેનિયા, ટાંગાનિકા અને પશ્ચિમ આફ્રિકામાં પણ ઈમાનવાળાઓની સંખ્યા ઘણી મોટી છે.

મધ્ય આફ્રિકા તથા દક્ષિણ આફ્રિકામાં ઈસ્લામ ઘણો ઝડપથી પ્રસરી રહ્યો છે, જે આ લખનારના જાતઅનુભવથી જાણી શકાય છે.

યુરોપ, અમેરિકા અને ઑસ્ટ્રેલિયા જેવા ખંડોમાં ખ્રિસ્તીઓની સંખ્યા વધારે છે. રાજ્યશાસન પણ તેમના હાથમાં છે, તેમ છતાં, તે રાજ્યોમાં પણ મુસ્લિમોની નોંધપાત્ર વસ્તી છે અને જે તે દેશોના કાયદા-કાનૂન-બંધારણ-નિયમો મુજબ તથા કુરાને કરીમની આયત (શ્લોક) ‘હિબ્બુલવતન મિન્નલઈમાન’ અર્થાત્‌ઃ ‘વતનપ્રેમ એ ઈમાનનો જ એક ભાગ’ છે ની તાલીમ અનુસાર ત્યાંની પ્રજામાં તેઓ હળીમળી ગયા છે. હા, કેટલાંક અનિષ્ટતત્ત્વોના આતંકને કારણે સમસ્ત ઈસ્લામ અને તેની ઉમ્મતને દોષિત ઠેરવવી-સમજવી તે આ ધર્મના અમન-શાંતિના બુનિયાદી પાયાને હાનિ પહોંચાડનારી અવશ્ય બની રહેતી હોય છે.

મોટા શહેરો જેવાં કે લંડન, પેરિસ, બર્લિન, રોમ, એમસ્ટ્રેડમ, લિસ્બન, બુડાપેસ્ટ, બેલગ્રેડ, મોસ્કો, કેનબેરા, સીડની વગેરે રાજ્યો, શહેરોમાં મુસ્લિમોએ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કેન્દ્રોની સ્થાપના પણ કરી છે. એ શહેરોમાં મસ્જિદોની સંખ્યા પણ ખાસ્સી છે. પાંચેય સમય ‘અલ્લાહો અકબર’નો મીઠો મધ જેવો નાદ પણ ગુંજે છે.

વાસ્તવમાં ઈસ્લામ એક ઈલ્હામી (દિવ્ય પ્રેરણા) ધર્મ છે. તેની શરૂઆત હઝરત આદમ અલયહે વસ્સલામ (અ.સ.)થી થઈ હતી. તેમની પર અલ્લાહતઆલાની ‘વહી’ (માર્ગદર્શન) આવતી હતી. હઝરત આદમ (અ.સ.) લોકોને સારા-નરસાના ભેદથી વાકેફ (પરિચિત) કરતા હતાં. અલ્લાહની આજ્ઞાનુસાર હઝરત આદમ (અ.સ.) લોકોને વહેદાનીયત (એકેશ્વરવાદ)ની અને સુકર્મ કરવાની તાલીમ આપતા હતાં.

હઝરત આદમ અલયહિસ્સલામ પછી, અલ્લાહતઆલાએ હજારોની સંખ્યામાં નબીઓ, મોકલ્યા અને સેંકડોની સંખ્યામાં રસુલોને મોકલ્યા. તેમાં વિશેષ કરીને હઝરત શીશ, હઝરત ઈદ્રીસ, હઝરત નૂહ, હઝરત ઈસા, હઝરત યુસુફ, હઝરત યાકુબ, હઝરત મુસા, હઝરત હારૂન, હઝરત ઈબ્રાહિમ, હઝરત ઈસ્માઈલ અને હઝરત સુલેમાન અલયહિસ્સલામ ઘણા જાણીતા પયગંબરો છે જે અલ્લાહ તરફથી નબુવ્વત (અલ્લાહનો પયગામ પહોંચાડવા)ના કામ માટે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. અલ્લાહના નબીઓની આ પવિત્ર જમાતે પોતાના યુગમાં, પોતાની જાતિને, અલ્લાહનો સંદેશ પહોંચાડ્યો અને લોકોને સન્માર્ગ પર ચાલવાની તાલીમ આપી. તે તમામ નબીઓએ વહેદાનીયતની અર્થાત્‌ એકેશ્વરવાદની જ તાલીમ આપી. કોઈ પણ નબીએ વ્યક્તિ વિશેષની એટલે કે કોઈને પણ અલ્લાહની જાત સાથે સરખાવવાનું શિક્ષણ આપ્યું નથી. ‘શિર્ક’ના એવા માફ ન કરી શકાય તેવા ગુનાથી કોશો દૂર રહેવાનું ઉમ્મતને આહ્‌વાન આપ્યું અને તે પર કાયમ રહ્યા. જેને હઝરત આદમ અલયહિસ્સાલમથી માંડીને આ દુનિયામાં પધારેલા તમામ નબીઓએ શીખવ્યું છે અને તે શિક્ષણ અલ્લાહતઆલાના આદેશ મુજબ છે. આજ્ઞાનુસાર છે; જે તાકયામત રહેશે.

બ્રહ્માંડમાં જેમનું સર્જન સૌથી પહેલું થયું હતું તેમનું આગમન સૌથી પાછળ-છેલ્લું થયું અને જેમને ‘રહમતલ-લીલ-આલમીન’ અર્થાત્‌ ‘વિશ્વકૃપા’ બનાવીને અલ્લાહે આ પૃથ્વી પર મોકલ્યા તે તમામ વિશ્વના રસૂલ સલ્લલ્લાહો અલૈયહિ સલ્લામ્‌ (અર્થઃ અલ્લાહ આપને તથા આપના પરિવાર-વંશજો પર પોતાના આશીર્વાદ મોકલે અને શાંતિ અર્પે) હઝરત મુહમ્મદ (સલ.) રહેમત-કૃપા બનીને આ ધરતી પર પધાર્યા. જ્યારે માનવજાતનું અસ્તિત્વ નહોતું ત્યારે પણ આપ હુઝૂરે અનવર (સલ.) હતા, આજે પણ આપ (સલ.) છો અને સદા રહેશો. (આમીન):

* * *

ઈસ્લામમાં ક્રોધને એક ‘મહારોગ’ કહેવામાં આવ્યું છે. ગુસ્સો ઈબ્લીસ નામે સેતાનનો એક એવો જવાળા મારતો શોલો છે જેને તે ઈન્સાનના દિલમાં નાખી દે છે.

* માનવીની જિંદગીનો જે દિવસ પસાર થાય છે, તેમાં જે કાંઈ શારીરિક ફેરફારો થાય છે એજ પ્રમાણે વ્યક્તિના માનસિક વલણો પણ બદલાતાં રહેતાં હોય છે.

* માનસશાસ્ત્રના અભ્યાસુઓના એક જૂથનો અભિપ્રાય છે કે, આની પાછળ વારસામાં મળેલા ગુણો પણ કારણભૂત છે, અને તે બદલી શકાતા નથી. પણ તેઓનું આ દૃષ્ટિબિન્દુ કોઈ મજબૂત સ્તંભ પર કાયમ નથી આમ છતાં તે ભૂલભર્યા પણ નથી અને એમ પણ નથી કે વારસાગત ગુણોને જડથી ઉખેડીને ફેંકી દઈ શકાય.

* માણસનું સ્વાર્થીપણું કે આધ્યાત્મિક આત્માનું જીવન-ટેવો એક જ પરિસ્થિતિમાં કાયમ રહેતું નથી. બેશકઃ એમાં વધઘટ થયા કરે છે અને ઘણી વખત બદલાઈ પણ જાય છે.

- કોઈ અયોગ્ય ત્રાસદાયક દ્રવ્ય વ્યક્તિના ક્રોધને ઉત્તેજિત કરી દે છે, એ જ પ્રમાણે અમુક બનાવો વ્યક્તિની ઈજ્જત-આબરૂ, અમાનત વગેરે ગુણોને વધુ મજબૂત કરી દે છે; એટલે કે સામૂહિક રાત દિવસ જે કામો માણસથી થાય છે તે તેની આદતો (ટેવો) તેની નફસીયાતમાં (મનેચ્છા) પરિવર્તનનું કારણ બને છે.

વ્હાલા કોમ-ભાઈબંધ કોમના શ્રદ્ધાળુ વાચક મિત્રો! જો માનવી આ મુદ્દા પર ધ્યાન આપે કે, તેની જિસ્માની બીમારીની જેમ તેની રૂહાની (આધ્યાત્મિક) બીમારી પણ ઈલાજને પાત્ર છે તો તેને એ વાત જણાશે કે ધ્યાન આપવાથી તેના ખરાબ ગુણોને તે આગળ વધતાં અટકાવી શકે છે અને આ પદ્ધતિ પર આપણે સૌ જેટલી ખૂબીથી કામ લઈશું, તો તે ગુણો પર કાબૂ (નિયંત્રણ) મેળવવા કામિયાબ થઈ શકીશું અને પરિણામે આપણા ગુણોમાં પાયાના ફેરફારો કરવા શક્ય બની જશે.

* * *

સાપ્તાહિક સંદેશઃ

‘...જો બીજાની તકલીફ-પીડા જોઈને તને કોઈ રંજોગમ-દુઃખ, દયા ન થાય તો તું ઈન્સાન તો શું પણ જનાવર કહેવાને લાયક પણ નથી.

- હઝરત (માનવંત) શેખ સા’દી સા’બના ફારસી શે’રનો ભાવાનુવાદ). ■

પહેલા પાનાનું ચાલુ

### મુંબઈગરાના માથે

મૂલ્યાંકન કરવાના લાંબા સમયથી પડતર અને વણઉકેલાયેલા મુદ્દાને અમલ માટે વિલંબ કરી રહી છે આ એવો મુદો છે જે મુંબઈગરાને માટે અન્યાયી રીતે ભાર વધારી રહ્યો છે. કોર્ટના અનેક સ્પષ્ટ આદેશ છતાં હજી સુધી કોઈ નક્કર પગલા લેવાયાં નથી. જો આ સુધારો થાય તો પ્રોપર્ટી ટેક્સના બિલમાં ૨૦૧૦થી ૨૦૨૪-૨૫ સુધી ૪૦ ટકાનો ઘટાડો થઈ શકે છે એવો દાવો ભૂતપૂર્વ નગરસેવકે કર્યો હતો.

જોકે લાંબા સમયથી ટેક્સ વધારો અટવાઈ પડયો હતો. પાલિકાના નિયમ મુજબ દર પાંચ વર્ષે પ્રોપર્ટી ટેક્સના દરમાં વધારો કરવાનો અધિકાર પાલિકાને છે. છેલ્લો સુધારો ૨૦૧૫-૧૬ની સાલમાં થયો હતો.

દર પાંચ વર્ષના નિયમ મુજબ ૨૦૨૦ની સાલમાં ટેક્સના દરમાં વધારો અપેક્ષિત હતો પણ કોરોના મહામારીને કારણે ૨૦૨૨ની સાલ સુધી તેને અમલમાં મૂકી શકાયો નહોતો. ત્યારબાદ જૂન ૨૦૨૨માં રાજય સરકાર બદલાઈ ગઈ હતી, તેને કારણે દરવધારો અટવાઈ પડયો હતો. એ બાદ ૨૦૨૪માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ હોવાને કારણે ૨૦૨૩માં રાજય સરકારે દરવધારો મુલતવી રાખ્યો હતો.

આ દરમ્યાન ૨૦૨૪ની સાલમાં પાલિકાએ રેડી રેકનરના વેલ્યુના આધારે પ્રોપર્ટી ટેક્સ દર લાગુ નહીં કરવાનો નિર્ણય લીધો હતો અને કહ્યું હતું કે ૨૦૨૫ની સાલમાં સુધારેલા દર લાગુ કરશે. તે મુજબ પાલિકા પ્રશાસને ૧૫ ટકા સુધી વધારો લાગુ કરીને ટેક્સધારકો પાસેથી નવા દરના આધારે ટેક્સ વસૂલ કરવા બિલ મોકલી દીધા છે. ■

### વડા પ્રધાન મોદી

કરોડના વિકાસ પ્રકલ્પોનો શિલાન્યાસ કરશે અને જાહેરસભાને સંબોધશે

ઉત્તર પ્રદેશમાં મોદી કાનપુર નગરમાં ૨૦,૯૦૦ કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટનો શિલાન્યાસ અને ઉદ્‌ઘાટન કરશે. ત્યાર બાદ તેઓ જાહેર સભા સંબોધશે.

મોદીએ તેમની સરકારની ત્રીજી મુદતની નવમી જૂનની વર્ષગાંઠ પહેલાં રાજસ્થાન અને ગુજરાતની મુલાકાત લીધી હતી. મોદીએ નવમી જૂને વડા પ્રધાન તરીકે સોગંદ લીધા હતા.

મોદીએ તેમનાં પ્રવચનોમાં વિકાસના સંદેશ સાથે ઑપરેશન સિંદૂરને પગલે પાકિસ્તાનને કડક સંદેશ આપે છે.

નિવેદનમાં મોદીના ચાર રાજ્યની મુલાકાતનો ઉલ્લેખ કરીને લખવામાં આવ્યું હતું કે સિક્કિમ સરકારે ‘સાનૌલો, સમૃદ્ધ અને સમર્થ સિક્કિમ’ થીમ હેઠળ એક વર્ષથી કાર્યક્રમોની યોજના બનાવી છે. સિક્કિમ સાંસ્કૃતિક વારસા, પરંપરા, કુદરતી સૌંદય અને તેના ઈતિહાસના સત્ત્વની ઉજવણી કરી રહ્યું છે.

મોદી જે પ્રોજેક્ટ લોન્ચ કરવામાં છે એમાં નામચીમાં ૭૫૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર નવી ૫૦૦ બેડવળી હૉસ્પિટલ, સાંગાહોલિંગમાં રોપવે અને ગંગતોકના સંગખોલાના અટલ અમૃત ઉદ્યાનમાં ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીની પ્રતિમાનું અનાવરણનો સમાવેશ થાય છે. નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે અલીપુરદ્વાર અને કુચબિહારમાં સિટી ગૅસ ડિસ્ટ્રિબ્યુશન પ્રોજેક્ટ ભારતમાં સીજીડી નેટવર્કનું વિસ્તરણ કરવામાં મહત્ત્વનું પગલું છે.

૧૦૧૦ કરોડ રૂપિયાનો પ્રકલ્પ અઢી લાખ ઘરને, ૧૦૦થી વધારે વેપારી ઉપક્રમો અને ઉદ્યોગોને પાઈપ્ડ નેચરલ ગૅસ પૂરો પાડશે. સરકારના મિનિમમ વર્ક પ્રોગ્રામ હેઠળ ૧૯ સીએનજી સ્ટેશન ઊભા કરાશે. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું હતું કે આને લીધે સરળ, વિશ્વાસપાત્ર, કિફાયતી અને પર્યાવરણનું જતન કરતું ઈંધણ મળશે અને વિસ્તારમાં રોજગારની તક ઉપલબ્ધ થશે. પટણા હવાઈમથકે નવું ટર્મિનલ ૧,૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામા આવ્યું છે. આ ટર્મિનલમાં દરરોજ એક હજાર પેસેન્જરનું આવાગમન હશે.

મોદી ૧,૪૧૦ કરોડ રૂપિયાના ખર્ચે ઊભા થનારા બિટા હવાઈમથકના નવા સિવીલ એનકલેવનો શિલાન્યાસ કરશે. (એજન્સી) ■

### ડાંગર, કઠોળ, તેલીબિયાં

અને રૂપિયા ૨,૩૮૯ થયા હતા.

જાડા ધાન્ય (શ્રી અન્ન)માં રાગી, જુવાર, મકાઇ, બાજરાના લઘુતમ ટેકાના વધારો કરવાની જાહેરાત કરાઇ હતી.

તુવેરના લઘુતમ ટેકાનો ભાવ વધારીને ક્વિન્ટલ દીઠ રૂપિયા ૮,૦૦૦, અડદનો રૂપિયા ૭,૪૦૦ અને મગનો રૂપિયા ૮,૭૬૮ કરાયો હતો.

ભોંયસીંગ (મગફળી), સોયાબીન, સૂરજમુખીના બિયારણના ૨૦૨૫-૨૦૨૬ની ખરીફ માર્કેટિંગ મોસમ માટેના લઘુતમ ટેકાના ભાવ વધારાયા છે.

કપાસના લઘુતમ ટેકાના ભાવમાં રૂપિયા ૫૮૯નો વધારો કરાયો હતો. (એજન્સી)

### સ્ટારશિપ રૉકેટ લૉન્ચ

દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં મસ્કે લખ્યું હતું કે અગાઉના બે પ્રયાસોની સરખામણીએ હાલના પ્રયાસમાં ઘણો સુધારો જોવા મળ્યો છે.

અગાઉના બે પ્રયાસ દરમિયાન રૉકેટ ઍટલાન્ટિકની ઉપર સળગતા કાટમાળમાં ફેરવાઈ ગયું હતું.

ચંદ્ર અને મંગળના પ્રવાસે જનારું મસ્કનું સ્ટારશિપ પ્રથમ જ વાર રિસાઈકલ્ડ બૂસ્ટરની મદદથી ઊડ્યું હતું. (એજન્સી) ■

### ભારતની વિનંતિને પગલે

રંગની નોટિસ બહાર પડાય છે.

ઇન્ટરપોલની ‘સિલ્વર નોટિસ’ બહાર પાડવાના પ્રથમ તબક્કામાં જોડાયેલા ૫૧ દેશમાં ભારતનો સમાવેશ થાય છે. આ પાઇલટ પ્રૉજેક્ટ નવેમ્બર સુધીનો છે.

આ પાઇલટ પ્રૉજેક્ટના ભાગરૂપે દરેક દેશ વતી નવ ‘સિલ્વર નોટિસ’ બહાર પાડી શકાય છે. (એજન્સી)

### અમેરિકાએ વિદ્યાર્થીઓના વિઝા

વહીવટીતંત્રે પોતાની એમ્બસી અને કૉન્સ્યુલર સેક્શનને નવા વિદ્યાર્થીઓની વિઝા અરજીઓના ઇન્ટરવ્યૂ હાલમાં સ્થગિત કરવાનો આદેશ આપ્યો હતો.

‘કેબલ’માં જણાવાયું હતું કે સ્ટુડન્ટ કે એક્સચેન્જ વિઝિટર (એફ, એમ અને જે) વિઝાના અરજદારોના સોશિયલ મીડિયાને બારીકાઇથી તપાસવા જરૂરી હોવાથી આ નવી અરજીઓ માટેના ઇન્ટરવ્યૂ હાલમાં તાત્કાલિક અટકાવી દેવા.

અહેવાલમાં જણાવ્યું હતું કે અમેરિકાને, ખાસ કરીને તેની કૉલેજો અને યુનિવર્સિટીઓને વિદ્યાર્થીઓ પાસેથી સારી કમાણી થતી હોવા છતાં જો ટ્રમ્પ વહીવટીતંત્રના આ આદેશનો અમલ શરૂ કરાશે, તો સ્ટુડન્ટ વિઝાની કામગીરી ઘણી જ ધીમી પડી જશે. (એજન્સી) ■

### ઓસ્ટ્રેલિયા જઈ રહેલા

હતી. બાદમાં તેમનો એક વીડિયો આવ્યો હતો. જેમાં તેમના હાથ-પગ બાંધેલા હતા. અને અપહરણકર્તાએ રૂ. ૧ કરોડની ખંડણીની માગ કરી હતી. વીડિયોમાં યુવકોના શરીર પર ઈજાના નિશાન છે. તેમજ તેમના ગળા પર ચપ્પુ મુકી ખંડણીની માગ કરવામાં આવી હતી. તહેરાનમાં ઈન્ડિયન એમ્બેસીએ આ મુદ્દે ઈરાન ઓથોરિટીને તાત્કાલિક ધોરણે ધ્યાન આપી શોધ કરવા માગ કરી છે.

ગુમ એક યુવક હુસ્નપ્રીતની માતા બલવિંદર કૌરે સરકાર પાસે દીકરાને ઝડપથી પાછો લાવવા મદદ માગી છે. તેમણે કહ્યું કે, મારા પુત્રની સાથે ઓસ્ટ્રેલિયા મોકલવાના નામે છેતરપિંડી થઈ છે. અમે સરકારને અપીલ કરીએ છીએ કે, ગુમ તમામ યુવકોને સુરક્ષિત પાછા લાવવામાં આવે. કેન્દ્ર સરકારને આ મામલે તાત્કાલિક પગલાં લેવા અરજી કરી છે.

પરિવારજનોના જણાવ્યા પ્રમાણે, પંજાબમાં એક એજન્ટે ત્રણેય યુવકને દુબઈ-ઈરાન રૂટ મારફત ઓસ્ટ્રેલિયા પહોંચાડવાનું વચન આપ્યું હતું. તેણે ખાતરી આપી હતી કે, તેમને ઈરાનમાં એક સ્ટે લેવો પડશે, બાદમાં ઓસ્ટ્રેલિયાની ફ્લાઈટમાં બેસવાનું રહેશે. પરંતુ આ ત્રણેય યુવક ૧ મેના રોજ ઈરાનમાં ઉતર્યા બાદ ગુમ થયા હતાં. બાદમાં જાણ થઈ કે, ત્રણેયનું અપહરણ કરવામાં આવ્યું છે. ત્રણેયનો લોહીલુહાણ હાલતમાં વીડિયો મોકલી ખંડણી માગવામાં આવી રહી છે. હોશિયારપુરનો એજન્ટ આ ઘટના જાહેર થતાં ફરાર થયો છે. ■

"Jīvo na mriyate kadācid, dehadhāraṇamātrakaṁ.
Dharmārādhaka puṇyātmā, loke yaśasi tiṣṭhati."

*The soul never truly dies; it merely discards the body. One who lived righteously and gave with a pure heart remains celebrated in this world.*



**Shri Nitinbhai Himmatlal Mehta**

31 st July, 1944 – 26 th May, 2025.

Husband of Urvashiben Mehta
Son of Late Sumatiben and Himmatlal Manilal Mehta
Son-in-law of Late Prabhaben and Amratbhai Shah
Father of Raja and Aparna
Father-in-law of Bina
Grand Father of Reha, Wyoma, and Rushabh
Brother of Late Neeraben - Late Satishbhai; and Nainaben - Samirbhai

***Prayer meeting on Thursday 29 th May, 2025 from 5pm till 7pm at Hall of Culture, Nehru Centre, Worli, Mumbai. No white dress, please.***

***Deeply bereaved,***
Himmatlal Manilal Mehta Parivar and Amratlal Maganlal Shah Parivar

**વડિલ મિત્ર, માર્ગદર્શક અને અમારા નાટ્ય વ્યવસાયના ભાગીદાર...
જીંદગીના રંગમંચ પરથી થયેલ આપની અચાનક એક્ષિટે અમને હચમચાવી નાંખ્યા છે.**



**રંગકર્મી
શ્રી કૌસ્તુભભાઈને
અમારૂં વચન છે કે
The Show will Never Stop
SHOW MUST GO ON...**

**Avni Arts Pvt. Ltd.**

**અમી ત્રિવેદી – નિમેષ દિલીપરાય અને સર્વ કલાકાર કસબી તરફથી**

# ‘એઆઈ’ ટેકનોલોજી આધારિત એસટી સ્માર્ટ બસ

## ડ્રાઈવરે દારૂ પીધો હશે તો પણ ખબર પડી જશે

થાણે: આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) આધારિત સ્માર્ટ એસટી બસો ટૂંક સમયમાં રાજ્ય પરિવહન નિગમ (એસટી) દ્વારા શરૂ કરવામાં આવશે. આ બસોમાં મોબાઇલ જીપીએસ ટ્રેકિંગ સિસ્ટમ, એલસીડી સ્ક્રીન અને પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ સહિત અન્ય અત્યાધુનિક સુવિધાઓ હશે. જો ડ્રાઇવર દારૂ પીધા પછી બસ ચલાવવાનો પ્રયાસ કરશે અથવા ડ્રાઈવરને ઝોકું આવશે તો તરત જ જાણકારી મળી જશે. એકંદરે મુસાફરો માટે એસટી બસમાં મુસાફરી સુરક્ષિત બનશે. સ્ટેટ ટ્રાન્સપોર્ટ સર્વિસની બસોની સ્થિતિ સારી ન હોવાથી અનેક વાર ડ્રાઇવરો, કંડકટરો અને મુસાફરો વચ્ચે વિવાદના ઘણા બનાવો બનતા હોય છે. કેટલીકવાર ડ્રાઇવરની ભૂલને કારણે અકસ્માતો થયા હોવાના પણ દાખલા છે. આગના બનાવો પણ બન્યા હતા. સરવાળે મુસાફરો અસલામતી અનુભવે છે.

બસની વિશેષતા એ છે કે તેમાં દેખરેખ માટે ડ્રાઇવર આસિસ્ટન્સ સિસ્ટમ અને કેમેરા બેસાડવામાં આવ્યા છે. ડ્રાઈવરને સામેથી ટક્કરની ચેતવણી, બસ રૂટ પર ચેનલ બદલવાની સૂચના અને ડ્રાઈવરની સ્થિતિ પર નજર રાખવા જેવી માહિતી મળશે. બસમાં પૂરા ૩૬૦ ડિગ્રી રોટેટિંગ કેમેરા હશે. મુસાફરો માટે અંદરના ભાગમાં બે કેમેરા ઉપલબ્ધ હશે. બસમાં કેટલા મુસાફરો મુસાફરી કરી રહ્યા છે તેની ગણતરી કરવા માટે પેસેન્જર કાઉન્ટિંગ સેન્સર પણ ઉપલબ્ધ રહેશે. બસમાં સૂચના આપવા માટે એનાઉન્સમેન્ટની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ■

# લાડકી બહિણ યોજના ક્યારેય બંધ નહીં થાય: શિંદે

થાણે: લાડકી બહિણ યોજના ક્યારેય બંધ નહીં થાય. હું મુખ્ય પ્રધાન હતો ત્યારે જે યોજનાઓ લાવ્યો હતો અને દેવેન્દ્ર ફડણવીસ, અજિત પવાર અને અમારી ટીમે જે વચન આપ્યું છે, તે તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે, એવો દાવો નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ કર્યો હતો. એકનાથ શિંદેએ કહ્યું હતું કે, વિપક્ષ કહી રહ્યો હતો કે લાડકી બહિણ યોજનાને ભંડોળ મળશે નહીં, પરંતુ ભંડોળ મળ્યું. આમ આ યોજના ચાલુ રહેશે.

શિંદેએ એમ પણ કહ્યું કે અમે અમારું કામ કરીશું. આ સરકાર ગરીબોની છે, પ્રિય બહેનોની છે, પ્રિય ભાઈઓની છે અને ખેડૂતોની છે. બધાની સમસ્યાઓનો અહીં ઉકેલ લવાશે. અઢી વર્ષમાં અમે ઘણા પ્રોજેક્ટ્સ અને કલ્યાણકારી યોજનાઓ રજૂ કરી છે. તેથી મહારાષ્ટ્રના ઇતિહાસમાં આટલી મોટી સફળતા ક્યારેય મળી નથી, જેટલી મહાયુતિને મળી છે. આમાં સૌથી મોટો ફાળો તેમની પ્રિય બહેનોનો હતો, તેમણે કહ્યું. ■

**મીઠી નદી કૌભાંડ**

# બોલીવૂડના અભિનેતા ડિનો મોરિયા, તેના ભાઈની ફરી પૂછપરછ કરાઈ

મુંબઈ: મીઠી નદીમાંથી ગાળ કાઢવાના કરોડો રૂપિયાના કૌભાંડની તપાસ કરી રહેલી આર્થિક ગુના શાખાની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમે (એસઆઇટી) બોલીવૂડના અભિનેતા ડિનો મોરિયા અને તેના ભાઇ સેન્ટિનો મોરિયાની બુધવારે ફરી પૂછપરછ કરી હતી.

છેલ્લા ત્રણ દિવસમાં ડિનો મોરિયાને બીજી વાર પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો. ડિનો મોરિયા અને તેનો ભાઇ બુધવારે દક્ષિણ મુંબઈમાં મુંબઈ પોલીસ મુખ્યાલયમાં આર્થિક ગુના શાખાની ઓફિસમાં આવ્યા હતા અને તેમની પૂછપરછ કરી નિવેદન નોંધવામાં આવ્યાં હતાં.

આ કેસમાં ધરપકડ કરાયેલા વચેટિયા કેતન કદમ સહિત જય જોશી સાથે મોરિયા ભાઇઓની કથિત કડી અંગે પોલીસ દ્વારા તેમની પૂછપરછ કરાઇ હતી.

પ્રાથમિક તપાસ અનુસાર ડિનો અને તેના ભાઇએ કદમ સાથે મોબાઇલ પર સતત વાર્તાલાપ કર્યો હતો. ધરપકડ કરાયેલા આરોપીઓના કેટલાક શંકાસ્પદ વ્યવહારો પોલીસને મળી આવ્યા છે અને આ વ્યવહારોમાં ડિનોની કોઇ ભૂમિકા છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે.

મીઠી નદીમાંથી ગાળ કાઢવાનું કામ કરનારા કોન્ટ્રેક્ટરોને સિલ્ટ પુશર મશીન તેમ જ એમ્ફિબિયસ પોન્ટૂન મશીનો ભાડે આપવામાં કદમ અને જોશી સંકળાયેલા હતા. આ મહિનાની શરૂઆતમાં કૌભાંડમાં મુંબઈ મહાનગરપાલિકાને ૬૫.૫૪ કરોડ રૂપિયાનું નુકસાન કરવા બદલ પાલિકાના ત્રણ અધિકારી, પાંચ ખાનગી કોન્ટ્રેક્ટર સહિત ૧૩ લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■

# એનડીઆરએફની ટીમ પોતે જ ટ્રાફિક જેમમાં ફસાઈ

## નદીમાં ફસાયેલી ત્રણ યુવતીઓને ગ્રામજનોએ બચાવી

મુંબઈ: મહારાષ્ટ્રમાં મે મહિનામાં જ વરસાદે જોરદાર બેટિંગ ચાલુ કરી દીધી છે અને ઘણા વર્ષોનો રેકોર્ડ તોડ્યો છે. ઠેર ઠેર નદીના જળસ્તરમાં વધારો થયો છે. સાથે લોકોને બચાવવા એનડીઆરએફની ટિમ પણ ખડે પગે તૈયાર છે, પણ એવો કિસ્સો સામે આવ્યો છે કે જેમાં રાહત અને બચાવ માટે આવી રહેલી એનડીઆરએફ ટીમ પોતે જ ટ્રાફિક જામમાં ફસાઈ ગઈ હતી!

મહારાષ્ટ્રના અહિલ્યાનગરના ખડકી ગામનો એક વીડિયો સામે આવ્યો છે. અહીં નદીમાં પાણીનું સ્તર વધવાને કારણે ત્રણ છોકરીઓ પાણીમાં ફસાઈ ગઈ હતી. વીડિયોમાં જોઈ શકાય છે કે છોકરીઓ પોતાનો જીવ બચાવવા માટે ટ્રોલી પર બેઠી છે અને ચારે બાજુ પાણી જ પાણી છે.

મદદ માટે એનડીઆરએફની ટિમને મોકલવામાં આવી હતી, પણ કમનસીબે તે ટ્રાફિક જેમમાં ફસાઈ ગઈ હતી. પરિણામે ગામના ૧૫ યુવાનોએ પોતાનો જીવ જોખમમાં મૂકીને છોકરીઓને બચાવી હતી.

યુવાનોને તેમની ઊંચાઈ અનુસાર ઊભા રાખવામાં આવ્યા હતા. જે છોકરાઓ તરી શકતા હતા તેમને આગળ મોકલવામાં આવ્યા. પાણીના જોરદાર પ્રવાહને કારણે દોરડું હાથમાંથી સરકી જતું હતું, તેથી દોરડું છોકરાઓના કમર સાથે પણ બાંધી દેવામાં આવ્યું હતું. આ પછી લગભગ એક કલાકના અથાક પ્રયાસો બાદ ત્રણે છોકરીઓને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવી હતી. આ ઘટનામાં કોઈ નુકસાન થયું નથી, પરંતુ ગામના યુવાનોએ પોતાની બહાદુરીનો પરિચય કરાવ્યો હતો. ■

# પહેલા વરસાદનો ફટકો: શાકભાજી મોંઘાં થયાં

નવી મુંબઈ: સતત બે દિવસથી ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાઈ જવાથી ટ્રાફિકની સમસ્યા વકરી ગઈ હતી. પરિણામે શાકભાજી અને ફળ એપીએમસી માર્કેટમાં સારી હાલતમાં નહોતા પહોંચી શક્યા. માંડ માંડ પહોંચેલા ફળો અને શાકભાજી વરસાદમાં પલળી જવાથી વેપારીઓને મોટા પ્રમાણમાં એ બધું કચરામાં ફેંકી દેવાની ફરજ પડી હતી. પરિણામે શાકભાજીની આવક ઘટતા ભાવ વધારા પર અસર પડી હતી. બે દિવસના વરસાદને કારણે શાકભાજી અને ફળોના મુંબઈમાં થતા પુરવઠા પર અસર થઈ. પરિણામે જથ્થાબંધ બજારમાં શાકભાજી ઓછા પ્રમાણમાં પહોંચ્યા હતા. પહોંચેલા શાકભાજી અને ફળો વરસાદમાં પલળી ગયા હતા. થયું એવું કે માર્કેટમાં પહોંચતાની સાથે એ બગડવા લાગ્યા હતા.

આ પરિસ્થિતિમાં જથ્થાબંધ બજારમાં જ શાકભાજીના ભાવમાં સરેરાશ ૩૦થી ૩૫ ટકાનો વધારો થયો હતો. ટામેટાં ૧૦-૨૦ રૂપિયા પ્રતિ કિલોથી વધીને ૩૦-૪૦ રૂપિયા થઈ ગયા હતા. ■

# ચાકુ હુલાવી હત્યા કરવાના કેસમાં આરોપી ૨૪ વર્ષે તલાસરીમાં પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાડું નકારવાને મુદ્દે થયેલા વિવાદમાં ચાકુ હુલાવી પ્રવાસીની કથિત હત્યા કરવાના કેસમાં ફરાર આરોપી ૨૪ વર્ષે તલાસરીમાં પકડાયો હતો.

મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસની ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૩ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીની ઓળખ હારુન અલી મુસ્તકિમ અલી સૈયદ (૪૩) તરીકે થઈ હતી. વધુ કાર્યવાહી માટે આરોપીને વિરાર પોલીસના તાબામાં સોંપાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ૧૪ ઑક્ટોબર, ૨૦૦૧ના રોજ વિરારમાં થયેલી મોહરમ અલી મોહમ્મદ ઈબ્રાહિમ અલી (૫૬)ની હત્યાના કેસમાં સૈયદ ફરાર હતો. મૂળ ઉત્તર પ્રદેશનો વતની અને વસઈમાં રહેતો સૈયદ તે સમયે રિક્ષા ચલાવતો હતો.

કહેવાય છે કે અલીએ અર્નાળા જવા માટે રિક્ષા ડ્રાઈવર સૈયદને પૂછ્યું હતું. સૈયદે ઇનકાર કરતાં તેમની વચ્ચે બોલાચાલી થઈ હતી. રોષમાં આવી આરોપીએ ચાકુથી હુમલો કરી અલીની હત્યા કરી હતી. આ પ્રકરણે વિરાર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસમાં અલીની હત્યા સૈયદે કરી હોવાની ખાતરી થઈ હતી, પરંતુ તે પોલીસને હાથ લાગતો નહોતો. આખરે પોલીસે આરોપી વિરુદ્ધ કોર્ટમાં આરોપનામું દાખલ કરી તેને ફરાર દર્શાવ્યો હતો.

દરમિયાન હત્યા જેવા ગંભીર ગુનાનો આરોપી પકડાયો ન હોવાથી તાજેતરમાં કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચને કરવાનો આદેશ અપાયો હતો. ■



# મુંબઈગરાની થયેલી હાલાકી માટે પખવાડિયું વહેલો આવેલો વરસાદ જવાબદાર

## સમીક્ષા બેઠકમાં પાલિકા કમિશનરનો સ્પષ્ટ મત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચોમાસાનું આગમન પખવાડિયા પહેલા થયું હોવાથી નાળાની સફાઈ, રસ્તા અને અન્ય કામ પર તેની અસર થઈ છે એ વાસ્તવિકતા છે. તેમ છતાં લોકોને સેવા સુવિધાને ધ્યાનમાં રાખીને વહેલામાં વહેલું બધા કામ પૂરા કરીને યંત્રણા સજ્જ રાખો એવો નિર્દેશ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ આપ્યો હતો.

બુધવારે પાલિકા મુખ્યાલયમાં આયોજિત સમીક્ષા બેઠકમાં કમિશનર ભૂષણગ ગરાણીએ કબૂલ કર્યું હતું કે ચોમાસું વહેલું આવી ગયું છે અને આગમન સાથે જ જોરદાર વરસાદ પડયો હોવાથી પાલિકાના કામ પર તેનું પરિણામ થયું છે. ખાસ કરીને નાળામાંથી ગાળ કાઢવાના કામમા મોટો અવરોધ ઊભો થયો છે. આમ છતા ચોમાસા સંબંધી કામમાં કોઈ પણ સ્થિતિમાં અવરોધ ઊભો થાય નહીં તે માટે અગાઉના આયોજનમાં યોગ્ય સુધારા કરી આવશ્યક તે ફેરફાર કરીને આગામી આઠથી દસ દિવસમાં નદી-નાળામાંથી ગાળ કાઢવાનું કામ પૂરું કરાવવું એવો આદેશ આપ્યો હતો. પાણી ભરાતા નીચાણવાળા વિસ્તારોમાં ૪૧૪ પમ્પ લગાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું એ બધે સ્થળે પમ્પ સેટ બેસાડવાની કામગીરી પૂર્ણ થઈ છે એને ચોક્કસાઈ કરવી, પમ્પિંગ યંત્રણા સ્થાપન કરીને કાર્યરત કરવાની કામગીરી ૨૪ કલાકમાં પૂરી કરાવવી. પમ્પ કામ કરે છે કે તેની ખાતરી કરી લેવી અને ૧૦ વેહિકલ માઉન્ટેડ પમ્પ ભાડા પર લેવામાં આવશે. આઠ દિવસમાં આ પમ્પ ઉપલબ્ધ થશે.

ભારે વરસાદની સ્થિતિમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ન ભરાય તે માટે પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવી. હાજીઅલી, લવ્હગ્રોવ, બ્રિટાનિયા વગેરે પમ્પિંગ સ્ટેશનમાં ફ્લડગેટ યોગ્ય સમયે અને યોગ્ય રીતે બંધ કરવા. દર બે કલાકે તેને ખોલ-બંધ કરીને તે કાર્યરત છે કે નહીં તે ચોક્કસાઈ કરવી. કૉંક્રીટીકરણના બાકીના કામ અને રસ્તાના ખાડા માસ્ટિકથી ભરીને પૂરા કરવા. વાહનવ્યવહાર માટે યોગ્ય બનાવવા આદેશ આપ્યો હતો.■

# એક્સપ્રેસ ટ્રેનમાં ડૉક્ટર પણ બન્યો ફટકા ગેન્ગનો શિકાર

થાણે: લાંબા અંતરની ટ્રેનમાં મુસાફરી કરી રહેલો ડૉક્ટર ગયા મહિને ફટકા ગેન્ગનો શિકાર બન્યો હતો. આરોપીએ ડૉક્ટરના હાથમાં લાકડીથી ફટકો માર્યો હતો અને તેનો ૧.૨૯ લાખ રૂપિયાની કિંમતનો મોબાઇલ લઇને તે ફરાર થઇ ગયો હતો.

દાતિલવી રેલવે સ્ટેશન નજીક ૨૮ એપ્રિલે રાતે આ ઘટના બની હતી, જેની ફરિયાદ ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)માં સોમવારે કરવામાં આવી હતી.

જીઆરપીના અધિકારીના જણાવ્યા અનુસાર ૩૦ વર્ષની વયનો ડૉક્ટર દાદર-હુબલી એક્સપ્રેસમાં પ્રવાસ કરી રહ્યો હતો.

ટ્રેન દાતિવલી સ્ટેશન નજીક આવતાં અજાણ્યા શખસે ડૉક્ટરના હાથ પર ફટકો માર્યો હતો, જેને કારણે તેનો મોબાઇલ નીચે પડી ગયો હતો.

હુમલાખોર બાદમાં મોબાઇલ લઇ ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ પ્રકરણે અજાણ્યા શખસ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■

# મહારાષ્ટ્ર સરકારે અહિલ્યાબાઈ હોળકર માટે તિજોરી ખોલી, ૬૮૧ કરોડને ખર્ચે સ્મારક વિકસાવવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં અહિલ્યાદેવી હોળકરના સ્મારકનું સંરક્ષણ અને વિકાસ ૬૮૧ કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળની મહાયુતિ સરકારે તાજેતરમાં પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોલકરના સન્માનમાં અહિલ્યાનગરમાં કેબિનેટની બેઠક યોજી હતી.

બુધવારે, રાજ્યના નાણાપ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે આ જાહેરાત કરી હતી.

અહિલ્યાદેવીના જન્મસ્થળ ચૌંડી ખાતે સ્થિત સ્મારકના વિકાસ માટે આયોજન વિભાગ તરફથી ૬૮૧ કરોડ રૂપિયાના ખર્ચને વહીવટી મંજૂરી આપી હતી. મહારાષ્ટ્ર સરકારે આ રકમ ભારતીય ઇતિહાસમાં કુશળ શાસકોમાંના એક તરીકે ઓળખાતા અહિલ્યાબાઈ હોળકરના સ્મારક માટે એવા સમયે જાહેર કરી છે જ્યારે આ મહિનાની ૩૧ મેના રોજ તેમના જન્મના ૩૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. સરકારે ૩૬ મહિનાની સમયમર્યાદા નક્કી કરી છે

અહિલ્યાદેવી હોળકરનું જન્મસ્થળ મહારાષ્ટ્રના અહિલ્યાનગર જિલ્લાના જામખેડ તાલુકાના મૌજે ચૌંડીમાં આવેલું છે. વિશ્વના મહાન મહિલા શાસકોમાંના એક અહિલ્યાદેવીના જન્મસ્થળ ચૌંડીમાં સ્મારક માટે મહારાષ્ટ્ર સરકારે મોટું બજેટ ફાળવ્યું છે. ■


## ક્લાસિફાઈડ

### ૧૪. નોકરી ખાલી છે

REQUIRED CA PASS Freshers part/ full time Churchgate, Whatsup: 7021831500. (B-16029)

### ૧૭. જગ્યા આપવી છે

**જુહુસ્કીમમાં-પાર્લામાં-અંધેરીમાં**

લીવલાયસંસથી-વેચાતામાં, સ્ટુડન્ટો, ફેમીલી માટે ૧થી ૪ બેડરૂમોના ફ્લેટો લેવા. રાજેશભાઈ: ૯૮૨૦૭૭૨૩૯૦. (૧૫૭૭૪-ડી)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**''ચર્નીરોડ''**

સ્ટેશન પાસે, બેઝમેન્ટ, ઓફિસ 312' ગોડાઉન - લેબ - ક્લાસીસ - સ્ટુડીયો, લીઝ - 35,000/- : 9867222020. (૧૫૯૪૪-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**TOTAL સમાધાન**

ફોન ઉપર - લવ પ્રોબ્લેમ - લગ્ન વિલંબ - જન્મ કુંડલી - વ્યાપાર - શત્રુ - છુટાછેડા. ડોંબીવલી (વેસ્ટ) - 9892085247. (એસડીબી-૨૬૪૦)

### ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૬૦૨૨)


# લાંચના કેસમાં પકડાયેલા સરકારી અધિકારીના ઘરમાંથી રોકડ સહિત ૬૭ લાખની મતા જપ્ત

છત્રપતિ સંભાજીનગર: પાંચ લાખ રૂપિયાની લાંચ માગવા બદલ પકડાયેલા સરકારી અધિકારીના નિવાસસ્થાનેથી ૧૩ લાખની રોકડ, સોનું અને ચાંદીના દાગીના સહિત ૬૭ લાખ રૂપિયાની મતા જપ્ત કરવામાં આવી હોવાનું એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)ના અધિકારીએ કહ્યું હતું. રેસિડન્ટ ડેપ્યુટી કલેક્ટર વિનોદ ખિરોલકર અને મહેસૂલ વિભાગના કર્મચારી દિલીપ ત્રિભુવનને મંગળવારે લાંચ લેવા બદલ તાબામાં લેવાયા હતા.

બંનેએ ફરિયાદી પાસે ૧૮ લાખ રૂપિયાની લાંચ માગી હતી અને પાંચ લાખ રૂપિયાનો પહેલો હપ્તો લેતી વખતે તેઓ રંગેહાથ પકડાયા હતા. દરમિયાન ખિરોલકરને તાબામાં લીધા બાદ તેની કેબિનમાંથી ૭૫ હજાર રૂપિયા જપ્ત કરાયા હતા. ત્યાર બાદ એસીબીના અધિકારીઓએ તેના નિવાસસ્થાને તપાસ કરી હતી અને ત્યાંથી ૧૩.૦૬ લાખની રોકડ, ૫૮૯ ગ્રામ સોનું અને ૩.૫ કિલોગ્રામ ચાંદીના દાગીના મળી આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# વિરોધ પ્રદર્શન કરનારા કર્મચારીઓના હુમલામાં સાત ઘવાયા: ૧૦ સામે ગુનો

થાણે: ફાર્માસ્યુટિકલ કંપની બહાર વિરોધ પ્રદર્શન કરનારા કર્મચારીઓએ હુમલો કરતાં સાત જણ ઘવાયા હોવાની ઘટના થાણે જિલ્લાના અંબરનાથમાં બની હતી. પોલીસે ૧૦ જણ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના સોમવારની બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. અંબરનાથમાં મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન (એમઆઈડીસી) વિસ્તારમાં આવેલી ફાર્મા કંપનીના કર્મચારીઓ કંપની બહાર દેખાવ કરી રહ્યા હતા. તે સમયે માણસોનું જૂથ કંપનીમાં જતું જોઈ કર્મચારીઓને શંકા ગઈ હતી. કર્મચારીઓ વિરોધ પ્રદર્શન શા માટે કરી રહ્યા હતા તે અંગે કોઈ સ્પષ્ટતા એફઆઈઆરમાં કરાઈ નહોતી. આરોપી કર્મચારીઓને શંકા હતી કે તેમના બદલીમાં કંપનીએ બીજા કર્મચારીઓને બોલાવ્યા છે. પરિણામે કર્મચારીઓએ તેમની સાથે વિવાદ કરી મારપીટ કરી હતી. જીવ બચાવવા માણસો ભાગવા લાગ્યા તો તેમનો પીછો કરવામાં આવ્યો. કંપનીમાં કામે જોડાયા તો જાનથી મારવાની ધમકી આપી બામ્બુથી તેમને ફટકારવામાં આવ્યા હતા.

શિવાજી નગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આ હુમલામાં ઘવાયેલા સાત જણને સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ પ્રકરણે ૧૦ કર્મચારી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૦, ૧૧૮(૧) અને ૧૧૮(૨), ૧૧૫(૨) તેમ જ ૩૫૨ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. બુધવારની મોડી સાંજ સુધી આ કેસમાં કોઈની પણ ધરપકડ કરાઈ નહોતી. (પીટીઆઈ)■

### શૅરબજારમાં રોકાણ પર આકર્ષક વળતર

# ભોજપુરી અભિનેતા સાથે ₹ ૯ લાખની છેતરપિંડી

મુંબઈ: શૅરબજારમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે સાયબર ઠગ ટોળકીએ ભોજપુરી અભિનેતા પાસેથી છેલ્લા બે મહિનામાં નવ લાખ રૂપિયા પડાવ્યા હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. બાંગુર નગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ગોરેગામમાં રહેતા ૫૧ વર્ષના અભિનેતા સુશીલ સિંહને ફેબ્રુઆરી, ૨૦૨૫માં ઝારખંડથી ડૉક્ટર મિત્રએ કૉલ કર્યો હતો. ખાનગી કંપની મારફત શૅરબજારમાં રોકાણ પર આકર્ષક વળતરની વાત ડૉક્ટરે કરી હતી. ડૉક્ટરે કંપનીના અધિકારીને અભિનેતાનો નંબર પણ આપ્યો હતો.

ફરિયાદમાં જણાવાયું હતું કે ૬ ફેબ્રુઆરીએ કંપનીની ફાઈનાન્શિયલ એડ્વાઈઝરે અભિનેતાને ફોન કરી રોકાણ સંદર્ભેની માહિતી આપી હતી. તેણે અભિનેતાને એક મેઈલ મોકલાવ્યો હતો, જેમાં આપેલી લિંક પરથી ઑનલાઈન એકાઉન્ટ ખોલવાનું જણાવાયું હતું.

શરૂઆતમાં રોકાણ તરીકે અભિનેતાએ બે હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં તેને મોટી રકમનું રોકાણ કરવા લલચાવાયો હતો. લાલચમાં આવી અભિનેતાએ ફેબ્રુઆરીથી માર્ચ દરમિયાન ૯.૦૮ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. ૧૪ માર્ચે સિંહે પોતાના ઈન્વેસ્ટમેન્ટમાંથી ૩૫ હજાર રૂપિયા કઢાવ્યા પણ હતા.

જોકે ૨૮ માર્ચે અભિનેતાના ઑનલાઈન એકાઉન્ટમાં ૮૪ લાખ રૂપિયા જમા હોવાનું દર્શાવાયું હતું, પરંતુ બીજે દિવસે તરત જ આ રકમ ઘટી ગઈ હતી. માત્ર ૧૪ હજાર રૂપિયા જમા હોવાનું દર્શાવાયું હતું. અભિનેતાએ કંપનીના અધિકારીનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. ■

છેલ્લા પાનાનું ચાલુ

## શાહની મહારાષ્ટ્રની મુલાકાત

અને ઠાકરે બ્રાન્ડને દૂર કરી શકાતી નથી.

### પ્રિયંકા ચતુર્વેદીનો સમાવેશ

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે ભાજપે 'ઓપરેશન સિંદૂર'ના સર્વપક્ષી પ્રતિનિધિમંડળમાં શિવસેના (યુબીટી)ની સાંસદ પ્રિયંકા ચતુર્વેદીનો સમાવેશ કરીને પહેલો સંકેત આપ્યો હતો. શિવસેના (યુબીટી)એ અગાઉ આ ટીમમાં કોઈપણ સાંસદનો સમાવેશ કરવાનો ઇનકાર કર્યો હતો, પરંતુ અંતે પ્રિયંકા ચતુર્વેદીને ટીમમાં સામેલ કરવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ આદિત્ય ઠાકરેએ કહ્યું હતું કે તેઓ વૈશ્વિક મંચ પર ભારતની એકતા માટે સરકાર સાથે છે, પરંતુ પાર્ટી ઘરેલુ મંચ પર સર્વપક્ષી બેઠક બોલાવવાની માગણી કરતી રહેશે. નિષ્ણાતો કહે છે કે અગાઉ પણ ભાજપ-શિવસેના વચ્ચે કડવા-મીઠા સંબંધો રહ્યા છે, પરંતુ યુબીટી સાથેની મિત્રતામાં એકનાથ શિંદેનું ભાવિ શું થશે? આ સૌથી મોટો પ્રશ્ન છે. ઉદ્ધવ ઠાકરે ભાજપમાં જોડાતા પહેલા શિંદેને દૂર કરવાની શરત મૂકી શકે છે, જોકે નિષ્ણાતો આવી કોઈપણ શક્યતાને નકારી રહ્યા છે. ■

## આજથી રસ્તા તથા

વરસાદી પાણીના નિકાલમાં અડચણ ઊભી થાય નહીં.મુખ્યત્વે રસ્તા અને ફૂટપાથ પર પડેલી રહેલા પથ્થર (કર્બસ્ટોન), પેવર બ્લોક, પ્રોજેક્ટ સાઈટ પર રહેલો કાટમાળ, નાળાની બાજુમાં ખાલી રહેલા પ્લોટ પર પડી રહેલો સામાન વગેરે સામાન પણ ભેગો કરવામાં આવશે. નદી, નાળાની સફાઈ પર ખાસ ધ્યાન આપવામાં આવશે, જેથી વરસાદી પાણીનો યોગ્ય રીતે નિકાલ થઈ શકે. ■

## સારો વરસાદ છતાં

પ્રતિદિન ૩,૯૫૦ મિલ્યન લિટર પાણીપુરવઠો કરવામાં આવે છે, તેમાંથી ૩૪ ટકા પાણી પાઈપલાઈનમાં થતા ગળતર અને ચોરીને કારણે વેડફાઈ જાય છે. બુધવારે સવારના જળાશયોમાં ૨,૧૨,૬૪૪ મિલ્યન લિટર એટલે કે ૧૪.૬૯ ટકા પાણી હતું તેની સામે ગયા વર્ષે આ જ સમયે ૧,૨૯,૬૩૨ મિલ્યન લિટર એટલે કે ૮.૯૬ ટકા અને ૨૦૨૩ની સાલમાં ૨,૦૦,૩૪૬ મિલ્યન લિટર એટલે કે ૧૩.૮૪ ટકા પાણીનો જથ્થો હતો. ■

## ગોરેગામમાં સગીરાએ

રેફ્યૂજી એરિયામાં બૅગ મૂકીને તે કૂદી પડી હોવાનું કહેવાય છે.

પોલીસને રેફ્યૂજી એરિયામાંથી બૅગ મળી હતી, જેમાં સગીરાનો મોબાઈલ ફોન પણ હતો. મોબાઈલના કવરમાંથી પોલીસને સુસાઈડ નોટ મળી આવી હતી, જેમાં પોતાની મરજીથી તે જીવન ટૂંકાવી રહી છે અને આના માટે કોઈને જવાબદાર ન ઠેરવવાનું સગીરાએ લખ્યું છે. આ પ્રકરણે આરે પોલીસે એડીઆર નોંધ્યો હતો.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે છેલ્લા છ વર્ષથી સગીરા ડિપ્રેશનથી પીડાતી હતી. તેની સારવાર પણ ચાલતી હતી. 'એક દિવસ બધાએ મરવાનું જ છે. તો આપણે શા માટે જીવીએ છીએ...' એવું સગીરા ડૉક્ટર સમક્ષ બોલતી હતી. ■

## સેના (યુબીટી)ના

હર્ષવર્ધન સપકાળે દરાડેની ધમકીને 'કાયર' ગણાવી હતી. 'રાહુલ ગાંધીના પિતા સ્વર્ગસ્થ રાજીવ ગાંધી અને દાદી સ્વર્ગસ્થ ઇન્દિરા ગાંધીએ ભારતની એકતા માટે પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું હતું. કોંગ્રેસ અને તેનું નેતૃત્વ આવી ધમકીઓથી ડરતું નથી,' એમ તેમણે પત્રકારોને જણાવ્યું હતું.

રાહુલ ગાંધીએ સાવરકર વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરી ન હતી, એવી સ્પષ્ટતા કરતાં તેમણે ઉમેર્યું હતું કે, 'તેમની ટિપ્પણીઓમાં ઐતિહાસિક સંદર્ભો છે. વાજપેયી સરકારના પ્રધાન (પત્રકાર અને લેખક) અરુણ શૌરીએ પણ સાવરકર પર એક પુસ્તક લખ્યું છે અને તે પુસ્તકમાં મોટાભાગના સંદર્ભો રાહુલ ગાંધીએ કહેલા છે. અમારા કાર્યકરો આવા ધમકીઓનો સામનો કરવા સક્ષમ છે,' એમ સપકાળે કહ્યું હતું. કોંગ્રેસના અન્ય નેતા અને ભૂતપૂર્વ રાજ્યકક્ષાના પ્રધાન યશોમતી ઠાકુરે કહ્યું હતું કે, તેમનો પક્ષ અહિંસામાં માને છે, પરંતુ ધમકીઓનો જવાબ આપવા સક્ષમ છે. રાહુલ ગાંધીએ ફક્ત ઇતિહાસમાં જે લખ્યું છે તેનું પુનરોચ્ચારણ કર્યું હતું. ■

## ડોંબિવલીમાં ૭૩ વર્ષની

છેતરપિંડી આચર્યા બાદ આરોપી ગાયબ થઇ ગયો હતો. પોતે છેતરાઇ હોવાનું ધ્યાનમાં આવતાં ફરિયાદીએ વિષ્ણુનગર પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરીને તેની શોધ આદરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

## નાળાસફાઈ, મીઠી નદીના

કરવામાં આવશે એવી લેખિતમાં માગણી પણ કરી હતી.

# દરિયાના ખારા પાણીને મીઠા બનાવવા ત્રીજી વખત ટેન્ડર બહાર પાડ્યાં

પશ્ચિમ ઉપનગરમાં મનોરી ગામમાં ૧૨ હેકટરના પ્લોટ પર ડિસેલિનેશન પ્લાન્ટ (ખારા પાણીને મીઠું કરવાનો) માટે અગાઉ બહાર પાડેલા ટેન્ડર માટે કોઈ કૉન્ટ્રેક્ટર આગળ નહીં આવતા આ પ્રોજેક્ટ માટે ત્રીજી વખત ટેન્ડર બહાર પાડવાની નામોશી પાલિકાને માથે આવી છે.

મનોરીમાં ઊભા કરવામાં આવનારા ડિસેલિનેશન પ્લાન્ટનો ઉદ્દેશ્ય દૈનિક ૨૦૦ મિલ્યન લિટર પાણી પૂરું પાડવાનો છે, જેમા ભવિષ્યમાં તેની ક્ષમતા ૪૦૦ એમએલડી સુધી વધારવાની જોગવાઈ છે. આ પ્રોજેક્ટ લગભગ ૩,૫૨૦ કરોડ રૂપિયાના ખર્ચે ચાર વર્ષમાં પૂરો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

ડિસેમ્બર, ૨૦૨૩થી આ કામ માટેની બિડિંગની સમયમર્યાદા અનેક વખત લંબાવવામાં આવી હોવા છતાં ૨૯ ઑગસ્ટ, ૨૦૨૪ની અંતિમ સમયમર્યાદા સુધીમાં પ્રોજેક્ટ માટે ફક્ત એક જ બિડ મળી હતી, તેને કારણે પાલિકાએ ટેન્ડર પ્રક્રિયા રદ કરી હતી અને ગાર્ગઈ ડેમ પ્રોજેક્ટ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

આ દરમ્યાન ભવિષ્યમાં બિડને વધુ વ્યવહારું તથા આકર્ષક બનાવવા માટે પાલિકાએ ટેન્ડરની શરતોમાં સુધારો કર્યો હતો અને બુધવારે નવી બિડ બહાર પાડી હતી, જેમાં ૨૬ જૂનની સબમિશનની અંતિમ તારીખ છે. ■

## પારસી મરણ

હોમી બેહેરામશા શરોફ તે મરહુમ ઓસ્તી ખોરશેદના ધની. તે મરહુમો ઓસ્તી મેહરબાઇ અને ઓસ્તા બેહેરામશા શરોફના દીકરા. તે ઓસ્તા જીમી, ફીરુઝા ને ફરઝાના ના પપ્પા. તે ગેવ તથા ભાવીનના સસરા. તે એરવદ મીનુંના ભાઇ. તે પરહીના મમાવા. (ઉં. વ. ૮૯) રે. ઠે. બમન હાઉસ, બીજે માળે, રૂમ. નં. ૭, ૨, હોમજી સ્ટ્રીટ, આર.બી.આઇ. આગળ, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૯-૫-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે માનેકજી સેથ અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ પેથાપર હાલ લાકડીયાના પંકજ ચુનીલાલ મુરજી છેડા (ઉં. વ. ૪૬) મુંબઇ મધ્યે સોમવાર તા.૨૬-૫-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ગોમાબેન મુરજી અરજણના પૌત્ર. કાંતાબેન ચુનીલાલના સુપુત્ર. લીનાના પતિ. મંત્ર, જહાનના પિતાશ્રી. નીતા, વિપુલના ભાઇ. મેકણ લધા ગડાના જમાઇ. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૯-૫-૨૫ના ૧૦.૩૦થી ૧૨. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, શ્રી કરસન લધુભાઇ નિસર હોલ, દાદર-વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ જુહુ પાર્લા સ્વ. કાંતાબેન છબીલદાસ હીરાચંદ શાહના સુપુત્ર સુમનભાઇ (ઉં. વ. ૭૭) તા. ૨૭-૫-૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે કિરણબેનના પતિ. વૈશાલી પારસ, ફોરમ સીમીતના પિતાશ્રી. તનય, આયુષ અને સામ્યાના દાદા. સ્વ. રમેશભાઇ, સ્વ. ભૂપેન્દ્રભાઇ, સ્વ. જગદીશભાઇ, દિલીપભાઇ, લીનાબેન, રાજેન્દ્રભાઇ, સુરેખાબેન તથા મહેશના ભાઇ. ભાવનગર નિવાસી શાહ વાડીલાલ જીવરાજના જમાઇ. પ્રાર્થનાસભા તા.૩૦-૫-૨૫ના શુક્રવારે ૫થી ૭. ઠે. ગાંધી હોલ, જલારામ હોલની પાછળ, એન. એસ. રોડ નંબર-૬, જે. વી. પી. ડી. સ્કીમ, વિલેપાર્લે (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાંગલપુરના પ્રભાબેન વિરજી કચ્ચુ કક્કા (ઉં. વ. ૭૮) તા. ૨૭-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. વીરજી કચ્ચુ કક્કાના ધર્મપત્ની. સ્વ. રાજેશના માતુશ્રી. નવાવાસના બાઇયાબાઇ શીવજી પાંચારીયાના સુપુત્રી. સ્વ. મુલબાઇ, ગં. સ્વ. તારાબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ઋષભ રાજેશ કક્કા, રેણુ વિહાર બિલ્ડિંગ, રૂમ. નં. ૩, ગ્રાઉન્ડ ફ્લોર, ગોલાની નાકા કોમ્પ્લેક્સ, વાલીવ, વસઇ (ઇસ્ટ).

**વિશા પોરવાડ ભીથરોટ જૈન**

બારડોલી નિવાસી હાલ બોરીવલી, સુરેશચંદ્ર કાંતિલાલ શાહ (ઉં.વ. ૮૨) ૨૭/૫/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે લત્તાબેનના પતિ. અનીશ-ડિમ્પલ, પીનલ-સોનલ, તૃપ્તિ હિતેશકુમાર શાહ, શેફાલી જતીનકુમાર વોરાના પિતા. બિપીનભાઈ, મધુબેન બાબુલાલ શાહ, સ્વ. અરુણાબેન બિપીનચંદ્ર શાહ, કલ્પનાબેન રાજેન્દ્રભાઇ શાહના ભાઈ. ધનાભાઈ તથા પરેશભાઈ સૌભાગ્યચંદ શાહના બનેવી. સાંચી, પાર્શ્વ, અવની, રાહીલ, કૃશાંગ, આર્યનના દાદા. પ્રાર્થનાસભા ૨૯/૫/૨૫ના ૧૦ થી ૧૨. વર્ધમાન સ્થા. જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

આંબરડી જોગીદાસ હાલ મુંબઈ, સ્વ. કાન્તાબેન રુગનાથભાઈ હેમાણીના પુત્ર ચંપકલાલ (ઉં.વ. ૮૯) સોમવાર તા. ૨૬/૫/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જ્યોત્સનાબેનના પતિ. પલ્લવી, વિજય, ભાવના અને પરેશના પિતા. નૂતન અને સ્વાતિના સસરા. સ્વ. ધીરજલાલ મથુરાદાસ અજમેરાના જમાઈ. રાજેશભાઈ, સ્વ. મૂળચંદભાઈ, રજનીભાઈ, અરવિંદભાઈ અને દિલીપભાઈના ભાઈ. લૌકીક વ્યહવાર બંધ છે.

**કચ્છી ગુર્જર જૈન**

ગામ અંજાર હાલે મલાડ, સ્વ. વર્ષા શાહ (ઉં.વ. ૫૭) તે દિપેશ શાહના ધર્મપત્ની. સ્વ. નિર્મલાબેન વિનોદભાઈ શાહના પુત્રવધૂ, યશ અને કીનીના મમ્મી. જાગૃતિ વિપુલ શાહ, સ્વ. કૃપેશભાઈ અને સ્વ. ડિમ્પલના ભાભી. કૃપા અને પ્રિયાના કાકી. ગામ માનુકવાના વિણાબેન વિરપાલ ગાંધીના દિકરી, તા. ૨૮-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૦-૫-૨૫ના ૪.૦૦ થી ૫.૩૦. ફ્લૅગ બેનકવેટ હોલ, લિબર્ટી ગાર્ડન રોડ નંબર ૩, મલાડ વેસ્ટ.

## હિન્દુ મરણ

**મોચી**

ગામ ગણોદ હાલ બોરીવલી સ્વ. નારણભાઇ પીતાંબરભાઇ મકવાણાના ધર્મપત્ની સ્વ. દિવાળીબેન (ઉં. વ. ૮૯) તા. ૨૬-૫-૨૫ના સોમવારના રામચરણ પામ્યા છે. તે પ્રવીણભાઇ, દિનેશભાઇ, દિલીપભાઇ, ગીરીશભાઇ, કંચનબેનના માતુશ્રી. લાભુબેન, નીમુબેન, કવિતાબેન કનુભાઇના સાસુ. મનોજભાઇ ધાર્મિક, કિષ્ણા મિનાક્ષીબેન, ધર્મેશ, નીતીન, ભાવિકાબેન, પીયુષ, મહેલ, કેનેરીબેનના દાદી. તેમની પ્રાર્થનાસભા તા.૨૯-૫-૨૫ ગુરુવારના ૫થી ૭. ઠે. લુહાર સુતારની વાડી, અંબાજી મંદિરની બાજુમાં, કાર્ટર રોડ નં.૩, બોરીવલી (ઇસ્ટ).

**ઈડર ઔદિચ્ય પિસ્તાલીસ**

ગામ કુકડીયા હાલ કાંદીવલી, કૌસ્તુભ ભાલચંદ્ર ત્રિવેદી (ઉં.વ. ૬૯) તે પ્રફુલ્લાબેનના પતિ. સાહેબ અને પૂજાના પિતા. દયાસાગર રેડીવારીના સસરા. કૈલાશબેન અને પદ્માબેનના પુત્ર. ભારતી અશ્વિન ભટ્ટ રાજીવ ત્રિવેદીના ભાઈ. ભારતીના જેઠ. સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદી અને શારદાબેન તથા સ્વ. અરવિંદ ત્રિવેદી અને વિજયાબેન જાનીના ભત્રીજા. સ્વ. લાભશંકર પીતાંબરદાસ જાનીના જમાઈ, તા. ૨૭-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩૦-૫-૨૫ના શુક્રવારે, ૫થી ૭. પી. ડી. ખાખર બેન્ક્વેટ હોલ (અસ્પી), લક્ષ્મીનારાયણ કમ્પાઉન્ડ, નૂતન હાઇસ્કૂલ પાસે, માર્વે રોડ, મલાડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ચલાળાવાળા હાલ કાંદિવલી, સ્વ. પુષ્પાબેન નટવરલાલ જયંતીલાલ ભુવાના પુત્રવધૂ અ. સૌ. રંજનબેન જીતેન્દ્રભાઈ ભુવા (ઉં.વ. ૬૫) ૨૫/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે કુણાલ-અ.સૌ. દીક્ષિતાના માતુશ્રી. સ્વ. રાજેન્દ્રભાઇ, સ્વ. કીર્તિભાઇ, યોગેશભાઈ, સરોજ હસમુખરાય ચિતલીયા, ગં.સ્વ. કોકિલાબેન વિનોદરાય મહેતાના ભાઈના પત્ની. પિયરપક્ષે દીપકભાઈ અનંતરાય ખુશાલદાસ દેસાઈ ખોપાળાવાળાના બહેન. મોસાળપક્ષે શિહોરવાળા સ્વ. નવનીતરાઈ હરિલાલ સંઘવીના ભાણેજ. સર્વપક્ષની પ્રાર્થનાસભા તા. ૨૯/૫/૨૫ના ૪ થી ૬. પાવનધામ, મહાવીરનગર, એમ.સી.એ ગ્રાઉન્ડ પાસે, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગોભવા મોઢ પોરેચા વણિક**

જૂનાગઢ નિવાસી હાલ બોરીવલી, રાજેશભાઇ રસિકલાલ શેઠ તથા હેમાલી શેઠના સુપુત્ર સાગર (ઉં.વ. ૩૨) તા. ૨૬/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે પૂજાના પતિ. સ્મિતના મોટાભાઈ. દર્શીત કીર્તિભાઈ કાપડિયા તથા પુનિતાના ભાણેજ. સ્વ. વિજયભાઈ, જયનાબેન તથા સંજયભાઈના ભત્રીજા. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૯/૫/૨૫ના ૫ થી ૭. લુહાર સુથારવાડી, અંબાજીમંદિરની બાજુમાં, કાર્ટર રોડ નં.૩, બોરીવલી ઇસ્ટ.

**વિશા સોરઠીયા વણિક**

કુતિયાણા ખાગેશ્રીવાળા હાલ નાલાસોપારા, સ્વ. મંજુલાબેન તથા સ્વ. મનસુખભાઇ પ્રભુદાસના પુત્ર મુકેશભાઈ (ઉં.વ. ૬૦) તે હર્ષાબેનના પતિ. હેત તથા સાક્ષી, રિદ્ધિના પિતા. પોરબંદરવાળા સ્વ. છોટાલાલ દેવજીભાઈના જમાઈ. ભારતીબેન, અલ્કાબેન, દીપકભાઈ, દીપકભાઈ, સચિન, મિલન, દિનેશભાઇ, હિતેશ, નેહલ, રેખાબેનના મોટાભાઈ, સ્વ. જયંતીભાઈ, સ્વ. વિનુભાઈ, સ્વ. હરિભાઈ, સ્વ. જયુભાઈ, સ્વ. લખુભાઈ, સ્વ. નવીનભાઈ, સ્વ. ભાનુબેન તથા હીરાબેનના ભત્રીજા. ઠે. યુનિક એવેન્યુ, રિદ્ધિવિનાયક હોસ્પિટલની સામે, નાલાસોપારા વેસ્ટ.

**ઇડર ઔદીચ્ય પિસ્તાળીસ જ્ઞાતિ**

ગામ ગાંઠિયોલ હાલ બોરીવલી, ચંદુલાલ જાની (ઉં.વ. ૮૪) તે ઉમિયાશંકર શિવશંકર જાની અને મંછાબેન જાનીના પુત્ર. સ્વ. વસુમતીના પતિ. સ્વ. દમયંતીબેન લાલજી વ્યાસ, જયંતીભાઈ જાનીના નાનાભાઈ. અ. સૌ. મનીષા જયેશ ભટ્ટ, દિવ્યેશના પિતા. જયેશકુમાર મણિલાલ ભટ્ટ, ઇસીતાના સસરા. સ્વ. નરોત્તમ કોદરલાલ વ્યાસ (ખેડ) અને સ્વ. શાંતાબેન વ્યાસના જમાઈ. રવિવારે તા. ૨૫-૫-૨૫ના દેવલોક પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૯-૫-૨૫ના ૪.૦૦ થી ૬.૦૦. પ્રાર્થનાસભા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સમાજ મુંબઈ, અશોકવન, હનુમાન ટેકડી, શિવવલ્લભ રોડ, દહિસર ઇસ્ટ.

**વડનગર દશા નાગર વણિક**

વડનગર નિવાસી હાલ મુંબઈ, પરમાનંદ ઈશ્વરલાલ પરીખ શનિવાર તા. ૨૪/૫/૨૫ના શ્રીજીચરણ થયા છે. ધર્મપત્ની ધર્મિષ્ઠાબેન. ભાઈ-ભાભી - નરેશભાઈ, અલકાબેન, બહેન-ઈલાબેન. પુત્રો- દીકરીઓ દેવાંગ, રુપેશ, કલ્પેશ, પૂર્ણિમા, દીપા, મોના. પુત્રવધૂ શિતલ, કવિતા, સોનિયા, જમાઈ - કૌશિક, નિખિલ, કંદર્પ. પ્રાર્થનાસભા તા. ૨૯/૫/૨૫ના ગુરુવારે ૪ થી ૬. ફ્લેટ નંબર ૧૦, પ્લોટ નંબર ૧૪૨, શ્રી કૃષ્ણ કિરણ સોસાયટી, ગારોડીયા સ્કૂલની સામે, ગારોડીયા નગર, ઘાટકોપર ઈસ્ટ.

**લુહાર સુથાર**

ગામ ભડી ભંડારીયાવાળા હાલ થાણા, સ્વ. દલપતભાઈ અમૃતલાલ હરસોરાના સુપુત્ર જયેશ હરસોરાના ધર્મપત્ની દક્ષાબેન (ઉં.વ. ૫૨) તા. ૨૭-૫-૨૫ના શ્રીરામચરણ પામ્યા છે. તે સ્વ. લવજીભાઈ ત્રીકમભાઈ પરમારની દીકરી. વિરેન અને પ્રતીકની મમ્મી. સોનલ અશોક, વૈશાલી ચેતનભાઇ અને ભાવનાના મોટાભાભી. તેમની સાદડી તા. ૨૯-૫-૨૫ના ૫.૦૦ થી ૭.૦૦. શ્રી લુહાર સુથારવાડી, કાર્ટર રોડ નં ૩, બોરીવલી ઇસ્ટ.

**શ્રીમાળી સોની**

સોરઠ વંથળીના હાલે બોરીવલી, ચીમનલાલ ઓધવજી સોની (વેડિયા)નાં પત્ની અ. સૌ. ધનલક્ષ્મી (ઉં.વ. ૭૧) તે સ્વ. રૂક્ષ્મણી રવિશંકર જોશી ચટ્ટમંદરા કચ્છ સુમરી રોહાવાળાનાં પુત્રી. ચિ. મિતેશનાં માતા. સ્વ. રમેશ, સ્વ. મુકેશ, સ્વ. હરેશનાં બહેન. ચંદનબેન રમેશ જોશીનાં નણંદ. તા. ૨૭-૫-૨૫ના રામશરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા રાખી નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હિન્દુ મેઘવાલ**

ગામ અધેવાડા ભાવનગર હાલ મુંબઈ, સ્વ. દેવશીભાઈ ભાણજીભાઈ જાદવ અને ગં. સ્વ. નિર્મળાબેન જાદવના નાના દિકરા. હિતેશભાઈ દેવશીભાઈ જાદવની લીલ પરણાવવાની વિધિ ગુરુવાર, તા. ૨૯મી મે ૨૦૨૫ના રોજ સવારની વિધિઃ ૧૧:૦૦ કલાકે બારમાની વિધિઃ સાંજે ૫:૦૦ કલાકે. ૧૪૦૨, હેમિલ્ટન રેસિડેન્સી, વાડી બંદર રોડ, મઝગાંવ, મું.૧૦.


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ

## વિશ્ર્વ તમાકુ નિષેધ દિવસ

# તંબાકુના ઘાતક પ્રહાર વચ્ચે ભારતીય પુરુષ ક્યાં છે?

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

દર વર્ષે ૩૧ મે ના રોજ ‘વિશ્ર્વ તમાકુ નિષેધ દિવસ’ મનાવવામાં આવે છે, જે તમાકુના સેવનથી થતી સ્વાસ્થ્ય સમસ્યાઓ અને તેનાથી બચવાના ઉપાયો વિશે જાગૃતિ લાવવા માટેનો એક મહત્ત્વપૂર્ણ દિવસ છે. ભારતમાં, તંબાકુનું સેવન એક ગંભીર જાહેર સ્વાસ્થ્ય સમસ્યા બની ગયું છે, ખાસ કરીને પુરુષોમાં. તંબાકુ માત્ર સિગારેટ કે બીડી પૂરતું સીમિત નથી. ગુટખા, પાન મસાલા, જર્દા, અને હુક્કા જેવા વિવિધ સ્વરૂપોમાં તેનું સેવન વ્યાપકપણે થાય છે. તંબાકુના આ દરેક પ્રકાર પુરુષોના સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે.

તંબાકુમાં નિકોટિન નામનું એક અત્યંત વ્યસનકારક રસાયણ હોય છે, જે મગજ પર સીધી અસર કરે છે અને વ્યક્તિને તેની લત લગાડે છે. આ ઉપરાંત, તંબાકુમાં ૭૦૦૦ થી વધુ રસાયણો હોય છે, જેમાંથી ૭૦ થી વધુ રસાયણો કેન્સરજનક છે. આ રસાયણો શ્ર્વાસ દ્વારા, ચાવવાથી કે ધૂમ્રપાન દ્વારા શરીરમાં પ્રવેશીને વિવિધ અંગોને નુકસાન પહોંચાડે છે અને લાંબા ગાળે ગંભીર રોગોનું કારણ બને છે.

ભારતમાં તંબાકુના કારણે થતા મૃત્યુના આંકડા ચોંકાવનારા છે. ‘વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન’ (WHO) અને ‘ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વે’ (GATS) ના અહેવાલ મુજબ, ભારતમાં દર વર્ષે લગભગ ૧.૩ મિલિયન (૧૩ લાખ) લોકો તંબાકુ સંબંધિત રોગોથી મૃત્યુ પામે છે. આમાંથી મોટાભાગના મૃત્યુ પુરુષોમાં જોવા મળે છે, કારણ કે પુરુષોમાં તંબાકુનું સેવન સ્ત્રીઓ કરતાં વધુ વ્યાપક છે. તંબાકુના કારણે થતા મૃત્યુનાં મુખ્ય કારણોમાં ફેફસાં- મોઢા- ગળા- અને અન્નનળીનાં કેન્સર ઉપરાંત હૃદય રોગ, સ્ટ્રોક, ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ (COPD), અને ટ્યુબરક્યુલોસિસ (ટીબી) નો સમાવેશ થાય છે. આ બધા રોગ વ્યક્તિના જીવનની ગુણવત્તા ઘટાડવાની સાથે સાથે પરિવાર અને સમાજ પર આર્થિક બોજ પણ ઊભો કરે છે.

શારીરિક સ્વાસ્થ્ય પર તંબાકુની અસરો અત્યંત વ્યાપક છે. તંબાકુનું સેવન પુરુષોનાં લગભગ દરેક અંગને અસર કરે છે, જેના કારણે અનેક ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ સર્જાય છે. કેન્સર એ તંબાકુનું સૌથી ભયાનક પરિણામ છે. ધૂમ્રપાન કરનારાઓમાં ફેફસાંનું કેન્સર થવાનું જોખમ ધૂમ્રપાન ન કરનારાઓ કરતાં ૧૫ થી ૩૦ ગણું વધારે હોય છે. ભારતમાં, તંબાકુ ચાવવાથી મોઢાનું કેન્સર, ગળાનું કેન્સર અને અન્નનળીનું કેન્સર વ્યાપકપણે જોવા મળે છે, જે પુરુષોમાં કેન્સરનાં મુખ્ય કારણોમાંનું એક છે. આ ઉપરાંત, તંબાકુ પેટ, સ્વાદુપિંડ, કિડની, મૂત્રાશય અને લોહીના કેન્સરનું જોખમ પણ અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે.

કેન્સર ઉપરાંત, તંબાકુ હૃદય રોગ અને સ્ટ્રોકનું મુખ્ય કારણ છે. તંબાકુમાં રહેલું નિકોટિન રક્તવાહિનીઓને સાંકડી બનાવે છે, જેનાથી રક્ત પ્રવાહ અવરોધાય છે. તે રક્ત ગંઠાવાનું જોખમ પણ વધારે છે, જે હાર્ટ એટેક અને સ્ટ્રોક તરફ દોરી શકે છે. ધૂમ્રપાન કરનારાઓને હૃદય રોગ થવાની સંભાવના બિન-ધૂમ્રપાન કરનારાઓ કરતાં ૨ થી ૪ ગણી વધારે હોય છે, જે એમના જીવનકાળને નોંધપાત્ર રીતે ટૂંકાવે છે.

શ્ર્વાસ સંબંધી રોગો પણ તંબાકુની ગંભીર આડઅસરો છે. તંબાકુનો ધુમાડો ફેફસાંને નુકસાન પહોંચાડે છે, જેનાથી ક્રોનિક બ્રોન્કાઇટિસ અને એમ્ફિસેમા (જેને સામૂહિક રીતે ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ - COPD કહે છે) જેવી બીમારીઓ થાય છે. આ રોગો વ્યક્તિની શ્ર્વાસ લેવાની ક્ષમતાને ગંભીર રીતે અસર કરે છે, જેના કારણે શ્ર્વાસ લેવામાં તકલીફ, કફ અને ઘરઘરાટી થાય છે. લાંબા ગાળે, આ રોગો જીવન માટે જોખમી બની શકે છે અને વ્યક્તિને દૈનિક કાર્યો કરવામાં પણ અસમર્થ બનાવી શકે છે.

પુરુષોના પ્રજનન સ્વાસ્થ્ય પર પણ તંબાકુની નકારાત્મક અસર થાય છે. તંબાકુનું સેવન શુક્રાણુની ગુણવત્તા ઘટાડી શકે છે, શુક્રાણુની ગતિશીલતા ઘટાડી શકે છે,જે નપુંસકતાનું કારણ બની શકે છે અને સંતાન પ્રાપ્ત કરવામાં મુશ્કેલી પડી શકે છે . પારિવારિક જીવન પર પણ તેની નકારાત્મક અસર થાય છે. આ સિવાય, તંબાકુ દાંત અને પેઢાના રોગો, દ્રષ્ટિ ગુમાવવી (જેમ કે મોતિયા અને



મેક્યુલર ડિજનરેશન), રોગપ્રતિકારક શક્તિ નબળી પડવી અને ઘા રૂઝાવવામાં વિલંબ જેવી અનેક સમસ્યાઓ નોતરે છે. તે ત્વચાને વૃદ્ધત્વના સંકેતો પણ ઝડપી બનાવે છે અને શરીરના હાડકાંને નબળા પાડે છે, જેનાથી ઓસ્ટીયોપોરોસિસનું જોખમ વધે છે.

**આ બધાનો ઉપાય શું ?**

તંબાકુના ઘાતક પ્રહારોથી બચવા માટે સૌથી મહત્ત્વપૂર્ણ પગલું તંબાકુનું સેવન સંપૂર્ણપણે બંધ કરવું એ છે. જો તમે તંબાકુનું સેવન કરો છો તો આજે જ તેને છોડવાનો નિર્ણય લો. આ નિર્ણય મુશ્કેલ હોઈ શકે છે, કારણ કે નિકોટિન એક શક્તિશાળી વ્યસનકારક પદાર્થ છે, પરંતુ તે અશક્ય નથી. તંબાકુ છોડવા માટેનો પ્રથમ અને સૌથી મહત્ત્વપૂર્ણ પગલું એ તમારો દ્રઢ નિર્ધાર છે. જ્યારે તમે મક્કમ થશો કે તમારે તંબાકુ છોડવું છે ત્યારે જ તમે આ કરી શકશો. તમારી જાતને યાદ કરાવો કે તમે શા માટે છોડવા માગો છો કદાચ તમારા સ્વાસ્થ્ય માટે, તમારા પરિવાર માટે, કે પછી લાંબુ અને સ્વસ્થ જીવન જીવવા માટે.

તંબાકુ છોડવામાં મદદ માટે ડોક્ટરની સલાહ લેવી ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. ડોક્ટર નિકોટિન રિપ્લેસમેન્ટ થેરાપી (NRT) જેવી દવાઓ (જેમ કે નિકોટિન ગમ, પેચ, ઇન્હેલર) અથવા અન્ય પ્રિસ્ક્રિપ્શન દવાઓ સૂચવી શકે છે, જે નિકોટિનની તલપ ઘટાડવામાં અને ઉપાડનાં લક્ષણોને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. ભારતમાં ઘણા વ્યસન મુક્તિ કેન્દ્રો પણ છે , જે તંબાકુ છોડવામાં મદદ કરવા માટે કાઉન્સેલિંગ અને સપોર્ટ પૂરા પાડે છે. આ કેન્દ્રોમાં અનુભવી સલાહકારો હોય છે જે વ્યક્તિને વ્યસનમાંથી બહાર આવવા માટે વર્તણૂકલક્ષી થેરાપી અને માર્ગદર્શન આપે છે. સમર્થન જૂથોમાં પણ જોડાવાથી પણ સમાન અનુભવો ધરાવતા લોકો પ્રોત્સાહન પૂરું પાડે છે. તમારા પરિવાર અને મિત્રોનો સહયોગ મેળવવો પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. એમને તમારા તંબાકુ ત્યાગવાના નિરાધાર વિશે કહો એમનો ટેકો પ્રોત્સાહન તમને ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની શકે છે. તમને તંબાકુ છોડવા માટે શું પ્રેરિત કરે છે તે શોધો અને તેને તમારી પ્રેરણા તરીકે હંમેશા યાદ રાખો.

તંબાકુની તલપ આવે ત્યારે અન્ય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહો. કસરત કરવી, પુસ્તક વાંચવું, શોખ પૂરા કરવા, કે મિત્રો સાથે સમય વિતાવવો જેવી પ્રવૃત્તિઓ મનને વ્યસનથી દૂર રાખવામાં મદદ કરી શકે છે. શારીરિક પ્રવૃત્તિ તણાવ ઘટાડવામાં અને મૂડ સુધારવામાં પણ મદદરૂપ થાય છે.

તંબાકુના સેવન કરવા પ્રેરે- ઉશ્કેરે એવી વાત એવાં ટ્રિગર્સ ઓળખો અને ટાળો. તેનો સામનો કરવા માટે વૈકલ્પિક વ્યૂહરચનાઓ વિકસાવવાનો પ્રયાસ કરો.

ઉદાહરણ તરીકે, જો તમને ભોજન પછી તંબાકુ લેવાની આદત હોય, તો ભોજન પછી તરત જ દાંત સાફ કરો, પાણી પીવો અથવા ચ્યુઇંગ ગમ મમળાવો.. એક સાથે બધું છોડવાને બદલે, નાનાં લક્ષ્ય નક્કી કરો. (‘આ અઠવાડિયે હું એક સિગારેટ ઓછા પીશ’) જ્યારે તમે આ લક્ષ્યો પ્રાપ્ત કરો ત્યારે તમારી જાતને યોગ્ય પુરસ્કાર આપો.

- અને છેલ્લે, નિષ્ફળતાથી નિરાશ ન થાઓ. જો તમે ફરીથી તમાકુનું સેવન કરી લો, તો નિરાશ ન થાઓ. વ્યસનમાંથી બહાર આવવું એ એક પ્રક્રિયા છે. ફરીથી પ્રયાસ કરો અને ભૂતકાળની ભૂલોમાંથી શીખો કે કઈ પરિસ્થિતિઓમાં તમે નબળા પડ્યા અને તેમાંથી કેવી રીતે બચી શકાય એદ વિશે વિચારો...

આમ આરોગ્યપ્રદ અને તમાકુ મુક્ત જીવન જીવવું એ ફક્ત વ્યક્તિગત પસંદગી નથી, પરંતુ એ તમારી એક પારિવારિક - એક સામાજિક જવાબદારી પણ છે. ■



## ડિયર હની... તારો બન્ની

### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# આ પત્નીઓ મલ્ટીટાસ્કિંગ કઈ રીતે કરી શકે છે?!

ડિયર હની,

હમણાં આપણા ઘેર કેરીનું જમણ હતું . પંદરેક લોકો જમવાના હતા, પણ તારા ચહેરા પર મેં જરા ય ટેન્શન જોયું નહોતું. સવાર સાડા અગિયાર વાગ્યા ત્યાં સુધીમાં તો બધું તૈયાર થઇ ગયું હતું. બે શાક, એક દાળ, બે ફરસાણ, કેરીનો રસ, ફજેતો અને બાકીનું બધું ...ભરેલ ભાણું કહેવાય એવી રસોઈ હતી. હું ક્યારેક વિચાર કરું છું તો પ્રશ્ન થાય છે કે, એકલા હાથે આ બધું કામ પાર કઈ રીતે પાડે છે? બા એટલે કે તારા સાસુ હતા ત્યારે પણ આવો પ્રશ્ન થતો હતો.

બા તો અન્નપૂર્ણા જ કહેવાતાં. એ ખાવાના તો શોખીન હતા જ પણ ખવડાવવામાં પણ એટલા જ પ્રેમાળ. એમની પાસે એટલી બધી વાનગીઓ હાથવગી રહેતી કે, તરલા દલાલની રેસીપી બુક ફિક્કી પડી જાય. મેં તો એમને એક સાથે ૨૫-૫૦ લોકોની રસોઈ એકલા હાથે તૈયાર કરતાં જોયાં છે. સવારે વહેલા ઊઠી જાય અને કામકાજ શરૂ કરી દે અને ઘરની વહુઆરુ આવે ત્યાં સુધીમાં તો લગભગ રસોઈ તૈયાર થઇ ગઈ હોય. માત્ર પૂરી કે રોટલી જ બાકી રાખી હોય.

બાનું મલ્ટીટાસ્કિંગ તો તહેવારોમાં જોવા મળે. સાતમ આઠમના તહેવારો હોય કે દિવાળી. દિવાળીએ તો વિધવિધ નાસ્તાઓ માટે એમને આસપાસના લોકોનાં આમંત્રણ આવતા. મને બરાબર યાદ છે કે ઘરના લોકોનાં ચા- પાણી પતે એટલે એમનું કામ શરૂ થાય. ટાઈમટેબલ ફિક્સ હોય. બધાને કહી રાખ્યું હોય કે, તમારા ઘેર આટલા વાગે આવીશ, બધું તૈયાર રાખજો. બે પાળીમાં કામ ચાલે. દિવસમાં પાંચ છ ઘરનાં નાસ્તા કરી આવે. અને દિવાળીના આગલા દસ બાર દિવસથી એમનું આવું ટાઈટ શિડ્યુલ શરૂ થતું. અને આ બધામાં અમારે બપોરે કે રાત્રે જમવામાં મોડું થયું હોય કે, વેઠ ઉતારી હોય એવું ક્યારેય ના બનતું. હા, રાત પડે તો બા થાકી જતાં.

તું પણ બા પાસેથી ઘણું શીખી છો. કેટલીક વાનગી બનાવ ત્યારે મને બા જ યાદ આવી જાય છે. બાળકોને કેમ તૈયાર કરવા, જમાડવા એમાં પણ તારી હથરોટી....

ખબર નહિ, આવું બધું એકસાથે તમે-પત્ની-ગૃહિણી કઈ રીતે કરી શકો છો? પુરુષ તો નોકરીએથી ઘેર આવે તો થાકી ને ઠૂસ થઇ જાય છે અને પછી બીજું કોઈ કામ કહો તો તુરંત કહે છે, ‘બહુ થાકી ગયો છું, હવે કશું નહિ થાય...’ ઘરની મહિલા સભ્યોને આવી આઝાદી મળતી નથી. એ તો બીમાર હોય તો પણ ઘરની રસોડું જરૂર સંભાળે છે. એમાં જો મહિલા નોકરી કરતી હોય તો એના માથે બે જવાબદારી આવી પડે છે. ઘરની અને ઓફિસની. એ ઘડિયાળનાં કાંટે કામ કરે છે. આવું કઈ રીતે થઇ શકે? એવો પ્રશ્ન કેટલા પુરુષને થાય છે? થતો હોય તો એના કારણો શોધવાની દરકાર કરી છે? આવું શા માટે બની શકે છે એના કેટલાક સામાજિક અને વૈજ્ઞાનિક કારણો અને તારણો છે. તને પણ ખબર નહિ હોય એવા આ જવાબો છે.

દુનિયામાં એવા ઘણાં બધાં સંશોધન થયાં છે એ જે દર્શાવે છે કે, મહિલાઓના મગજમાં ‘કોર્પસ કેલોસમ’ નામનો પદાર્થ હોય છે જે મગજના બંને ગોળાર્ધોને જોડે છે, તે પુરુષોની સરખામણીમાં થોડું વધુ સક્રિય હોઈ છે. આનાથી મગજના વિવિધ ભાગો વચ્ચે માહિતીનું આદાન-પ્રદાન ઝડપી થાય છે, જે મલ્ટીટાસ્કિંગમાં મદદ કરે છે. ઉપરાંત ‘ઈસ્ટ્રોજન’ જેવા હોર્મોન્સ મહિલાઓના મગજની કાર્યક્ષમતા અને ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતાને વધારે છે, જે એકસાથે બહુવિધ કાર્યો સફળતાથી પાર પાડવામાં સહાયક બને છે. આ થયાં વૈજ્ઞાનિક કારણો, પણ સામાજિક અને બીજા કારણો પણ હોય છે. મોટાભાગના પરિવારોમાં મહિલાઓ પર પરિવાર, ઘરની જવાબદારીઓ, બાળકોની સંભાળ અને કામકાજનું સંચાલન એકસાથે કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. આનાથી એ મલ્ટીટાસ્કિંગમાં નિષ્ણાત બને છે. આજ કારણે મહિલાઓને બાળપણથી જ ઘરનાં કામો, ભાઈ-બહેનોની સંભાળ અને અભ્યાસ જેવી બહુવિધ જવાબદારીઓ નિભાવતી હોય છે, જે એમની મલ્ટીટાસ્કિંગ કુશળતાને વિકસાવે છે. અલબત, હવે નવી પેઢીમાં આવું ઓછું જોવા મળે છે. મનોવિજ્ઞાનની વાત કરીએ તો મહિલાઓમાં ઘણીવાર ઉચ્ચ ભાવનાત્મક બુદ્ધિ (emotional intelligence) અને ઝડપથી પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવાની ક્ષમતા હોય છે. આ એમને બદલાતી પરિસ્થિતિઓમાં ઝડપથી અનુકુળ થઇ જવાની માનસિકતા એને એકસાથે અનેક કાર્યો સંભાળવામાં મદદ કરે છે. આ ઉપરાંત, મહિલાઓમાં ધ્યાનને વિભાજિત કરવાની ક્ષમતા વધુ હોઈ શકે છે, જે તેમને એકસાથે વિવિધ કાર્યો પર ફોકસ કરવામાં સક્ષમ બનાવે છે. બોલ, આનાથી વધુ કારણો કેટલા હોય! પણ મોટાભાગે અમે એટલે કે પુરુષો મહિલાઓની મલ્ટીટાસ્કિંગ સ્કીલને વધાવતા નથી. વધાવીએ તો એમાં કરકસર કરીએ છીએ. સુપ્રીમ કોર્ટે પણ કહ્યું છે કે, ઘરમાં કામકાજી મહિલા છે એ પણ કાંઈ ઓછું કામ કરતી નથી. પુરુષ કામ કરે છે એનાથી વધુ કામ સ્ત્રી કરે છે અને એને પગાર આપવો પડે તો ઘણો બધો આપવો પડે. સલામ છે તારા મલ્ટી ટાસ્કિંગને...!

તારો બન્ની.

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી


# પહેલું સુખ તે જાતે...

હર્ષાબેન અને હરેશભાઈ ૭૦ વર્ષના સ્વસ્થ. બે દીકરી સુખી પરિવારમાં પરણાવી દીધેલી. હરેશભાઈ તો હજુ પણ વ્યવસાયમાં વ્યસ્ત. સવારે નવ વાગે ટિફિન લઈને નીકળી જાય તે સાંજે સાત વાગે ઘેર પાછા ફરે. હર્ષાબેન પોતાની અને પતિની તબિયતનું બહુ ધ્યાન રાખે. એ હંમેશાં કહે: ‘પહેલું સુખ તે જાતે નર્યા.’ શરીર સ્વસ્થ હશે તો મન પણ સ્વસ્થ રહેશે. સ્વાસ્થ્ય સારું હોય તો ખાવુંપીવું, હરવુંફરવું, પહેરવું- ઓઢવું, કામ કરવું બધું જ ગમે. મજા આવે. હા, જો સ્વાસ્થ્ય નબળુ હોય તો કોઈ ચીજમાં મન લાગે નહીં. હર્ષાબેન પોતે તો સ્વાસ્થ્યપ્રદ આહાર જ લે. તીખું, તળેલું, ઠંડું, વાસી ખાવાનું ક્યારેય ન ખાય ન પતિને ખવડાવે.

હર્ષાબેન વર્ષો પહેલાં એક જાણીતી ઈન્સ્ટિટ્યુટમાંથી યોગની તાલીમ લીધી હતી અને યોગ વિષયક બધી પરીક્ષા પણ પાસ કરી હતી. હર્ષાબેન પોતે રોજ યોગ, મેડિટેશન વગેરે કરતાં હતાં . યોગ અને ધ્યાન કરવાથી એમને શારીરિક અને માનસિક રીતે બહુ સારું લાગતું હતું. બહુ સ્ફૂર્તિ રહેતી હતી. વર્ષોથી એમનો આ ઉપક્રમ ચાલુ હોવાને કારણે બીમારી એમનાથી સો ગાઉ દૂર રહે છે. એમને આજ સુધી થાયરોઈડ, બ્લડપ્રેશર કે ડાયાબિટીસ જેવી સામાન્યપણે દરેકને થતી બીમારી લાગુ પડી નથી.

હર્ષાબેનને યોગ-ધ્યાન કરતા જોઈને એમનાં સગાં સ્વજનો --બહેનપણીઓ બધાં હર્ષાબેનને કહેવા લાગ્યાં કે, ‘અમને પણ યોગ-ધ્યાન વગેરે શીખવો તો અમને પણ સારાં સ્વાથ્યનો લાભ મળે.’

હર્ષાબેનને લાગ્યું કે એ લોકોની વાત તો સાચી છે. આમ પણ હરેશભાઈ કામ ધંધે નીકળી જાય પછી પોતાની પાસે સમય જ સમય હોય છે....



હર્ષાબેને જે બે-ચાર બહેનો,જેમને રસ હતો તેઓને યોગ શીખવવાનું શરૂ કર્યું. શરૂઆતમાં તો બહેનો એમના ઘેર આવતી, . પણ ધીમેધીમે લોકોને હર્ષાબેન યોગ શીખવે છે એ વાતની ખબર પડતી ગઈ. વળી હર્ષાબેન પોતે આર્થિક રીતે સમૃદ્ધ હોવાને કારણે યોગ શીખવવા માટે કોઈ ફી લેતાં ન હતાં. નિ:શુલ્ક શીખવાનો લાભ મળતો હોવાને કારણે શીખવા આવનાર બહેનોની સંખ્યા વધતી ગઈ. હર્ષાબેનના ફેમિલી ડોક્ટર પણ પોતાના દર્દી બહેનોને દવા સાથે હર્ષાબેનના યોગા ક્લાસમાં જવાની સલાહ આપવા લાગ્યા. હર્ષાબેનને ત્યાં આવતી એક બહેન કોઈ મંદિરમાં ટ્રસ્ટી હતાં. એ બહેને હર્ષાબેનને ઓફર કરી : ‘બેન, મારા મંદિરના હોલ મોટો છે ત્યાં આવીને આપ યોગા શીખવી શકો છો.’

‘ભાડાનું શું?’ હર્ષાબહેનને જવાબ મળ્યો :

‘અરે, બહેન તમે ફી લીધા વિના નિઃસ્વાર્થ ભાવે સમાજની સેવા કરી રહ્યા છો તો અમને્ ભાડું નથી જોઈતું...!

હર્ષાબેન તો રાજીરાજી થઈ ગયાં. એક જ સેશનમાં ઘણીબધી બહેનોને શીખવી શકાશે એવી ગોઠવણ થઇ જતાં મંદિરના હોલમાં વર્ગો ચાલુ થઈ ગયા.

બધુ સરસ ચાલતું હતું. એ દરમિયાન હર્ષાબેનની બે દીકરીની ઈચ્છા એવી કે માતા-પિતાની ઉંમર થવા માંડી છે એટલે આજુબાજુમાં રહેતી એ બન્ને દીકરીએ માતા-પિતાને પણ એમની નજીક ફલેટ લઈને રહેવા બોલાવી લીધાં. આ નવા ઘરમાં હોલ મોટો હતો. અહીં બહેનો યોગ-ધ્યાન શીખવા આવવા લાગી.

ક્લાસ ચાલતા હતા એ દરમિયાન કોરોના ત્રાટક્યો. કોરોના આવવાને કારણે બહેનોનું ક્લાસમાં આવવાનું બંધ થઈ ગયું. કોરોનાનો પ્રકોપ લાંબો ચાલ્યો એટલે પોતાની પુત્રીઓની સલાહથી ઓનલાઈન ક્લાસ શરૂ કરવાની સલાહ આપી પછી શરૂ થયાં હર્ષાબેનના ઓનલાઈન યોગા ક્લાસ. આમ ઘેર બેઠાં યોગ શીખી શકાય એવી ગોઠવણ થઈ જતાં કોરોના કાળ પછી પણ આજે હર્ષાબેનના ઓનલાઈન યોગાના ક્લાસ ધમધોકાર ચાલે છે અને અનેક બહેનો હર્ષાબહેન પાસેથી યોગ શીખીને પોતાની તબિયત ફાઈન રાખતાં થઈ ગયાં છે.... ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com



## માની જેમ નશામાં મારી જાતને વેડફી નહીં જ નાખું... હું કંઈક બનીશ!

(ભાગ: ૨)
**નામ: ડેમી મૂર**
સમય: ૨૦૨૫
સ્થળ: હેલી, ઈડાહો
ઉંમર: ૬૨ વર્ષ

મારા માતા-પિતાના ઝઘડા એટલા બધા વધારે હતા કે અમને-મને અને મોર્ગનને એમના ઝઘડાથી હવે આઘાત લાગવાનો બંધ થઈ ગયો હતો. ડેનીએ આપઘાત કર્યો એ પહેલાં અમારા ઘરમાં ઘણી ઘટનાઓ બની ગઈ. હવે વિચારું તો સમજાય છે કે, ડેની ખૂબ સારો માણસ હતો. મારી મા જીની-વર્જિનિયા ચાર્લ્સ હર્મનના પ્રેમમાં પાગલ હતી, પરંતુ ચાર્લ્સે એને છોડી દીધી, એ પછી ડેનીએ એની સાથે લગ્ન તો કર્યાં, પરંતુ મારી મા કદાચ પત્ની કે ગૃહિણી બનવા માટે સર્જાઈ જ નહોતી. બે બાળકોની માતા હોવા છતાં એ ટીનએજર જેવા કપડાં પહેરતી. એક્સેન્ટમાં વાત કરતી. એટલો બધો ખર્ચો કરતી કે ડેની માટે પહોંચી વળવું અઘરું થઈ જતું. મારી માના ખર્ચા ચૂકવવા માટે ડેની જુગાર રમતો... પૈસા હારી જાય ત્યારે બંને જણાં શરાબ અન ઊંઘની ગોળીઓના નશામાં દિવસો સુધી પડ્યા રહેતા. ટૂંકમાં, મારું બાળપણ કંઈ યાદ રાખવા જેવું કે મીઠી સ્મૃતિ ધરાવતું સમય નહોતું જ! હું પ્રી-ટીનમાં હતી ત્યારે મારી માને મારી નાનીએ થેરાપી લેવાની સલાહ આપી. એણે એક રોજર નામના ડોક્ટર (સાયકિયાટ્રીસ્ટ) પાસે થેરાપી લેવાની શરૂઆત કરી. એક મહિનો પણ નહીં થયો હોય અને મારી મા એક દિવસ ઘરે આવી! એણે કહ્યું, 'આપણે બે જણાં ઘરમાંથી નીકળી જઈએ છીએ. હોટેલમાં રહીશું. હું અને તારા પિતા છૂટાછેડા લેવાના છીએ.' મેં પૂછ્યું, 'અને મોર્ગન?' મારી માએ કહ્યું, 'એને ડેની રાખશે...' મારી મા ઉત્સાહમાં પેકિંગ કરતી હતી, ગીત ગણગણતી હતી. મને નવાઈ લાગી, ઘર છોડવાનો આટલો ઉત્સાહ! મેં ડેનીને પૂછ્યું, 'તું મને નહીં રાખે?' ડેનીએ મારા માથે હાથ ફેરવીને જવાબ આપ્યો, 'જીની જે નક્કી કરે એ મને માન્ય છે.' પરંતુ, જીની મને એની સાથે લઈ જવા કટિબદ્ધ હતી. અમે નીકળી ગયા...

મારી માને ભાગ્યે જ પોષાય એવી એક હોટેલમાં અમે રૂમ લીધો. મારી માએ મને કહ્યું કે, ડોક્ટર રોજર અમારા બંનેનું ધ્યાન રાખશે, એ અમારા માટે ઘર ખરીદશે. થોડીવારમાં રોજર આવી પહોંચ્યો. ભૂરી આંખોવાળો, રેતી જેવા રંગના વાળ ધરાવતો હેન્ડસમ માણસ હતો. મારી મા અને રોજર મને હોટેલના રૂમમાં મૂકીને ડેટ પર જતા. હું સ્કૂલેથી આવું ત્યારે રોજર મને અમારા રૂમમાં જ મળતો. થોડા સમયમાં મારી મા અને રોજરે એક ઘર ભાડે રાખ્યું. હું ડેની અને રોજરની વચ્ચે ઘરો બદલતી રહી. ફરી એક દિવસ, મારી મા અમારા ભાડે રાખેલા અપાર્ટમેન્ટમાં આવી. એણે કહ્યું, 'ચાલ આપણે ગૂપચૂપ એક રોડ ટ્રીપ પર જઈએ...' અમે બધો સામાન ભરવા લાગ્યા. મને નવાઈ લાગી. રોડ ટ્રીપ પર જવા માટે બધા સામાનની ક્યાં જરૂર છે! 'યુ-હાઉલ'માં બધો સામાન ભરીને અમે નીકળ્યા. એ મને સમજાવતી રહી-ફોસલાવતી રહી કે અમે દૂર દૂરની રોડ ટ્રીપ કરીશું, પરંતુ હું એટલી બધી નાની નહોતી કે સમજી ન શકું. રોજર સાથેના સંબંધો પૂરા થયા હતા અને એણે અપાર્ટમેન્ટ ખાલી કરવાની નોટિસ આપી દીધી હતી!

એ પછીના થોડા દિવસોમાં અમે નેસવીલમાં સેટલ થવાનો પ્રયત્ન કર્યો. નેસવીલમાં અમે ૬ અપાર્ટમેન્ટ બદલ્યા. નવા મહિનાના બિલ આવવાની શરૂઆત થાય એ પહેલાં અમે ઘર બદલી નાખતા.

એક દિવસ ડેની મને શોધતો આવ્યો ત્યારે એણે જોયું કે, મા શરાબના નશામાં ધૂત પડી હતી અને બે દિવસથી કશું ખાધું નહોતું. ડેની મને લઈને નીકળી ગયો. મારી મા જ્યારે જાગી ત્યારે એણે ડેનીને ફોન કરીને ભયાનક ઝઘડો કર્યો એટલું જ નહીં, એની દીકરીને કીડનેપ કરવા બદલ એ ડેની ઉપર પોલીસ ફરિયાદ કરશે એવી ધમકી પણ આપી. ડેની ખરેખર સારો માણસ હતો! એણે મારી માને ફરી ઘરમાં પ્રવેશ આપ્યો, પણ આ વખતે મારી મા નોકરી કરશે એવી શરત સાથે.

અમે બધા કેલિફોર્નિયા શિફ્ટ થઈ ગયા. રેડોન્ડો બીચ ઉપર એક નાનકડો અપાર્ટમેન્ટ ભાડે લીધો. એ ઘરમાં મારી માએ વર્જિનિયા કિંગ અને ડેની જીનનું નામ લખવાને બદલે ડેનીના ભાઈ જ્યોર્જ અને મારી કાકી ડિઆન્નાના નામે ઘર ભાડે લીધું. લેણદારોથી બચવાનો આ સરળ રસ્તો હતો! જોકે, અહીં પણ શરાબ, જુગાર, એક્સ્ટ્રા મેરિટલ અફેર અને ઝઘડાની પરિસ્થિતિ તો એ જ હતી! થોડા વખત પછી જ્યોર્જ અને ડિઆન્નાને અમારી ચિંતા થઈ. એ લોકોએ અમારા જ અપાર્ટમેન્ટના કેમ્પસમાં ઘર ભાડે લેવાનું નક્કી કર્યું ત્યારે એમને ખબર પડી કે, એમના નામે તો ઓલરેડી એક અપાર્ટમેન્ટ ભાડે લેવાઈ ચૂક્યું હતું. જોકે, એ લોકોએ બહુ વિરોધ ન કર્યો. જ્યોર્જ એના ભાઈને ઓળખતો હતો... એમને બાળકો નહોતાં એટલે ડિઆન્ના મારી સાથે ખૂબ પ્રેમ રાખતી. એ મારાથી છ જ વર્ષ મોટી હતી, એટલે અમે કાકી-ભત્રીજી ઓછા અને મિત્રો વધારે હતા.

હું કેલિફોર્નિયામાં જે સ્કૂલમાં જતી હતી ત્યાં મારી ઓળખાણ મારી ઉંમરના અને થોડા મોટા ટીનએજર્સ સાથે થવા લાગી. એમાં એક છોકરી, એડ્રિઆન મારી મિત્ર બની. એના ઘરમાં પણ સતત ઝઘડા ચાલતા. એના માતા-પિતા એકબીજાને મારતા, દર છ મહિને એક પોલીસ ફરિયાદ થતી! એડ્રિઆન અને મારી દોસ્તી જામી ગઈ કારણ કે, અમને બંનેને રખડવું ગમતું-ઘરે જવાનું મન થતું નહીં! એડ્રિઆને મને હાર્ડલિકર અને સિગરેટનો ચસકો લગાડ્યો.

એક દિવસ સ્કૂલમાં સિગરેટ પીતાં હું પકડાઈ ગઈ. મારા માતા-પિતાને બોલાવવામાં આવ્યાં, પરંતુ માતા-પિતા તો આવી શકે એવી હાલતમાં હતાં જ નહીં... એ જ, યુઝવલ સ્ટફ! ઉંઘની ગોળી ખાઈને બે દિવસથી મારી મા ઉંઘતી હતી અને ડેની ઘરે આવ્યો જ નહોતો. ડિઆન્ના મારી સાથે આવી. એણે મારા પ્રિન્સિપાલને સાંભળી લીધા. એમની માફી માગી...

બહાર નીકળીને અમે જ્યારે ગાડીમાં બેઠા ત્યારે મને ભય હતો કે ડિઆન્ના મને ધમકાવશે, પરંતુ એણે ગાડીમાં બેસતા કશું જ કહ્યું નહીં. અમારી વચ્ચે ખાસ્સા સમય સુધી સાયલેન્સ રહ્યું, પછી જ્યારે અમે સ્કૂલથી થોડે દૂર નીકળ્યા ત્યારે એણે પોતાના પર્સમાંથી સિગરેટ કાઢી મને ઓફર કરી. મેં કહ્યું, 'ના. થેન્ક યુ.' મેં મારા દફતરમાંથી મારી સિગરેટ કાઢી. એણે મારી સિગરેટ સળગાવી આપી. એ હસી, 'વર્જિનિયાની દીકરી પાસે હું બીજી શું આશા રાખી શકું?' ડિઆન્નાએ કહ્યું, 'જો બેટા! હું તને કશુંય કરતાં રોકીશ નહીં, પરંતુ તારી દરેક ખોટી વાત પણ જો તારે સાચી સાબિત કરવી હોય તો તારે એક સફળ કારકિર્દી બનાવવી પડશે. તારી માની જેમ તારી જિંદગી વેડફીશ તો તારી સાચી વાત પણ લોકોને ખોટી લાગશે... વર્ક હાર્ડ.' એણે કહ્યું, 'એન્ડ પાર્ટી હાર્ડર.'

આ વાત મેં ગાંઠે બાંધી લીધી. મેં નક્કી કરી લીધું કે, હું કંઈક બનીશ! મારી માની જેમ શરાબ અને નશામાં મારી જાતને વેડફી નહીં જ નાખું... મારી જિંદગીનો આ પહેલો પાઠ હતો, જે મને હંમેશાં યાદ રહ્યો.

હોલિવૂડની હાઈએસ્ટ પેઈડ અભિનેત્રી, અને ગોલ્ડન ગ્લોબથી સન્માનિત અભિનેત્રી તરીકે જ્યારે મને સન્માન મળી રહ્યું હતું ત્યારે એક ઈન્ટરવ્યૂમાં મેં કહ્યું હતું, 'આજે અહીં ઊભા રહીને મારા વિતેલા દિવસોને જોઉં છું તો મને સમજાય છે કે, મારા બાળપણના સંઘર્ષમય દિવસોમાંથી મને જે અસુરક્ષાનો ભાવ મળ્યો છે એને કારણે મને આટલી બધી સફળતા પણ સ્વપ્ન જેવી લાગે છે. બહુ જ તરસ લાગી હોય અને ગળામાં શોષ પડતો હોય ત્યારે પાણી માટે ખૂબ તરફડિયાં માર્યા પછી પાણી મળી પણ જાય તો આપણને શોષનો એ અનુભવ ભૂલાતો નથી એવી જ રીતે મને પણ મારા બાળપણના સંઘર્ષ, અભાવ અને અસુરક્ષાના દિવસો ભૂલાતા નથી...' (ક્રમશઃ) ■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

## સત્તર ભૂમિકા એક ફિલ્મમાં ભજવનારાં
# લલિતા પવાર



એક એવી અભિનેત્રી જેણે મૂક ફિલ્મો સહિત સાતસો કરતાં પણ વધુ ફિલ્મોમાં કામ કર્યું હોય, સૌથી લાંબી ફિલ્મી કારકિર્દી બદલ જેનું નામ ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું હોય, જેણે એક ફિલ્મમાં સત્તર પાત્ર ભજવીને વિક્રમ સર્જ્યો હોય, જેણે રૂપેરી પરદે પહેલી વાર બિકિની પહેરીને વિવાદ સર્જ્યો હોય અને જેણે કોઈ છોછ વિના ચુંબનનું દ્રશ્ય આપ્યું હોય અને છતાં એ 'મંથરા' તરીકે જ ઓળખાતી હોય.....

હા. વાત છે લલિતા પવારની.... ભારતીય સિનેમાની પહેલી ખલનાયિકાની... માત્ર બાર વર્ષની ઉંમરે ફિલ્મી કારકિર્દીનો આરંભ કરીને સાતસો કરતાંય વધુ ફિલ્મોમાં અભિનય કરનાર લલિતા પવાર. મૂક ફિલ્મોની મૌન ભાષાથી માંડીને બોલકી ફિલ્મોની વાચાળતાના જાદુઈ દોરને નિહાળનાર લલિતા પવાર. સૌથી લાંબી ફિલ્મી કારકિર્દી બદલ ગિનેસ બુકમાં જેનું નામ નોંધાયું છે એ લલિતા પવાર. ૧૯૩૫માં પ્રદર્શિત થયેલી હિમ્મત-એ-મર્દા ફિલ્મમાં લલિતા પવારે બિકિની પહેરવાની હિંમત કરેલી. એ પછી પતિભક્તિ ફિલ્મમાં ચુંબનનાં દ્રશ્યો આપેલાં. પોતે નિર્માણ કરેલી કૈલાશ નામની ફિલ્મમાં લલિતા પવારે ટ્રીપલ રોલ કરેલો. નાયિકા, ખલનાયિકા અને માતાનું પાત્ર ભજવેલું. એ પછી ચતુર સુંદરી ફિલ્મમાં સત્તર ભૂમિકા ભજવીને વિક્રમ સર્જેલો...અને છતાં, લલિતા પવારનું નામ પડે એટલે વઢકણી સાસુ યાદ આવે અથવા તો સ્મરણ થાય રામાયણની મંથરાનું... રૂપેરી પરદાની એ પહેલી ખલનાયિકા બની.

લલિતા પવારનું જીવન પણ ફિલ્મી કથા જેવું જ હતું. શૂન્યથી શિખરે અને શિખરેથી ખીણમાં ગબડવાની કથા. ફરી તળિયેથી ટોચ પર પહોંચવાની કથા.... લલિતા પવારનો જન્મ જ કોઈ ફિલ્મી દ્રશ્ય જેવો થયેલો. એ દિવસ હતો ૧૮ એપ્રિલ ૧૯૧૬. લલિતાની માતા અનસૂયા મંદિરે ગયેલી. મંદિરના દ્વારે પહોંચતાં એને પ્રસૂતિપીડા થવા લાગી. એને હોસ્પિટલ સુધી લઈ જવાનો સમય નહોતો. એણે મંદિરની બહાર દીકરીને જન્મ આપ્યો. એ દીકરી એ લલિતા. જોકે લલિતાનો જન્મ થયો ત્યારે એનું નામ અંબા રખાયેલું. એ નાનપણથી જ સ્વરૂપવતી હતી. એની આંખો બેહદ ખૂબસૂરત હતી.

શ્રીમંત પરિવારની અંબાને ફિલ્મો પ્રત્યે ગજબનું ખેંચાણ હતું. એક વાર અંબા એક ફિલ્મ સ્ટુડિયોમાં ગઈ. પોતે ફોટામાં કેવી દેખાય છે એ જોવા ત્યાંના નિર્માતા પાસે પોતાની તસવીર લેવડાવી. નિર્માતા એનો ફોટોજેનિક ચહેરો જોઈને એટલા પ્રભાવિત થયા કે તરત જ એને પોતાની નવી ફિલ્મ માટે સાઈન કરી લીધી. ૧૯૨૮માં મૂક ફિલ્મ પતિતોદ્ધાર આવી. પછી મસ્તીખોર માશૂક, ભવાની તલવાર,પ્યારી કટાર, જલતા જિગર... અંબા અંબૂ તરીકે જાણીતી થઈ ગયેલી. દરમિયાન ગણપતરાવ પવાર નામના ફિલ્મ દિગ્દર્શક સાથે અંબાના લગ્ન થયા. એમણે દિલેર જિગર નામે મૂક સ્ટંટ ફિલ્મ બનાવી. ફિલ્મમાં અંબૂએ મુખ્ય ભૂમિકા અદા કરવા ઉપરાંત સ્ટંટનાં દ્રશ્યો પણ ભજવેલાં.

મૂક ફિલ્મો પછી બોલપટનો જમાનો આવ્યો. ૧૯૩૫માં અંબૂની પહેલી બોલતી ફિલ્મ આવી. નામ હિમ્મત-એ-મર્દા. આ અરસામાં એણે બે ફિલ્મનું નિર્માણ કર્યું. લિયો ટોલ્સટોયના ઉપન્યાસ 'રિસરેકશન' પર આધારિત દુનિયા ક્યા હૈ અને બીજી ફિલ્મ કૈલાશ. દરમિયાન, ૧૯૪૨માં જંગ-એ-આઝાદી નામની ફિલ્મમાં અંબૂ અને ભગવાનદાદા કામ કરી રહેલાં. એક દ્રશ્યમાં એમણે અંબૂને થપ્પડ મારવાની હતી. ભગવાનદાદાએ એટલી જોરથી થપ્પડ જડી દીધી કે અંબૂના કાનમાંથી લોહી વહેવા માંડ્યું. એની જમણી આંખની નસ ફાટી ગઈ. અંબૂને તરત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. પણ અયોગ્ય સારવારને પગલે અંબૂનું જમણું અંગ લકવાગ્રસ્ત થઈ ગયું. ધીમે ધીમે તબિયત સુધરી પણ જમણી આંખ સંકોચાઈ ગઈ. અભિનયની ટોચે પહોંચેલી અંબૂ સીધી જ ખીણમાં ગબડી પડી. એને ફિલ્મો મળતી બંધ થઈ ગઈ. એવામાં એક દિવસ પોતાના ગુરુ સાથે મુલાકાત થઈ. અંબૂએ પોતાની મૂંઝવણ જણાવી. ગુરુએ કહ્યું, હવે તારે નવા નામ અને નવી ઓળખ સાથે સિનેજગતમાં પ્રવેશ કરવો પડશે.

આ નવું નામ એ લલિતા પવાર અને નવી ઓળખ એ નાયિકામાંથી ખલનાયિકા અને ચરિત્ર નાયિકાની ભૂમિકા. ૧૯૪૪માં રામશાસ્ત્રી ફિલ્મમાં લલિતાએ વઢકણી સાસુનું પાત્ર ભજવ્યું. એ પછી ૧૯૪૮માં ગૃહસ્થી અને પછી વી. શાંતારામની દહેજ. આ ફિલ્મોથી લલિતા ક્રૂર, કપટી ને કાવતરાખોર સાસુ તરીકે પ્રસ્થાપિત થઈ ગઈ. ભારતીય સિનેમાની પ્રથમ ખલનાયિકા બની ગઈ.

લલિતાના અભિનયમાં પૂનમના ચંદ્રની જેમ ચડતી થઈ રહેલી. પણ અંગત જીવનમાં અમાસના ચાંદની પેઠે પડતી થઈ રહેલી. બન્યું એવું કે ખલનાયિકાનું પાત્ર ભજવતી લલિતાને ખબર પડી કે એના પતિ ગણપતરાવના જીવનમાં કોઈ બીજી સ્ત્રી આવી છે. થોડીક તપાસ પછી જ ખબર પડી ગઈ કે એ સ્ત્રી બીજું કોઈ નહીં, પણ લલિતાની સગ્ગી નાની બહેન જ હતી. પોતાની બહેન જ પોતાના જીવનની ખલનાયિકા બનેલી, એથી લલિતાએ છૂટાછેડા માટેની અદાલતી કાર્યવાહી શરૂ કરી દીધી. ગણપતરાવથી અલગ થઈને એણે ફિલ્મનિર્માતા રાજપ્રકાશ ગુપ્તા સાથે લગ્ન કર્યાં.

દરમિયાન ફિલ્મી સફર ચાલતી રહી. ટચૂકડે પરદે કામ કરવાની પણ તક મળી. નેવુંના દાયકામાં રામાનંદ સાગરે રામાયણ ધારાવાહિકમાં મંથરાના પાત્રમાં લલિતા પવારને લીધી. લલિતાએ મંથરાને જીવંત કરવામાં કોઈ મણા ન રાખી. રામાયણ પછી લલિતાએ ભાગ્યે જ કોઈ ફિલ્મમાં કામ કર્યું હશે. ઢળતી ઉંમરે લલિતાનું શરીર રોગનું ઘર બન્યું. જડબાના કેન્સરે અજગરી ભરડો લીધો. લલિતા પુણે જઈ વસી. એ કહેતી, મેં દુષ્ટ પાત્રોની ભૂમિકા ભજવી છે, એની સજા ભોગવી રહી છું... ૨૪ ફેબ્રુઆરી ૧૯૯૮ના જીવનની અંતિમ ક્ષણે લલિતા પાસે પોતાનું કહેવાય એવું કોઈ નહોતું. પુત્રએ ફોન કર્યો ત્યારે ઘંટડી વાગતી રહી. ઘેર પહોંચ્યો ત્યારે ખબર પડી કે લલિતાના મૃત્યુને ત્રણ દિવસ થઈ ગયેલા. કેવી કમનસીબી... લલિતાને જીવન નામી મળ્યું અને મૃત્યુ ગુમનામ..! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## જો સંપૂર્ણ ન બની શકો તો સુવ્યવસ્થિત બનો...



સોળ વર્ષની ઉંમરની રેવાનો રૂમ કબાડખાનાને પણ સારો કહેવડાવે એવો તદ્દન અસ્તવ્યસ્ત હતો. જ્યાં-ત્યાં પડેલા કાગળના ડુચ્ચાં, અધખુલ્લાં પુસ્તકો, અડધાં ખવાયેલાં ચિપ્સના પેકેટસ, મેલા કપડાંનો ઢગ અને ચારેકોર જાતભાતની ચીજ-વસ્તુઓનો ખડકલો.

રેવાનો પલંગ, બિછાના, સ્ટડી ટેબલ પર ઉભરાય રહેલી વસ્તુઓનો કોઈ તોડ નહોતો. મમ્મી આરાધનાએ એને રોકટોક કરવાનું હવે લગભગ છોડી દીધેલું. એ નિઃસાસા સાથે માત્ર એટલું જ કહેતી, 'તું ક્યારેય નહીં સુધરે'. આટલું કહી એ ત્યાંથી ચાલી જતી.

આમ તો રેવા સખ્ત મહેનતું છોકરી હતી. સ્પોર્ટ્સમાં અવ્વલ અને સ્ટડીમાં પણ ઘણો સારો સ્કોર એના દસમા ધોરણની માર્કશીટમાં છપાયેલો. સ્પોર્ટ્સ અને સ્ટડીના આવા સંતુલનને જોઈ ચારેકોર લોકો રેવાની વાહ વાહ કરતા થાકતા નહોતા, પણ વાત જ્યારે ટાઈમ મેનેજમેન્ટ કે સેલ્ફ ઓર્ગેનાઈઝિંગની આવે ત્યારે રેવાબેન પાછાં પડતાં. એ પછી ભણવામાં હોય કે અન્ય કોઈ વાતમાં, રેવાની બેદરકારી ઊડીને આંખે વળગે એવી હતી. એ ગમે તેટલું ધ્યાન રાખે, લગભગ દર વખતે એનાથી ચૂક થઈ જતી.

રેવા આમ તો સ્ટડીને લઈ લાપરવાહ તો નહોતી, પણ સ્કૂલના સ્કોલર કે ટોપર સ્ટુડન્ટ્સ માફક એ અવ્વલ ના આવી શકતી, કારણ એ કે એ પોતે અસાઈમેન્ટ ભૂલી જતી ને ડેડલાઈન મિસ કરી દેતી, છેલ્લી ઘડીએ પ્રોજેક્ટ સબમિશન કે પરીક્ષાઓની તૈયારી કરવાની આદત એના માર્ક્સ આરામથી ખાઈ જતાં. રેવાનું સપનું તો ગ્રાફિક ડિઝાઈનર બનવાનું હતું, પણ પરીક્ષાનાં પરિણામ એના સપનાને સપોર્ટ નહોતાં કરી રહ્યાં. સ્કૂલમાં ટીચર્સ પણ રેવાને કહેતાઃ

'આમ તું બહુ હોંશિયાર છે. તકલીફ માત્ર એ છે કે તારું ભણવામાં પૂરતું ધ્યાન નથી રહેતું....' રેવા આ ટકોરને હળવાશમાં લેતી. વિચારતી કે એને તો છેલ્લી ઘડીના ટાસ્ક પૂરા કરવામાં જોરદાર રોમાંચ આવે છે અને રિઝલ્ટ પણ ઠીકઠાક આવી જાય છે પછી કોણ દરરોજ ભેજાફોડી કરે ભણવાની...!

આ લાસ્ટ મિનિટ લડુ માટે એક સોમવારની સવાર એવી ઊઠી કે બધું જ બદલાય ગયું. થયું એવું કે રવિવારે દિવસભર જલસા કર્યા બાદ આખી રાત જાગી એણે પ્રોજેક્ટ પૂરો કર્યો હતો. જોકે સ્કૂલ પહોંચ્યા બાદ એને યાદ આવ્યું કે, પ્રોજેક્ટ તો પોતે ઘેર ડાઈનિંગ ટેબલ પર જ ભૂલી આવી છે. દુષ્કાળમાં અધિક માસ કે વળી એ દિવસે જ મેથ્સનો પ્રોગ્રેસ રિપોર્ટ પણ આવ્યો. માત્ર પિસ્તાલિસ માર્ક્સ. ક્લાસ આખામાં હાંસીપાત્ર બનેલી રેવા શર્મિંદગી સાથે નિરાશા વદને ઘેર પાછી ફરી.

સાંજે એની મોટી બહેન એવી નિધિ હોસ્ટેલથી આવવાની હતી એનો ઉત્સાહ પણ મરી પરવાર્યો. મુંબઈમાં આર્કિટેક્ચરનું ભણી રહેલી નીધિ હંમેશાંથી રેવા માટે આદર્શ હતી. એ અદ્દલ મોટી બહેન જેવી બનવા માગતી હતી. શાંત, સંયમિત, શિસ્તબદ્ધ અને ક્રિએટિવ. રેવાનું ઊતરેલું મોં જોઈ નિધિ એ તરત પૂછ્યું:

'શું થયું છે?'

મમ્મી સાંભળે નહીં એમ રેવાએ હળવેકથી કહ્યું: 'આજે પ્રોજેક્ટ લઈ જતાં ફરી ભૂલી ગઈ. અને મેથ્સમાં પણ ફરી ફેલ.... દીદી, હું તારા જેવી ક્યારેય નહો બની શકું કે બધું એકસાથે સંભાળી લઉં. દસમા સુધી વાત અલગ હતી, પણ હવે મારાથી નથી થતું...'

રેવાએ શરણાગતિ સ્વીકારી. આ સાંભળી નિધિ બે હાથ પસરાવી રેવાને નજીક ખેંચીઃ

'જો રેવા, આપણે કોઈ ક્યારેય પરફેક્ટલી પરફેક્ટ નથી હોતા. તું તારી નબળાઈઓને સ્વીકારી-સંભાળીને આગળ વધી શકે એમ છો. એક કામ કર, ધીમે-ધીમે નાના-નાના બદલાવથી શરૂઆત કરીએ આપણે...'

એ રાત્રે બન્ને બહેને સાથે મળી એક સાદો, સરળ વિકલી પ્લાન તૈયાર કર્યો. દરેક વિષયને નાના-નાના હિસ્સામાં વિભાજિત કરી દીધા. સ્ટડી, આર્ટ, ડિઝાઈનિંગ, આરામનો સમય એમ બધું સમય પ્રમાણે ગોઠવ્યું. અંતે પથારીમાં પડી આંખ મીંચતા પહેલા નિધિએ શીખ આપીઃ 'રેવા, કોઈપણ વાતમાં બેલેન્સ બહુ જરૂરી છે. એ યાદ રાખીશ તો ક્યાંય પાછી નહીં પડે...'

બીજા દિવસે રેવાએ સૌથી પહેલું કામ પોતાનો રુમ સાફ કરવાનું કર્યું. એ કબાડીખાનામાંથી એને પોતાના જૂનાં અસાઈમેન્ટ્સ, ખોવાયેલા ઓરનામેન્ટ્સ, ચોળાયેલાં કપડાં અને મોટું જ્યોમેટ્રી બોક્સ સુધ્ધાં મળી આવ્યું!

રેવાને યાદ આવ્યું કે પોતાનું સ્ટડી ટેબલ લગભગ એકાદ વર્ષ પહેલા સાફ કર્યું હતું. એણે ટેબલની સામે મોટીવેશનલ ક્વોટ્સ લગાવ્યા, ફોલ્ડર્સ પર લેબલ્સ માર્યા. ચાદર સાફ કરી. કપડાં ઘડી કરીને મૂક્યા. લગભગ બે કલાક પછી એને ખુદને વિશ્વાસ ના આવ્યો કે આ એનો પોતાનો રૂમ છે... માહોલ જાણે સકારાત્મક ઊર્જાથી ભરાય ગયો. રેવાને પોતાની અંદર પણ નવી તાજગીનો સંચાર થયો હોય એવું લાગ્યું.

મેથ્સના ટ્યુશનનો સમય પણ મમ્મીએ ગોઠવી આપ્યો. આરાધનાને રેવામાં ફરી રસ લેતી કોઈએ કરી હોય તો એ હતો રેવાનો રૂમ. એક શનિવાર સાંજે આરાધનાએ એના રૂમમાં નજર ફેરવવાની હિંમત કરી. આશ્ચર્યથી એની આંખો પહોળી અને મોં ખુલ્લું રહી ગયું: 'ઓહ, આ કોનો રૂમ છે?'

રેવા પાછળથી મમ્મી આરાધનાને વળગી પડી, 'મમ્મી, કંઈક નવું શરૂ કર્યું છે....'

જોકે હજુ અમુક દિવસો ઉબડખાબડ હોતા. અસ્તવ્યસ્ત રહેવાની આદત એમ જલ્દીથી એનો પીછો નહોતા છોડી રહ્યા. પરંતુ હવે રેવા પાસે એક સિસ્ટમ હતી. જે એને વારંવાર આકર્ષી રહેલી. એના માર્ક્સ સુધરવા લાગ્યા. અને સૌથી મોટી વાત એ કે હવે એને કોઈ પણ જાતનો તણાવ નહોતો રહેતો. ડિઝાઈનર બનવા માટે 'એન.આઈ.ડી.' માં એડમિશન અસંભવ નહોતું લાગી રહ્યું.

રેવાએ ટર્મ પૂરી થાય ત્યાં સુધીમાં ના માત્ર બધા વિષયમાં સારા માર્ક્સ મેળવ્યા, પરંતુ ડિઝાઈનિંગની એન્ટ્રાન્સ એક્ઝામમાં પણ અવ્વલ સ્થાન મેળવ્યું. ઈન્ટરવ્યુમાં સફળતા વિશે એના પર સવાલોનો મારો ચાલ્યો ત્યારે એણે પોતાનામાં આવેલા બદલાવનો શ્રેય એક સીધા-સાદા ડેઈલી પ્લાનરને આપ્યો. માત્ર પોતાની જાતને સુવ્યવસ્થિત રાખવાથી કેટલો ફર્ક પડે છે એનો પરચો રેવાને આજે મળી ગયેલો. આ ખુશીના મોકા પર મોટી બહેન નિધિએ કહેલી એક વાત રેવાના મગજમાં હંમેશ માટે છપાય ગઈ:

'વ્યવસ્થિત રહેવા માટે દરેક વાતમાં સંપૂર્ણ હોવું જરૂરી નથી. તમારાં સપનાંઓ માટે હરહંમેશ સજાગ રહેવું એ સુવ્યવસ્થિત હોવાની ખરી નિશાની છે.' ■

ફેશન
ખુશ્બુ મુણાલી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# આર યુ રેડી ફોર મોન્સૂન?

સામાન્ય રીતે વર્ષાઋતુ જૂન મહિનામાં આવે છે, તેથી વરસાદ પહેલાં બધી તૈયારી થઈ જાય છે. ચોમાસું જલદી આવી જતાં વરસાદમાં કઈ ટાઈપના કપડા પહેરવા તે મોટો પ્રશ્ન છે કે જે શરીરને ચોંટી ન જાય અને કન્ફર્ટ સાથે સ્ટાઈલ પણ હોય. કપડાની સાથે કઈ ટાઈપનો મેકઅપ કરવો કે કેવી બેગ લેશું કે કેવાં ચપ્પલ પહેરશું? ચાલો જાણીયે વરસાદમાં કેવાં કપડાં , એકસેસરીઝ અને ઓવરઓલ કેર કઈ રીતે કરી શકાય.



## થ્રી ફોર્થ

એન્કલ પેન્ટ – વરસાદમાં થ્રી ફોર્થ પેન્ટ કે એન્કલ પે જ કમ્ફર્ટેબલ વેર છે. જે ખાસ કરીને સિન્થેટીક ફેબ્રિક જોઈએ. સિન્થેટીક ફેબ્રિક એટલે જે પેન્ટ કોટન અને ફેબ્રિકથી બનેલા હોય. આ પેન્ટ ભીના થાય તો પણ સુકાઈ જાય. આ પેન્ટમાં લાઈક્રા ફેબ્રિક હોવાથી પેન્ટ સ્ટ્રે. જેથી જો પેન્ટ ભીનું થાય તો પણ ખરાબ નથી લાગતું. કંપનીમાં કામ કરતી યુવતીઓ માટે આ બેસ્ટ ઓપ્શન તમારી હાઈટ અને બોડીને અનુરૂપ થ્રી ફોર્થ અથવા એન્ક પેન્ટ પહેરી શકો. ખાસ કરીને ડાર્ક કલરના પેન્ટ પહેર કરીને વરસાદમાં ખરાબ ન થાય.



## કપડાં

સૌ પ્રથમ તો કોટનના કપડાં પહેરવા નહીં. વરસાદમાં કોટનના કપડાં શરીરને ચોંટી જાય છે અને જલદી સુકાતા નથી. વરસાદમાં ખાસ કરીને સિન્થેટીક ફેબ્રિકના કપડાં પહેરવા જેથી કરી કપડા શરીરને ચીપકે નહીં. સિન્થેટીક કપડામાંથી પાણી જલ્દી નીકળી જાય છે અને જલદીથી સુકાઈ જાય છે. વરસાદમાં સ્પેસિફિક કપડાં જ પહેરવા પડે છે.જેમકે થ્રી ફોર્થ પેન્ટ કે ડ્રેસ, ની લેન્થ ડ્રેસ, સિન્થેટીક ટોપ્સ વગેરે.

## એકસેસરીઝ

વરસાદમાં પહેરવાની એકસેસરીઝ સ્માર્ટ રીતે સિલેક્ટ કરવી જેમકે , સૌથી પહેલા જો રિસ્ટ વોચની વાત કરીયે તો લેધર વોચ પહેરવી નહીં , તેની બદલે વોટરપ્રૂફ વોચ પહેરવી. ખાસ કરીને તમારી હેન્ડબેગ કપડાની કે લેધરની ન હોવી જોઈએ. જો કપડાની બેગ જ વાપરવી હોય તો બેગની અંદરનો સામાન પ્લાસ્ટિકની બેગમાં રાખવો અને ત્યારબાદ તે બેગ કપડાની બેગની અંદર મૂકવી . જો તમારે આ બધી ઝંઝટમાં ન પડવું હોય તો તમે વોટરપ્રૂફ બેગ વાપરી શકો. બને ત્યાં સુધી જ્વેલરી પહેરવાનું ટાળવું અને જો પહેરવી જ હોય તો લાઈટવેટ જ્વેલરી પહેરવી. ફૂટવેરમાં ખાસ કરીને રૈની ફૂટવેર જ પહેરવા જેથી કરી લપસી ન જવાય. ઘણી યુવતીઓ વરસાદમાં સાદું આઈ લાઈનર લગાડે છે અને કમોસમી વરસાદમાં બધુ જ લાઈલર નીકળી જાય છે. તેથી ખાસ કરીને વોટરપ્રૂફ લાઈનર જ લગાડવું. માત્ર લાઈનર જ નહીં પરંતુ આખો મેક અપ જ વોટરપ્રૂફ કરવો.





## સેલ્ફ કેર

વરસાદમાં ખાસ કરીને ઉકાળીને પાણી પીવું. બંધ પેટર્નના ફૂટવેર પહેરવાના ટાળવા, નહીં તો પગમાં ફંગસ થઈ જશે.

હાથ પગને રેગ્યુલરી મૌઈસ્ચરાઈઝ કરવા. તમને જેવો ફાવે તેવો કોઈપણ કાઢો પીવાનુ રાખવું જેથી ઈમ્યુન સિસ્ટમ સારી રહે અને બીમાર ન પડાય. વરસાદમાં વાળ પણ ચીપચીપા થઈ જાય છે. રેગ્યુલરી વાળમાં તેલ નાખવું અને શેમ્પુ કર્યા પછી ખાસ કરીને કંડિશનર કરવું. શાકભાજી , ફળો સરખા ધોઈને ખાવા. સરખી ઊંઘ લેવી અને પૌષ્ટિક આહાર લેવો.



## સિન્થેટીક ટોપ્સ

સિન્થેટીક ટોપ્સ વરસાદમાં પહેરવા માટે એક બેસ્ટ ઓપ્શન છે. સિન્થેટીક ટોપ્સમાં પેટર્ન વેરિયેશન સાથે લેન્થ વેરીએશન પણ આવે છે. તમે તમારી બોડી ટાઈપ પ્રમાણે ટોપ્સની પસંદગી કરી શકો જેમકે જો તમારું શરીર સુડોળ હોય તો તમને બધી જ લેન્થના ટોપ્સ સારા લાગશે. જો તમારું શરીર ભરેલું હોય તો હીપ કવર થાય તેટલા ટોપ્સ પહેરવા. હીપ લેન્થ ટોપ્સ તમે જેગીંગ , થ્રી ફોર્થ કે એન્કલ લેન્થ પેન્ટ કે શોર્ટસ સાથે પણ પહેરી શકો. આ ટોપ્સની પ્રિન્ટ ખાસ કરીને ડાર્ક શેડમાં પસંદ કરવી. જો લાઈટ કલરના ટોપ્સ પહેરવા માગતા હોવ તો ટોપની અંદર તમે કોન્ટ્રાસ્ટ કલરની સ્લીપ પહેરી શકો. ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# કેરી એને જઈ મળે, જે...

'કેરી એને જઈ મળે, જે પરસેવે નહાય.'

સિદ્ધિની જેમ જ કેરી પણ અમને બહુ વહાલી. 'ફળોમાં શ્રેષ્ઠ હોય તો કેરી.' એમ અમે નિબંધમાં વારંવાર લખ્યું છે. કેરી ગાળાની રાહ અમે ચાતક પંખી જેમ સ્વાતિ નક્ષત્રનાં પહેલા ટીપાંની રાહ જુએ છે, બરાબર એમ અમે કેરી માટે ઝૂરીએ. એમાં વળી અમારા પિતાજીએ તો એક આખેઆખા ખેતરમાં સિત્તેર આંબાનાં ઝાડ રોપેલાં. આથી અમે 'સિદ્ધિ એને જઈ મળે, જે પરસેવે નહાય', એમ બોલવાના બદલે અમે સિદ્ધિની જગ્યાએ 'કેરી એને જઈ મળે, જે પરસેવે નહાય.' એમ બોલતાં.

કેરી માટે અમે અનેક કેરી ગાળામાં પરસેવો વહાવ્યો છે. જોકે આંબાવાડીમાંથી મંજરીની સુગંધ ઘર તરફ આવવા માંડે, કે અમારાં પગલાં કેરીના ચમનમાં પડવા જ માંડે. આંબો પણ મનમાં ને મનમાં બીજા આંબાને કહેતો હશે :

'જોયું? આ માનવજાત કેટલી સ્વાર્થી છે! આખું વરસ આંબાવાડી તરફ મોં સુધ્ધાં ફેરવીને જોતા નથી. એ સ્વાર્થી માનવો હવે રોજ મંજરીમાંથી કેરી ક્યારે બને અને એ ક્યારે મોટી થાય, તે જોવા રોજ જ સવાર, બપોર, સાંજ આવે છે. બાકી આખું વર્ષ બિચારા આંબા શું ખાતા- પીતા હશે એ જોવા આવ્યા છે કદી?' બીજો આંબો જવાબ આપતાં કહેતો હશે : 'આ માનવજાત જેટલું સ્વાર્થી પ્રાણી આ જગતમાં બીજું કોઈ જોવા નહીં મળે!'

જોકે, આંબા એટલે આંબા! અમને બાળકોને જોઈને બધું ભૂલીને પણ અમને એમના ખોળામાં લઈ લે અને જલદી જલદી પેલો રખેવાળ મારવા દોડે તે પહેલાં નાના નાના મોરવા અમને ખાવા માટે ખેરવી આપે. પછી હસતાં હસતાં કહે, 'કાલે છાનામાના આવજો. પેલો રખેવાળ બપોરે તમ્બાકુ ખાઈને બે થી ચાર ઘસઘસાટ ઊંઘી જાય છે.' (માનવજાત કરતાં તો બીજા કોઈ પણ સારા હોય છે. એ મને ત્યારથી જ સમજાઈ ગયેલું.)

ક્યારેક રખેવાળ જાગી જાય ત્યારે અમે આગળ અને એ દંડો લઈને પાછળ દોડતો, પણ સિદ્ધિ એને જઈ વરે, જે ....... અમે પરસેવો એવો પાડીએ કે આખી આંબાવાડીમાં પવનથી પડી ગયેલા મોરવા (નાની કેરી) અમે પાણીચા અથાણાં બનાવવા ઘર ભેગાં કરીને જ રહેતાં. અમે આ પરસેવો ના પાડ્યો હોત તો રખેવાળને વગર પરસેવે જ મોરવા વેચીને ઘર બેઠા સાંજને છેડે પેગ મારવાના ને તમ્બાકુના ડૂચા મારવાના પૈસા મળી ગયા હોત. એક અમારા પરસેવાને લીધે રખેવાળનું શરીર બગડતું અટક્યું અને લગભગ અમારાં આખા ફળિયાના ઘરોમાં પાણીચા અથાણાં અમારા તરફથી ફ્રી ઑફ ચાર્જ સસ્નેહ પહોંચ્યાં, ઘણા વરસો સુધી!

(અમારા જ આંબા અને અમારી જ કેરી, પણ ઉપાર્જનના લાભાલાભ રખેવાળ લઈ જાય અને પછી એ પૈસાથી એ શરીર બગાડે! એવું તે કંઈ ઉઘાડી આંખે થવા દેવાય? તમે જ કહો).

આ નાનાં બાળકોને અમારા વડીલો કેટલાય વરસો સુધી નાનાં જ સમજતા રહ્યા. પણ તમે વાચકો તો સુજ્ઞ છો. આ એકવીસમી સદીનાં બાળકો જન્મે ત્યારથી જ સ્માર્ટ- જન્મે ત્યારથી જ ઘરડાને સલાહ આપી શકે એવાં ઉસ્તાદ અને વિદ્વાન હોય છે.

અમે સહેજ મોટાં થયાં એટલે કે સેકન્ડરી સ્કૂલમાં ભણવા જતાં થયાં, છતાં અમે તો ઘરમાં નાનાં જ રહ્યાં, પણ વેકેશનમાં અમારા કાકા ભાઈઓ અને ફોઈ ફુવાના છોકરા, માસી-મામાના છોકરા (પિતરાઈ ભાઈઓ) કેરી ગાળો કરવા આવતા ત્યારે અમે એક 'સિદ્ધિ તેને જઈ વરે' નામની ગેંગ બનાવી. તેમાં કેટલાક નિયમો અને ઍક્શન પ્લાન બનાવીને કેરીના હાખિયા (ઝાડ ઉપર જ કેરી પાકી ગઈ હોય એવી ડાઘી કેરીઓ) જે દાદા, દાદીને પ્રેમથી લાવીને ખવડાવી દે છે. એ હાખિયા, દાદા છાનામાના પાડવા જાય, તે પહેલાં એક ટીમ એમને વાતમાં રોકી રાખીને, બીજી ટીમ રખેવાળને વાતમાં પાડીને, પછી ત્રીજી ટીમ હાખિયા પાડી લાવીને વાડાના ખાલી કોઠારમાં સંતાડીને મૂકી દે. પછી જ્યારે બપોરે બધા વડીલો નસકોરાં બોલાવતાં હોય ત્યારે વાડાના મોટા આંબલા ને પીપળા નીચે બેસીને કેરીની મજા માણે. કેરી તો કેરી, પણ ગોટલાને પણ અધમૂઓ કરી નાખે!

કપડાં પર પડેલા ડાઘા ઘરના સામે ચાડી ખાય કે આ લોકોએ ચોરીછૂપી કેરીના હાખિયા ખાધા છે, એ પહેલાં અમે વાડીમાં ચાલતા પાણીના પંપ નીચે પહેરેલે કપડે જ ધુબાકા મારીને, ઉનાળાની ગરમી તેમજ કપડાં ઉપરના ડાઘાઓને પણ બીજે ગામતરે મોકલી આપીએ. પછી તો અમારી જાતજાતની સિદ્ધિઓ પરસેવે પણ ઠંડક આપતી થઈ ગયેલી. માળ ઉપર કેરીઓ ઠલવાય, ત્યારે એને પરાળ (ઘાસ) ઉપર સૂકવવાની રીત પણ અમે વડીલોના પેટમાં બેસીને શીખી ગયેલાં. એમાં પણ અમારો ઍક્શન પ્લાન. એમાં અમે જલદી પાકે એવી કેરીને એક નાકે એવી રીતે ગોઠવીએ કે જેથી થેલીમાં ભરીને પાછલે દાદરેથી વાડામાં નીકળી જવાય. (આમાં અમારો વાંક ગુનો નહોતો, પણ આ સિસ્ટમ કેટલાક વડીલો પણ સ્વાદેન્દ્રિયને તૃપ્ત કરવા માટે પાછલે દાદરેથી હાથ અજમાવતા જોયાનું અમારું પરાક્રમ હતું. પછી તો દાદા પણ અમારા પ્લાનમાં જોડાયેલા.)

બિચારા દાદાને 'ડાયાબિટીસ વધી જશે' ના નામે બે બે ચીરીમાં જ 'બસ, હવે બહુ થયું. ડાયાબિટીસ વધી જશે, તો ડોક્ટરના ઘર ગણતાં પાર નહીં આવે.' સાંભળી સાંભળીને દાદા પણ આખરે અમારી ટોળકીમાં આવાં નિર્દોષ કૃત્ય કરતાં થઈ ગયેલા. દાદી તેમજ અમારાં ઘરના, અમારાં આવા બધાં કૃત્યો જાણતાં હોવા છતાં, 'ઘરડાં ગાડા પાછા વાળે.' એ ઉક્તિને ઉજાગર કરવા, 'મોટા થશે પછી સમજણા થઈ જશે.' એમ બોલીને અમને હજી પણ નાનાં સમજીને માફ કરી દેતાં. જ્યારે દાદા માટે અમે કહેતાં, 'ઘરડા તો બાળકનું રૂપ છે. એટલે માફ કરી દો, ભાઈ!' ■









# ઓલ ટાઈમ ફેવરિટ અંબોડો

બ્યુટી પ્લસ
પ્રતિમા અરોરા
feedback.ladki@bombaysamachar.com

અંબોડાનો મતલબ એ નથી કે કોઈપણ રીતે અંબોડો લઈ લીધો અને તમે સુંદર જ લાગો. વ્યવસ્થિત વાળેલો અંબોડો એક મહિલાને સેક્સી લુક પણ આપી શકે છે. ટોપ મોડલ્સ, ફેશન આઈકન્સ અને સેલિબ્રિટી પણ અંબોડો વાળે છે. માત્ર અંબોડો વાળવાથી જ હેરસ્ટાઈલ પૂરી નથી થતી પરંતુ તેમાં લગાડેલી એકસેસરીઝ પણ એટલી જ મહત્ત્વની છે. જેમકે સોફટબન એક અલગ પ્રકારનો બન છે. આ હેરસ્ટાઈલ લાંબા વાળવાળી યુવતીઓ પર વધારે સારી લાગે છે. સોફટ બનમાં આગળથી એક પણ વાળની લટ નથી નીકળતી છતાં પાછળથી હેરસ્ટાઈલ ખૂબ જ મનમોહક લાગે છે.

પરંતુ સાઈડ બન સાથે એવું નથી. સાઈડ બન એટલે જે બન એક સાઈડમાં વાળેલો હોય. એમ તો આ બનમાં પણ વાળની લટો ન કાઢવાની હોય. આ બન થોડો ઢીલો વાળવામાં આવે છે અને એવી રીતે વાળવામાં આવે કે તે થોડો મોટો લાગે. જમણી કે ડાબી સાઈડ , કોઈપણ એક સાઈડ વાળ લઈ બન કરવામાં આવે છે અને તેની ઉપર તમે મનપસંદ એકસેસરીઝ લગાડી શકો.

**ટ્વિસ્ટેડ:** બનનો લુક પણ નિરાળો છે. જે યુવતીના નાના વાળ હોય તેઓને આ હેરસ્ટાઈલ સારી લાગી શકે. આમાં વાળને સેંટરમાંથી બે ભાગમાં વહેંચીને પાછળથી ટવિસ્ટ કરી બન કરવામાં આવે છે. આ બનમાં તમે તમારી ચોઈસ મુજબ સેંથો પાડી શકો. પરંતુ ટાઈટ રોપ બન આવો નથી. આ હેરસ્ટાઈલ થોડી પેચીદા છે પરંતુ લુક ખૂબ જ સુંદર આપે છે. આ હેરસ્ટાઈલમાં વાળને સામેની સાઈડથી ગૂંથવામાં આવે છે કે જે બિલકુલ રસ્સી જેવું લાગે . સામાન્ય રીતે આ હેરસ્ટાઈલ થોડી અલગ લાગે છે કારણકે આવી હેરસ્ટાઈલ ઓછી જોવા મળે છે. પરંતુ જે યુવતીઓને કોન્ફિડન્ટ લાગવું હોય તેઓ આ હેરસ્ટાઈલ કરી શકે.

**ફિશટેઈલ:** બન જો તમે ન ટ્રાય કરી હોય તો વાર ન કરતા. આ હેરસ્ટાઈલ એક રોમેન્ટિક આઉટીંગ માટે પરફેક્ટ છે. આ હેરસ્ટાઈલમાં પાછળથી જમણી કે ડાબી બાજુ પર વાળ ઢળેલા હોય છે. આ સ્ટાઈલ ખૂબ જ અનોખી છે.આમા અમુક વાળની અલગથી ટપોની બનાવવામાં આવે છે અને કોઈ પણ એક સાઈડ વાળીને બન વાળવામાં આવે છે.

**સાઈડસ્વેપ્ટ:** બન પણ ફિશટેલ જેવો લાગે છે. આ હેરસ્ટાઈલ તમને એક સોફટ લુક આપે છે. આ હેરસ્ટાઈલ તમે કોઈ પાર્ટી કે કોર્પોરેટ મીટિંગમાં કરી શકો. આ લુકથી તમને એક આગવો લુક મળી શકે.

આપણે ટોપ બનને કઈ રીતે ભૂલી શકીયે. આ હેરસ્ટાઈલ માથાની ઉપર વચોવચ કરવામાં આવે છે. આમાં તમે કાન પાસેથી થોડા વાળ કાઢી શકો. આમાં કોઈ બે મત નથી કે ઘરમાં કામ કરતી મહિલાઓની આ ફેવરિટ હેરસ્ટાઈલ છે. ■




# સૂર્યવંશીની રેકોર્ડ સદીથી લઈને મ્હાત્રેની વિસ્ફોટક બેટિંગ: આઈપીએલ ૨૦૨૫ના ઉતાર-ચઢાવ

મુંબઇ: ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ના અત્યાર સુધીના સૌથી મોંઘા ખેલાડી ઋષભ પંતે આખરે લખનઊ સુપર જાયન્ટ્સની છેલ્લી લીગ મેચમાં સદી ફટકારીને પોતાનું ફોર્મ પરત મેળવ્યું હતું પરંતુ તે ટીમને જીત અપાવી શક્યો નહોતો. જ્યારે અક્ષર પટેલની દિલ્હી કેપિટલ્સ સારી શરૂઆત પછી પણ હારી ગઈ હતી. ભૂતપૂર્વ ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ, રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સનું નિરાશાજનક પ્રદર્શન ચાલુ રહ્યું અને સનરાઈઝર્સ હૈદરાબાદ સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન ખરાબ પ્રદર્શન કર્યું હતું.

આ વર્ષે આઈપીએલની ૭૦ મેચોના પ્રારંભિક તબક્કામાં ૧૦ દિવસના વિરામ સહિત કુલ ૬૭ દિવસ લાગ્યા અને અત્યાર સુધી ટૂર્નામેન્ટમાં ઘણા ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે.

## યુવા ખેલાડીઓએ જોરદાર પ્રદર્શન કર્યું

રાજસ્થાન રોયલ્સના વૈભવ સૂર્યવંશીને ગયા ડિસેમ્બરમાં 'મેગા ઓક્શન'માં પસંદ કરવામાં આવ્યો ત્યારે તે ૧૩ વર્ષનો હતો અને મે મહિનામાં ૧૪ વર્ષની ઉંમરે તે આઇપીએલમાં સૌથી ઝડપી સદી ફટકારનાર સૌથી યુવા ભારતીય ખેલાડી અને ગુજરાત ટાઇટન્સ સામે ૩૫ બોલમાં બીજી સૌથી ઝડપી સદી ફટકારનાર ખેલાડી બન્યો હતો. તેણે પોતાના શાનદાર સ્ટ્રોક પ્લે અને જુસ્સાથી રમતના દિગ્ગજોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

ભારતના ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ઓપનર અભિષેક શર્મા પણ સદી ફટકારનારા ખેલાડીઓમાં સામેલ હતો. આ યાદીમાં પંજાબ કિંગ્સના 'અનકેપ્ડ' (જેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી નથી) પ્રિયાંશ આર્યનો પણ સમાવેશ થાય છે, જેણે તેની પ્રથમ આઇપીએલ સદી ફટકારી હતી. પ્રભસિમરન સિંહે પણ બતાવ્યું કે તેની પાસે ક્ષમતા છે જ્યારે આયુષ મ્હાત્રેએ ચેન્નઈ સુપર કિંગ્સને તેના પ્રદર્શનથી ખુશ થવાની તક આપી હતી.

## સનરાઈઝર્સ હૈદરાબાદનું ખરાબ ફોર્મ

ગયા વર્ષની રનર્સ-અપ સનરાઇઝર્સ હૈદરાબાદ સૌથી ખતરનાક બેટિંગ લાઇન-અપ સાથે મેદાનમાં આવી હતી પરંતુ તેમનો આક્રમક અભિગમ સંપૂર્ણપણે નિષ્ફળ ગયો હતો. હૈદરાબાદે આઇપીએલની શરૂઆત રાજસ્થાન રોયલ્સ સામે છ વિકેટે ૨૮૬ રનના બીજા સૌથી વધુ સ્કોર સાથે કરી હતી અને કોલકાતા નાઈટ રાઇડર્સ સામે ત્રણ વિકેટે ૨૭૮ રનના ત્રીજા સૌથી વધુ સ્કોર સાથે તેનો અંત કર્યો હતો.

ટીમ પાસે બેટિંગ માટે કોઈ 'પ્લાન બી' નહોતો જેમાં નીતિશ કુમાર રેડ્ડીએ ખૂબ નિરાશ કર્યા અને પાવરપ્લેમાં બોલિંગ કરવા માટે સારો સ્પિનર ન હોવાને કારણે તેમને નુકસાન થયું છે.

## ચેન્નઈએ શીખ્યા પાઠ

ચેન્નઇ એ આ વર્ષે પોતાનો બોધપાઠ શીખ્યો કારણ કે તેમને યુવા પ્રતિભાને બેન્ચ પર રાખવાની અને ફક્ત ધોની જેવા અનુભવી ખેલાડીઓ પર આધાર રાખવાની તેમની વ્યૂહરચના છોડી દેવી પડી હતી. ૧૭ વર્ષીય મુંબઈના બેટ્સમેન મ્હાત્રેએ ટીમની સમસ્યાઓ છતાં સારું પ્રદર્શન કર્યું જ્યારે દક્ષિણ આફ્રિકાના ડેવાલ્ડ બ્રેવિસે અંતમાં શાનદાર પ્રદર્શન કર્યું. ૨૦ વર્ષીય અફઘાન નૂર અહેમદ ચેન્નઇનો સૌથી સફળ સ્પિનર હતો જ્યારે આર. અશ્વિન અને રવિન્દ્ર જાડેજા અન્ય વિકલ્પો હતા.

## સાઈ સુદર્શને શાનદાર બેટિંગ કરી

યુવા ઓપનર સુદર્શને બતાવ્યું કે જોખમ લીધા વિના રન કરી શકાય છે. તે અત્યાર સુધીમાં ૬૭૦થી વધુ રન સાથે યાદીમાં ટોચ પર છે અને તેને ઇંગ્લેન્ડના ટેસ્ટ પ્રવાસ માટે રાષ્ટ્રીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ગુજરાત ટાઇટન્સના આ બેટ્સમેન આ સીઝનના શ્રેષ્ઠ બેટ્સમેનોમાંનો એક હતો.

## મુંબઈ ઈન્ડિયન્સે હંમેશાંની જેમ પ્રદર્શન કર્યું

મુંબઈ ઇન્ડિયન્સે ધીમી શરૂઆત કર્યા પછી પ્લેઓફમાં સ્થાન મેળવ્યું હતું. પ્રથમ પાંચ મેચમાં ચાર હાર સાથે શરૂઆત કર્યા પછી હાર્દિક પંડ્યાની ટીમ આગામી છ મેચ જીતી અને ટોચની ટીમોમાં પહોંચી હતી. રોહિત શર્મા અને તિલક વર્મા સારું પ્રદર્શન કરી શક્યા નહીં પરંતુ સૂર્યકુમાર યાદવે બતાવ્યું કે તે આમાં શા માટે શ્રેષ્ઠ છે. જસપ્રીત બુમરાહે ૧૦ મેચમાં ૧૭ વિકેટ લીધી છે.

## દિલ્હી કેપિટલ્સ શાનદાર શરૂઆત પછી પાટા પરથી ઉતરી ગઈ

આઇપીએલની શરૂઆતમાં એવું લાગતું હતું કે ટીમ કોઈ ભૂલ કરશે નહીં પરંતુ ટીમ સતત પ્રદર્શનના સંદર્ભમાં પાછળ રહી ગઈ હતી. પહેલા છમાંથી પાંચ જીત સાથે શરૂઆત કર્યા પછી ટીમ ટેબલમાં ટોચ પર હતી પરંતુ અચાનક ઘટાડાને કારણે આગામી આઠ મેચમાંથી પાંચ મેચ ગુમાવવી પડી હતી.

## રાજસ્થાન રોયલ્સ માટે ખરાબ સીઝન

સંજુ સેમસનની ફિટનેસ અને અન્ય ખેલાડીઓમાં જુસ્સાના અભાવને કારણે ટીમનું પ્રદર્શન ખરાબ રહ્યું હતું. જોસ બટલર, અશ્વિન, યુઝવેન્દ્ર ચહલ અને ટ્રેન્ટ બોલ્ટ જેવા ખેલાડીઓને રિલીઝ કરવાથી કદાચ તેનું સંતુલન ઘણું ખોરવાઇ ગયું હતું.

## કોલકાતાનું પ્રદર્શન નબળું હતું

કેપ્ટન અજિંક્ય રહાણે એકલા હાથે ઊભો રહ્યો, પરંતુ ફ્રેન્ચાઇઝના સૌથી મોંઘા ખેલાડી અને વાઇસ કેપ્ટન વેંકટેશ ઐય્યર માટે સીઝન ખૂબ જ ખરાબ રહી હતી. પ્રથમ આઠ મેચમાં પાંચ હાર સાથે ડિફેન્ડિંગ ચેમ્પિયન માટે પ્લેઓફની રેસ ઘણા સમય પહેલા સમાપ્ત થઈ ગઈ હતી.

## માર્શ અને પૂરનનો દબદબો

પહેલા આઠ મેચમાં પાંચ જીતે લખનઊ સુપર જાયન્ટ્સને છેલ્લા ચારમાં સ્થાન મેળવવાની તક આપી પરંતુ પંતના બેટિંગમાં ખરાબ પ્રદર્શન, મિડલ ઓર્ડર્સમાં ઊંડાણનો અભાવ અને બોલિંગમાં વિવિધતાના અભાવે તેઓ ફરીથી પ્લેઓફમાં જવાથી વંચિત રહ્યા. પરંતુ મિશેલ માર્શ, નિકોલસ પૂરન અને એડન માર્કરામ તેમને મજબૂત બનાવ્યા હતા. ■

## પંજાબ કિંગ્સનો ઉદય

છેલ્લા એક વર્ષમાં કેપ્ટન શ્રેયસ ઐય્યરના પ્રદર્શને સાબિત કર્યું છે કે તે હંમેશાં સંઘર્ષ કરતી ટીમ માટે પરિવર્તનનો શિલ્પી રહ્યો છે. એક દૃઢ ઐય્યર અને ઓસ્ટ્રેલિયન રિકી પોન્ટિંગ જેવા કોચ સાથે તેમાં કોઈ શંકા નથી કે પંજાબ કિંગ્સને હરાવવું ખૂબ મુશ્કેલ હશે અને કોલકાતા સામે સૌથી ઓછા સ્કોર (૧૧૧ રન) નો બચાવ કરવા જેવું પ્રદર્શન તેનું ઉદાહરણ છે.

## ગીલની ગુજરાત ટાઇટન્સે ઉડાણ ભરી

ત્રણ વર્ષ પહેલાં ગુજરાત ટાઇટન્સ સાથે જોડાયા પછી તેણે દરેક સીઝનમાં ઓછામાં ઓછા ૪૦૦ રન કર્યા છે પરંતુ ગિલે માત્ર ઉદાહરણ દ્વારા નેતૃત્વ કર્યું નથી પરંતુ મુખ્ય બોલર રાશિદ ખાનના ખરાબ ફોર્મ છતાં તેની ટીમ રેસમાં આગળ રહે તે પણ સુનિશ્ચિત કર્યું છે.

# જિતેશ શર્માએ એક જ ઈનિંગ્સથી આરસીબીને ૧૧ કરોડ રૂપિયા વસૂલ કરી આપ્યા!


## મહારાષ્ટ્રના વિકેટકીપર-બેટ્સમેનની પત્ની એન્જિનિયર છે

લખનઊ: મંગળવારે રોયલ ચેલેન્જર્સ બેંગલરુ (આરસીબી) એના કાર્યવાહક કેપ્ટન, વિકેટકીપર અને બેટ્સમેન જિતેશ શર્માએ ધમાકેદાર ઇનિંગ્સ રમીને પોતાને આઈપીએલની એક સીઝન માટે આપવામાં આવનારા ૧૧ કરોડ રૂપિયાના કોન્ટ્રેક્ટ મનીનું વળતર આપી દીધું હતું. આ પ્રસંગે જિતેશના અંગત જીવન વિશે પણ આપણે થોડું રસપ્રદ જાણી લઈએ...

લખનઊએ કેપ્ટન- વિકેટકીપર રિષભ પંત (૧૧૮ અણનમ, ૬૧ બોલ, આઠ સિક્સર, અગિયાર ફોર)ની આ સીઝનની પ્રથમ સદીની મદદથી ત્રણ વિકેટે ૨૨૭ રન કરીને આરસીબીને ૨૨૮ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો.

આરસીબીએ વિરાટ કોહલી (૫૪ રન, ૩૦ બોલ, ૧૦ સિક્સર)ની ઉપયોગી હાફ સેન્ચુરી, ફિલ સોલ્ટના ૩૦ રન તેમ જ જિતેશની મયંક અગરવાલ (૪૧ અણનમ, ૨૩ બોલ, પાંચ ફોર) સાથેની ૧૦૭ રનની અતૂટ ભાગીદારીની મદદથી ૧૮.૪ ઓવરમાં ચાર વિકેટના ભોગે ૨૩૦ રન કરીને યાદગાર વિજય મેળવી લીધો હતો.

આ હાઈ પ્રેશર મુકાબલામાં જિતેશની મેચ વિનિંગ ઇનિંગ્સની મદદથી આરસીબીએ ટોપ-ટૂમાં સ્થાન મેળવી લીધું હતું. હવે આરસીબીની ટીમ પંજાબ સામેની ગુરુવારની ક્વોલિફાયર-વન મેચ જીતીને સીધી ફાઇનલમાં પહોંચી શકશે.



### જિતેશની પત્ની શલાકા પણ મહારાષ્ટ્રની

જિતેશ શર્મા ૩૧ વર્ષનો છે. તે મહારાષ્ટ્રનો છે અને તેની પત્ની શલાકા પણ મહારાષ્ટ્રની જ છે. જિતેશ અને શલાકાએ ઓગસ્ટ ૨૦૨૪માં લગ્ન કર્યા હતા. તેઓ નાનપણથી એકબીજાને ઓળખે છે. શલાકા એન્જિનિયર છે અને ટેકનોલોજીને લગતા કામકાજ સંભાળે છે. તે એમ. ટેકની ડિગ્રી ધરાવે છે. જિતેશને ડોમેસ્ટિક તેમ જ આઈપીએલની કરીઅરમાં શલાકાનો બહુ સારો સપોર્ટ મળ્યો છે. જિતેશ ભારત વતી નવ ટી-૨૦ મેચ રમી ચૂક્યો છે.

### જિતેશ-શલાકાએ સાદાઈથી લગ્ન કર્યા હતા

ઓગસ્ટ, ૨૦૨૪માં જિતેશ શર્મા અને શલાકા માકેશ્વરે મહારાષ્ટ્રના રીતિ રિવાજો મુજબ ખૂબ સાદાઈથી લગ્ન કર્યા હતા. તેમની લગ્નની તારીખ ૮-૮ને તેમના ચાહકો લકી માને છે.

જિતેશે મંગળવારે આરસીબીને વિજય અપાવ્યા પછી સાથી ખેલાડીઓ વિરાટ કોહલી, કૃણાલ પંડ્યા વગેરે સાથે મળીને ડ્રેસિંગ રૂમમાં જીતની ઉજવણી કરી હતી. ■

# ઈંગ્લેન્ડ પ્રવાસ અગાઉ બીસીસીઆઈએ ચોંકાવ્યા: ટી. દિલીપને ફરી ફીલ્ડિંગ કોચની સોંપી જવાબદારી



નવી દિલ્હી: રોહિત શર્મા અને વિરાટ કોહલીની ટેસ્ટમાંથી નિવૃત્તિએ વિશ્વભરના ચાહકોને ચોંકાવી દીધા. આ પછી શુભમન ગિલને આગામી ઇંગ્લેન્ડ પ્રવાસ માટે નવો ટેસ્ટ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. જોકે, આ બધા વચ્ચે બીસીસીઆઇએ ફરી એકવાર બધાને આશ્ચર્યચકિત કર્યા છે અને ટી. દિલીપને પરત બોલાવવામાં આવ્યા છે અને ઇંગ્લેન્ડ પ્રવાસ માટે ફિલ્ડિંગ કોચ તરીકેની નિમણૂક કરાઇ હતી.

વાસ્તવમાં બીસીસીઆઇને યોગ્ય વિકલ્પ ન મળતા આગામી ઇંગ્લેન્ડ પ્રવાસ માટે ટી. દિલીપને રાષ્ટ્રીય ટીમના ફિલ્ડિંગ કોચ તરીકે ફરીથી નિયુક્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં વિજયી અભિયાન પછી બીસીસીઆઇએ કોચિંગ સ્ટાફમાં ફેરફાર કર્યો હતો. ઓસ્ટ્રેલિયા સામે ૨૦૨૪-૨૫ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ભારતના ખરાબ પ્રદર્શન માટે નાયર અને દિલીપને દોષી ઠેરવવામાં આવ્યા હતા અને બોર્ડે ગયા મહિને બંનેને દૂર કરવાનો નિર્ણય લીધો હતો. એક સૂત્રએ જણાવ્યું હતું કે,'દિલીપ એક સારા કોચ છે જેમણે ત્રણ વર્ષથી વધુ સમયથી (૨૦૨૧ થી) ટીમ માટે સારું કામ કર્યું છે. તે આમાંના મોટાભાગના ક્રિકેટરોને ખૂબ નજીકથી જાણે છે, તેથી ઇંગ્લેન્ડ સામેની મોટી શ્રેણી માટે તેમને ટીમમાં સામેલ કરવાનું સારું રહેશે.'

બીસીસીઆઈ નવા ફિલ્ડિંગ કોચ તરીકે વિદેશી ખેલાડીને લાવવા માંગતું હતું, પરંતુ બોર્ડ સમયસર તે કરી શક્યું નહીં. દિલીપને હટાવ્યા પછી સહાયક કોચ રેયાન ટેન ડોશેટને ફિલ્ડિંગ કોચની વધારાની જવાબદારી સોંપવામાં આવી હતી. સૂત્રએ જણાવ્યું હતું કે, ''તેથી આ સમયે નવું નામ લાવવાનો કોઈ અર્થ નથી અને દિલીપ ખેલાડીઓમાં પણ ખૂબ લોકપ્રિય છે.'' તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન દિલીપે કેટલાંક લોકપ્રિય સૂચનો રજૂ કર્યા હતાં, જેનાથી ટીમમાં ફિલ્ડિંગનું સ્તર પણ સુધર્યું હતું. આમાં મેચના દિવસે શ્રેષ્ઠ ફિલ્ડરને મેડલ આપવા અથવા તે મેડલ વિતરણ કરવા માટે કેટલીક પ્રતિષ્ઠિત વ્યક્તિઓને આમંત્રણ આપવાનું પણ સામેલ છે. ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| किल्ली | તાળું |
| दार | બારી |
| कूलुप | ઓરડી |
| खिडकी | દરવાજો |
| खोली | ચાવી |

## ઓળખાણ પડી?

બ્રિટિશ રાજવી પરિવારની અત્યંત ચર્ચાસ્પદ સૌંદર્યવતી મહિલાની ઓળખાણ પડી? ૩૬ વર્ષની ઉંમરે કાર અકસ્માતમાં એનું અવસાન થયું હતું.



અ) માર્ગારિટ  બ) કેથરીન  ક) ડાયેના  ડ) એલિસ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ચે | ૨ ત | ૩ વ | ણી | | ૪ ગો | ૫ ર | ખ | આ | ૬ યા |
| ૭ ત | ર | સ | | ૮ આ | ક | ળ | | | દ |
| ૯ મ | તું | | ૧૦ ભૂ | ગો | ળ | | ૧૧ અ | ૧૨ ડિં | ગા |
| છં | | ૧૩ છા | | ૧૪ ત | ગા | રું | | ૧૫ ગ | ર |
| ૧૬ દ | ર્શ | ન | | ૧૭ રા | ય | | ૧૮ સ | ળ | |
| ર | | ૧૯ ગ | ૨૦ ત | | | ૨૧ ઘા | ત | | ૨૨ ગ |
| | ૨૩ ઉ | પ | ન | ૨૪ ગ | ર | | ૨૫ હ | ૨૬ વ | ડ |
| ૨૭ સા | | ૨૮ તિ | હા | ર | | ૨૯ ક | | ૩૦ શ | ગ |
| ૩૧ હ | ૩૨ રા | યાં | | ૩૩ મા | લ | પૂ | ૩૪ ડા | | ડા |
| ૩૫ સ | મ | | ૩૬ ગા | ળો | | ૩૭ ર | મ | ઝ | ટ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | ૩ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | ૮ | | | | ૯ | |
| ૧૦ | | ૧૦અ | | ૧૧ | | | | ૧૨ | |
| | | ૧૩ | | | | | ૧૪ | | |
| | | | | | | ૧૫ | | | |
| ૧૬ | | | ૧૭ | | ૧૮ | | | | ૧૯ |
| | | ૨૦ | | ૨૧ | | | | ૨૨ | |
| | ૨૩ | | | | | ૨૪ | | | |
| ૨૫ | | | | ૨૬ | ૨૭ | | | ૨૮ | |
| | | ૨૯ | | | | | | ૩૦ | |

### આડી ચાવી

૧. ચોમાસામાં વાતાવરણ --- રહે (૪)
૩. દુરસ્ત કરવું તે (૫)
૭. હાથ (૨)
૮. નવાઈ ઉપજાવે એવું (૩)
૯. કથા, છંદોબદ્ધ વાર્તા (૨)
૧૦. અનુકરણ (૩)
૧૧. મરણના સમાચાર, આફત (૩)
૧૨. રુવાડું (૨)
૧૩. એકંદરે, શુમારે, તદ્દન (૪)
૧૪. ડૂબી જવાય એવો કીચડ (૩)
૧૫. છાણ માટીનો ગારો (૨)
૧૬. તારી જો --- સુણી કોઈ ના'વે, તો તું એકલો જાને રે (૨)
૧૮. માગવું તે (૩)
૨૦. ઉંમર પ્રમાણે (૫)
૨૨. માનતા (૨)
૨૩. ચડાઈ કરનાર (૪)
૨૪. શરીર (૨)
૨૫. ---ના જેવું (૨)
૨૬. સોળે ---, વીસે વાન (૨)
૨૮. ચળકાટ, ઢોળ, શોભા (૨)
૨૯. એક જાણીતું શહેર (૫)
૩૦. ફરફર, ઝડપ, લડાઈ (૨)

### ઊભી ચાવી

૧. --- આવવા જવા માટે જરૂરી (૭)
૨. ટકોરા (૩)
૩. સમાન આકારનું (૪)
૪. માળીની પત્ની (૩)
૫. બૂમાબૂમ, રોકકળ (૪)
૬. મહેનત, પ્રયત્ન (૪)
૮. મોસમ વગરનું (૪)
૧૦અ. જૈનો કાંદા --- ના ખાય (૩)
૧૪. ઘણા લોકોની કથની અલગ, --- અલગ (૩)
૧૫. ગાગરને લાડમાં --- કહે (૪)
૧૭. વિસ્તાર, પરિમાણ, નિગ્રહ (૩)
૧૮. પપ્પાની પત્નીના બનેવી (૨)
૧૯. યુદ્ધ વખતે---કરવો પડે (૫)
૨૦. વાંકું (૨)
૨૧. ખોટ (૪)
૨૩. સામાન્ય (૨)
૨૫. સાચું (૨)
૨૭. બદલો, ગંદકી (૨)
૨૮. ઊતરતાં, હલકાં, ઊણાં (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. સ્ત્રીની એકમાત્ર ભત્રીજીના સગા કાકીની દીકરીના દાદા સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) મામા  બ) સસરા  ક) જેઠ  ડ) કાકાજી

## જાણવા જેવું

અજમ એટલે અરબ દેશ સિવાય બીજો દેશ, ખાસ કરીને ઈરાન અને તુર્કસ્તાન. અરબી ભાષા ન જાણવાના કારણે ઈરાની લોકો આરબ લોકો સામે ચૂપ રહેતા હતા, તેથી આવા માણસોને અરબસ્તાનમાં મૂંગાં કે પ્રાણી જેવા કહેવામાં આવતા. તેથી 'અજમો નો અર્થ જે અરબસ્તાનનો રહીશ ન હોય તે અર્થાત ઇરાની થતો. પછી અજમનો અર્થ ઈરાન પ્રચલિત થઈ ગયો.'

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલા વાક્યમાં છુપાયેલું પક્ષી શોધી કાઢો

ગુજરાતીમાં મચક લીધી નહીં એની બદલે મચક આપી નહીં એ યોગ્ય ભાષા પ્રયોગ છે.

## નોંધી રાખો

અનેક વાર હકીકત એ હોય છે કે જ્યાં સુધી સાચી વાત લોકોના કાન સુધી પહોંચે એ પહેલાં તો ખોટી વાતે અડધી દુનિયા ફરી લીધી હોય છે.

## માઈન્ડ ગેમ

અગાઉ ચૂલો પ્રગટાવવા બાકસનો વપરાશ થતો હતો. દીવાસળી જે સપાટી પર ઘસવામાં આવે છે એ બાકસની સપાટી પર કયો પદાર્થ વપરાય છે?

અ) રેડ ફોસ્ફરસ  બ) સોડિયમ  ક) સિલિકોન  ડ) પોટેશિયમ

## સુડોકુ-૯૦૦૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | ૪ | | | | | |
| ૫ | | ૯ | | | ૭ | ૮ | | |
| ૪ | | | | ૯ | | | | |
| ૯ | | ૨ | | ૮ | | | | ૭ |
| | | ૮ | | ૨ | | ૫ | | |
| ૭ | | | | ૧ | | ૨ | | ૬ |
| | | | | ૭ | | | | ૮ |
| | | ૬ | ૮ | | | ૪ | | ૧ |
| | | | | | ૫ | | ૬ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૯૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | ૨ | ૮ | ૬ | ૫ | ૪ | ૯ | ૩ |
| ૩ | ૪ | ૮ | ૯ | ૭ | ૨ | ૧ | ૬ | ૫ |
| ૫ | ૯ | ૬ | ૪ | ૧ | ૩ | ૮ | ૨ | ૭ |
| ૬ | ૮ | ૧ | ૨ | ૪ | ૭ | ૩ | ૫ | ૯ |
| ૯ | ૭ | ૩ | ૫ | ૮ | ૬ | ૨ | ૧ | ૪ |
| ૨ | ૫ | ૪ | ૧ | ૩ | ૯ | ૬ | ૭ | ૮ |
| ૪ | ૬ | ૭ | ૩ | ૯ | ૧ | ૫ | ૮ | ૨ |
| ૮ | ૨ | ૯ | ૬ | ૫ | ૪ | ૭ | ૩ | ૧ |
| ૧ | ૩ | ૫ | ૭ | ૨ | ૮ | ૯ | ૪ | ૬ |

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| वंचना | ઠગાઈ |
| वीट | ઈંટ |
| विकणे | વેચવું |
| विख | ઝેર |
| वल्मना | બડાઈ |

ગુજરાત મોરી મોરી રે: મામી

ઓળખાણ પડી? ડેનમાર્ક

માઈન્ડ ગેમ: ૨૯

ચતુર આપો જવાબ / માથું ખંજવાળો: જાર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) ભારતી બુચ (૪) મુલરાજ કપૂર (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) હર્ષા મહેતા (૭) ખુશરૂ કાપડિયા (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) લજિતા ખોના (૧૧) નિખિલ બંગાળી (૧૨) અમીશી બંગાળી (૧૩) મહેન્દ્ર લોઢાવિયા (૧૪) મીનળ કાપડિયા (૧૫) મહેશ દોશી (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) ભાવના કર્વે (૧૮) નુતન વિપીન શાહ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) જયવંત પદમશી ચિખલ (૨૨) અલકા વાણી (૨૩) તાહેર ઔરંગાબાદવાલા (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) પ્રવીણ વોરા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) નિતિન જયંતિલાલ બજરિયા (૩૧) સુભાષ મોમાયા (૩૨) પુષ્પા ખોના (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) નીતા દેસાઈ (૩૫) કિશોર બી. સંઘરાજકા (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જગદીશ ઠક્કર (૩૮) અરવિંદ કામદાર (૩૯) મહેશ એન. સંઘવી (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હિના દલાલ (૪૩) રમેશ દલાલ (૪૪) ધીરેન ઉદ્દેશી (૪૫) ગીતા ઉદ્દેશી (૪૬) પ્રતિમા પમાણી (૫૦) જયવંત પદમશી ચિખલ (૫૧) અંબરીષ ઓઝા (૫૨) દિપીકા દોશી

# સેન્સેક્સ વધુ ૨૩૯ પોઈન્ટ ગબડ્યો, આઈટીસીમાં કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: એફએમસીજી અને ઓટો શેરની આગેવાનીએ શરૂ થયેલી વેચવાલીના દબાણ વચ્ચે શેરબજારમાં સતત બીજા દિવસે ઘટાડો જોવા મળ્યો હતો. બ્રિટિશ બહુરાષ્ટ્રીય બીએટી પીએલસી, એફએમસીજી જાયન્ટ આઇટીસીમાંથી પોતાનો સ્ટેક ઘટાડી રહી હોવાના અહેવાલો વચ્ચે તેના શેરમાં કડાકો જોવા મળ્યો હતો. એફએન્ડઓ સેગમેન્ટમાં એક્સપાઇરી હોવાને કારણે રોકાણકારોએ લેણ છૂટા કર્યા હોવાથી વેચવાલીનું દબાણ વધ્યું હતું.

સત્રને અંતે ત્રીસ શેરવાળો બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ ૨૩૯.૩૧ પોઈન્ટ અથવા ૦.૨૯ ટકા ઘટીને ૮૧,૩૧૨.૩૨ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૩૦૭.૬૧ પોઈન્ટ અથવા ૦.૩૭ ટકા ઘટીને ૮૧,૨૪૪.૦૨ પોઇન્ટના સ્તરે બંધ થયો હતો. જ્યારે પચાસ શેર ધરાવતો એનએસઇ બેન્ચમાર્ક ઇન્ડેક્સ નિફ્ટી ૭૩.૭૫ પોઈન્ટ અથવા ૦.૩૦ ટકા ઘટીને ૨૪,૭૫૨.૪૫ના સ્તપ પર બંધ થયો હતો.

સેન્સેક્સના શેરોમાં, આઇટીસી, ઇન્ડસઇન્ડ બેંક, નેસ્લે, અલ્ટ્રાટેક સિમેન્ટ, મહિન્દ્રા અને મહિન્દ્રા, પાવર ગ્રીડ, એશિયન પેઇન્ટ્સ, સન ફાર્મા અને ટેક મહિન્દ્રા અન્ય ટોપ લુઝર રહ્યા હતા. જ્યારે બજાજ ફાઇનાન્સ, ભારતી એરટેલ, આઇસીઆઇસીઆઇ બેંક, અદાણી પોર્ટ્સ અને એચસીએલ ટેકનોલોજીના શેર ટોપ ગેઇનર રહ્યાં હતા. બીએટી પીએલસીએ બ્લોક ડીલ દ્વારા ગ્રુપમાં ૨.૫ ટકા હિસ્સો ઘટાડીને રૂ. ૧૨,૯૨૭ કરોડ (૧.૫૧ બિલિયન ડોલર)માં વેચ્યા પછી આઇટીસીના શેરમાં ટકાથી મોટો કડાકો નોંધાયો હતો. એલઆઇસીના શેરમાં ચોથા ક્વાર્ટરના પરિણામ બાદ લગભગ નવ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. એલઆઇસીએ માર્ચ ક્વાર્ટરમાં ૩૮ ટકાના વધારા સાથે રૂ. ૧૯,૦૧૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

સુપ્રીમ પાવર ઇક્વિપમેન્ટને નવરત્ન પીએસયુ એનએલસી ઇન્ડિયા તરફથી રૂ. ૬૧ કરોડનો માઇલસ્ટોન ઓર્ડર મળ્યો છે. પાવર અને ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર્સના અગ્રણી ઉત્પાદક આ કંપનીને, કોલસા મંત્રાલય હેઠળના નવરત્ન જાહેર ક્ષેત્રના સાહસ, એનએલસી ઇન્ડિયા લિમિટેડ તરફથી રૂ. ૬૦.૯૦ કરોડના મૂલ્યનો નોંધપાત્ર ઓર્ડર મળ્યો છે. જેના માટે અમલીકરણ સમયરેખા આશરે છ મહિનાની છે.

બેલરાઇસ ઇન્ડસ્ટ્રીનો શેર ૧૧ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. ભારતની અગ્રણી જ્વેલરી કંપનીઓમાંની એક, આશાપુરી ગોલ્ડ ઓર્નામેન્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૯૦.૨૩ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૩૧૭.૪૧ કરોડની કુલ આવક ૪૭.૮૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૭.૨૩ કરોડનો એબિટા, ૫૬.૭૭ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૨.૦૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ભારતીય હેલ્થટેક પ્લેટફોર્મ પ્રેક્ટોએ યુએઈમાં સેવાઓ શરૂ કરી. અગ્રણી ગ્લોબલ ડિજિટલ હેલ્થકેર પ્લેટફોર્મ પ્રેક્ટો હવે યુએઈમાં ઉપલબ્ધ છે. આબુ ધાબી, દુબઈ અને શારજાહના વપરાશકર્તાઓ હવે પસંદગીના ડોકટરો સાથે એપોઇન્ટમેન્ટ બુક કરી શકે છે અને વધુ સારા સ્વાસ્થ્ય નિર્ણયો લેવા માટે હજારો દર્દી સમીક્ષાઓ જોઈ શકે છે. ૧૭ વર્ષના હેલ્થકેર ટેકનોલોજી અનુભવ અને ભારતમાં ૪૦૦ મિલિયનથી વધુ વપરાશકર્તાઓ સાથે, પ્રેક્ટો પાસે પહેલાથી જ તેના પ્લેટફોર્મ પર ૩૧,૦૦૦ ડોકટરો, ૩,૦૦૦ હેલ્થકેર સર્વિસ અને ૮૫૦,૦૦૦ માસિક સક્રિય યુએઈ વપરાશકર્તા છે.

નાના શેરોમાં વિરોધાભાસી ચોલ જોવા મળી હતી. બીએસઇનો સ્મોલ કેપ ઇન્ડેકસ ૦.૫૦ ટકા વધ્યો હતો જ્યારે મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૨૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. સેકટરલ ઇન્ડેક્સમાં ૧.૩૩ ટકાના સૌથી મોટો ધબડકો એફએમસીજી ઇન્ડેક્સમાં જોવા મળ્યો હતો. આ પછી મેટલ ઇન્ડેક્સમાં ૦.૬૯ ટકા, ઓટો ઇન્ડેક્સમાં ૦.૬૭ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલમાં ૦.૫૮ ટકા, કોમોડિટિઝમાં ૦.૫૨ ટકા અને કન્ઝયુમર ડિસ્કેશનરી ઇન્ડેક્સમાં ૦.૫૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ફાઇનાન્શિયલ સર્વિસિસ, ઇન્ડસ્ટ્રીઅલ્સ, ટેલિકોમ્યુનિકેશન, બેન્કેક્સ, કેપિટલ ગુડ્સ, સર્વિસિસ અને ટેકનોલોજી સેકટરના ઇન્ડેક્સ ગેઇનર રહ્યા હતા.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ હકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયો હતો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ હેંગસેંગ નીચા સ્તરે બંધ થયો હતો. યુરોપમાં બજારો નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો ઝડપથી ઊંચા સ્તરે બંધ થયા. નાસ્ડેક કમ્પોઝિટ ૨.૪૭ ટકા, એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ ૨.૦૫ ટકા અને ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૧.૭૮ ટકા વધ્યો હતો.

સ્તાનિક બેન્ચમાર્ક ઇન્ડેક્સ નકારાત્મક પૂર્વગ્રહ સાથે રેન્જબાઉન્ડ રહ્યા હતા. મુખ્યત્વે વિદેશી ફંડો તરફથી સમર્થનના અભાવ અને પ્રવર્તમાન પ્રીમિયમ મૂલ્યાંકનને કારણે પીછેહઠ થઇ હતી. ૯૦ દિવસના વિરામ સમયગાળાના અંત પછી ભારત તથા અમેરિકાના વેપાર સંબંધો પરની ચિંતાનું બાહ્ય જોખમ પમ જળુંબી રહ્યું હોવાનું, જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના સંશોધન વડા વિનોદ નાયરે જણાવ્યું હતું.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળવારે રૂ. ૩૪૮.૪૫ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૬૯ ટકા વધીને ૬૪.૫૭ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. મંગળવારે, બીએસઇ સેન્સેક્સ ૬૨૪.૮૨ પોઈન્ટ અથવા ૦.૭૬ ટકા ઘટીને ૮૧,૫૫૧.૬૩ પર સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૧૭૪.૯૫ પોઈન્ટ અથવા ૦.૭૦ ટકા ઘટીને ૨૪,૮૨૬.૨૦ પર બંધ થયો.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સકારાત્મક બાબતોમાં ચોમાસાનું વહેલું આગમન અને રિઝર્વ બેંક દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે સરકારને ૨.૬૯ લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ ડિવિડન્ડની જાહેરાતથી બજારોમાં આશાવાદી વલણમાં વધારો થયો છે. રિઝર્વ બેંકે શુક્રવારે નાણાકીય વર્ષ ૨૫ માટે સરકારને ૨.૬૯ લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ ડિવિડન્ડની જાહેરાત કરી હતી, જે ૨૦૨૩-૨૪ કરતા ૨૭.૪ ટકા વધુ છે, જેનાથી સરકારી તિજોરીને યુએસ ટેરિફ અને પાકિસ્તાન સાથેના સંઘર્ષને કારણે સંરક્ષણ પર વધતા ખર્ચને કારણે ઊભા થયેલા પડકારોનો સામનો કરવામાં મદદ મળી છે.

જોકે, ચોમાસાના વહેલા આગમનને કારણે કાંદા, બટાટા સહિતની આવશ્યક જણસોનું નુકસાન પણ થયું હોવાના અહેવાલ છે અને પરિણામે સરકારે ખેડૂતોને અમુક આઇટમમાં મિનિમમ સપોર્ટ પ્રાઇસમાં પણ વધારો જાહેર કયો૪ છે. આને પરિણામે મોંઘવારી અને ફુગાવો વધી શકે છે. એ જ રીતે, ભારત જાપાનને પાછળ છોડીને વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બન્યું હોવાના અહેવાલો બાદ નીતિ આયોગે ફેરવી તોળતા એમ જણાવ્યું છે કે વર્ષના અંત સુધીમાં ભારત ત્રીજુ સ્થાન મેળવી શકે છે.

આગળ જોતાં, રોકાણકારો આગામી ભારતીય જીડીપીના આંકડાઓ, યુએસ બિગ બજેટ, ફુગાવાના ડેટા અને સાપ્તાહિક રોજગારીના દાવાઓ પર નજીકથી નજર રાખશે, જેથી સ્થાનિક અને વૈશ્વિક સ્તરે આર્થિક સુધારાની મજબૂતાઈ અને માર્ગનું મૂલ્યાંકન કરી શકાય. રિઝર્વ બેન્ક તરફથી વિક્રમી ડિવિડન્ડની ચૂકવણીને કારણે સરકારને રાજકોષીય ટેકો મળશે એવી ધારણાં વચ્ચે ભારતીય બોન્ડ યીલ્ડમાં ઘટાડો જોવા મળ્યો છે. રોકાણકારોનું ધ્યાન અમેરિકા અને ભારતની વેપાર વાટાઘાટો અને મજબૂત સ્થાનિક મેક્રોઇકોનોમિક સંકેતો પર વધુ કેન્દ્રિત છે. જો કે, વધતા યુએસ દેવાની ચિંતાઓ વચ્ચે વધી રહેલા યુએસ બોન્ડ યીલ્ડને કારણે તાજેતરના નોંધાયેલો એફઆઇઆઇનો આઉટફ્લો બજારના સેન્ટિમેન્ટ પર દબાણ લાવી શકે છે. ■

# વૈશ્વિક સોનાએ પુનઃ ૩૩૦૦ ડૉલરની સપાટી અંકે કરતા સોનામાં ₹ ૫૪૮નો અને ચાંદીમાં ₹ ૯૨૧નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક બુલિયન માર્કેટમાં ગઈકાલે સોનાના ભાવે એક ટકા જેટલા ઘટાડા સાથે ઔંસદીઠ ૩૩૦૦ ડૉલરની સપાટી ગુમાવ્યા બાદ નીચા મથાળેથી રોકાણકારોનું આકર્ષણ વધતાં ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. તેમ જ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં ભાવમાં ૦.૬ ટકાનો સુધારો આગળ ધપ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં પણ ૦.૨ ટકાનો સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૪૬થી ૫૪૮નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૯૨૧નો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૯૨૧ વધીને રૂ. ૯૭,૪૪૬ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૪૬ વધીને રૂ. ૯૫,૩૧૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૪૮ વધીને રૂ. ૯૫,૭૦૦ના મથાળે રહ્યા હતા. જોકે, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ એક તબક્કે એક ટકા જેટલા ઘટાડા સાથે ઔંસદીઠ ૩૩૦૦ ડૉલરની સપાટીની અંદર ઊતરી ગયા બાદ નીચા મથાળેથી બાર્ગેન હંન્ટિંગ નીકળતાં ભાવે પુનઃ ૩૩૦૦ ડૉલરની સપાટી અંકે કરી હતી. તેમ જ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદાના ભાવમાં વધુ ૦.૬ ટકાનો સુધારો આગળ ધપતા ભાવ અનુક્રમે ઔંસદીઠ ૩૩૧૯.૬૧ ડૉલર અને ૩૩૧૮.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૩.૧૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૩૩૦૦ ડૉલરની સપાટીની અંદર ઊતરી જતાં થોડાઘણાં અંશે ખરીદદારોનું આકર્ષણ જોવા મળ્યું હતું, પરંતુ અમેરિકા-યુરોપિયન યુનિયન વચ્ચેનાં ટ્રેડ વૉરનો તણાવ હળવો થવાથી એકંદરે સોનામાં ભાવવધારો મર્યાદિત રહ્યો હોવાનું કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવતાં ઉમેર્યું હતું કે હાલના તબક્કે વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૩૨૫૦થી ૩૨૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી છે. તેમ છતાં જો જોખમી પરિબળોમાં વધારો થાય તો ભાવ વધીને ઔંસદીઠ ૩૪૦૦ ડૉલરની સપાટી સુધી પહોંચી શકે છે.

હાલમાં બજાર વર્તુળોની નજર ફેડરલ રિઝર્વની નીતિ માટે નિર્ણાયક પુરવાર થાય તેવાં આગામી શુક્રવારે જાહેર થનારા પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટા પર સ્થિર થઈ છે. જોકે, ગઈકાલે અમેરિકાના મે મહિનાના કન્ઝ્યુમર કોન્ફિડેન્સ ઈન્ડેક્સ અથવા તો ગ્રાહક વિશ્વાસ ભાવાંકમાં સતત પાંચ મહિનાના ઘટાડા બાદ રિબાઉન્ડ જોવા મળ્યું હતી. એકંદરે ટ્રમ્પનાં ટૅરિફની ભાવ તથા અર્થતંત્ર પર કેવી અસર પડે છે તેના પર સોનાના ભાવની વધઘટનો આધાર રહેશે, એમ ટીમ વૉટરરે જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં રોકાણકારોની નજર શુક્રવારે જાહેર થનારા એનવિડિયાનાં પરિણામો અને પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર છે. ■

# ઘઉં પર આગામી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી સ્ટોક મર્યાદા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ કેન્દ્ર સરકાર ગઈકાલે મોડી સાંજે એક નોટિફિકેશન જાહેર કરીને આગામી ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી અમલી બને તેમ તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ઘઉં પર સ્ટોક મર્યાદા લાદી છે.

નોટિફિકેશન અનુસાર હોલસેલ વેપારીઓ માટેની સ્ટોક મર્યાદા ૩૦૦૦ ટન, રિટેલ વેપારીઓ માટે દુકાન દીઠ ૧૦ ટન, મોટા ચેઈન રિટેલરો માટે પ્રત્યેક આઉટલેટદીઠ ૧૦ મેટ્રિક ટન (કુલ દુકાનની સંખ્યાના ૧૦ ગણા) તથા પ્રોસેસરો માટે માસિક ક્ષમતાના ૭૦ ટકા અનુસાર વર્ષ ૨૦૨૫-૨૬નાં શેષ મહિનાના ગુણાંકમાં સ્ટોક મર્યાદા નિર્ધારિત કરી છે.

દરેક એકમોએ સ્ટોકની વિગતો સરકારી પોર્ટલ પર જાહેર કરવાની રહેશે. જોકે, હાલના તબક્કે જે એકમો પાસે નિર્ધારિત કરતાં વધુ સ્ટોક હશે તેઓએ તેનો ૧૫ દિવસમાં નિકાલ કરવાનો રહેશે, એમ નોટિફિકેશનમાં ઉમેર્યું હતું.

એકંદરે આ વર્ષે ઘઉંની પ્રાપ્તિનો લક્ષ્યાંક હાંસલ ન થવાથી સરકાર મોંઘવારી બાબતે કોઈ બાંધછોડ કરવા તૈયાર ન હોવાથી સ્ટોક મર્યાદા લાદવામાં આવી હોવાનું સ્થાનિક બજારનાં વિશ્લેષક દેવેન્દ્ર અમૃતલાલ વોરાએ જણાવતાં ઉમેર્યું હતું કે આ સિવાય સરકારે બિહાર, તમિળનાડુ તથા કેરળની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પણ આ નિર્ણય લીધો હોવાની શક્યતા નકારી ન શકાય. નોંધનીય બાબત એ છે કે કમોસમી વરસાદને કારણે સરકાર પાસે ઉત્પાદનના સાચા આંકડાઓનો ઉપલબ્ધ નથી થયા. જોકે, સરકાર ફ્લોરમિલરોની ઘઉંની બનાવટો માટે નિકાસ છૂટ ઉપર હાલ તુરંત કોઈ નિર્ણય લે તેવી શક્યતા નથી, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે એકંદરે ઘર આંગણે માલની અછત ના થાય તે માટે સરકારે પાણી આવે તે પહેલા પાળ બાંધી હોવાથી નજીકના ભવિષ્યમાં ઘઉંના ભાવ વધવાની શક્યતા ન હોવાનું તેમણે ઉમેર્યું હતું.■

## ગુજરાત

# અમદાવાદના ચંડોળા વિસ્તારમાં બીજા તબક્કામાં ડિમોલિશનની પ્રક્રિયા હાથ ધરાઈઃ ગેરકાયદેસર મંદિર-મસ્જિદ તોડી પડાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં ચંડોળા વિસ્તારમાં ફરી વખત ડિમોલિશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. બુધવારે બીજા તબક્કામાં ગેરકાયદેસર દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મંદિર અને મસ્જિદના બાંધકામ તોડવામાં આવ્યા હતા.

અમદાવાદના ચંડોળા વિસ્તારમાં ગેરકાયદે દબાણો દૂર કરવા બીજા તબક્કાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. બીજા રાઉન્ડમાં ગરીબ નવાઝ મસ્જિદ, હનુમાનજી મંદિર અને દશામાના મંદિર સહિતના ૪ ગેરકાયદે ધાર્મિક બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા.

અમદાવાદના ચંડોળા તળાવમાં નાના-મોટા બાંધકામ સહિત કુલ ૧૨૦૦૦થી વધુ દબાણો તોડી પાડવામાં આવ્યાં હતા. તા. ૨૮ મે બુધવારના સવારથી કોર્પોરેશનના દક્ષિણ ઝોન અને અન્ય ઝોનની એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા ચુસ્ત પોલીસ-બંદોબસ્ત વચ્ચે ધાર્મિક સ્થાનો દૂર કરવામાં આવ્યાં હતાં.

૫ હિટાચી મશીન, જેસીબી સાથે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ધાર્મિક સ્થાનો તોડવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ સિવાય ઇસનપુર વિસ્તારમાં દશા માતા મંદિર સહિત તળાવની આસપાસનાં મકાનો પણ તોડવામાં આવ્યાં હતાં. ઇસનપુર સૂર્યનગર ચોકીથી શાહઆલમ તરફ જતા ગરીબ નવાબ મસ્જિદ ચંડોળા તળાવમાં સૌથી મોટી મસ્જિદ ગણાતી તેને દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી. મસ્જિદ તોડતા પહેલા ધાર્મિક વસ્તુઓ અને પુસ્તકો સહિતની ચીજવસ્તુઓ કાઢી લેવામાં આવી હતી.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ડીસીપી અને સેક્ટર ૨ જેસીપી તેમજ ઝોન ૬ ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ અને ૫૦૦થી વધુ પોલીસ કર્મચારીઓના બંદોબસ્ત સાથે ધાર્મિક સ્થાનો તોડવાની કાર્યવાહી કરવામાં આવી હતી. ચંડોળા ડિમોલિશનના બીજા તબક્કામાં આશરે ૨.૫ લાખ ચોરસ મીટર ગેરકાયદે બાંધકામ દૂર કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત થતી વિગત મુજબ હાલમાં કોઈ પણ લોકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો નથી, પરંતુ ધાર્મિક દબાણો દૂર કરાતા લોકોની ધાર્મિક લાગણી દુભાતી જોવા મળી હતી.

ડિમોલિશનની પ્રક્રિયા થયા બાદ સંપૂર્ણ કાટમાળ દૂર કરી દીવાલનું બાંધકામ કરવામાં આવશે. જેથી કરીને આવનાર સમયમાં અન્ય કોઈ ગેરકાયદે બાંધકામ કરે નહીં. ■

# ગુજરાતની ૮,૩૨૬ ગ્રામ પંચાયતોની ચૂંટણીની તારીખ જાહેર, બાવીસ જૂને મતદાન પચીસ જૂને મતગણતરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી ગ્રામપંચાયતની ચૂંટણી અંગે અટકળો લગાવવામાં આવી રહી હતી. અંતે બુધવારે ગાંધીનગર ખાતે રાજ્ય ચૂંટણી પંચના કમિશનર દ્વારા રાજ્યમાં ૨.૫ વર્ષથી ખોરંભે મુકાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી હતી. રાજ્યના ચૂંટણી કમિશનર ડો એસ મુરલીકૃષ્ણ ચૂંટણીની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, રાજ્યની ૮૩૨૬ ગ્રામપંચાયતની ચૂંટણી માટે ૨૨ જૂને મતદાન યોજાશે અને ૨૫ જૂને મતગણતરી હાથ ધરાશે.

આ અંગે ૨ જૂને ચૂંટણી અંગેનું જાહેરનામું બહાર પડાશે. ૯ જૂન સુધી ઉમેદવારીપત્ર ભરી શકાશે. ૧૦ જૂને ફોર્મની ચકાસણી કરાશે અને ૧૧ જૂન સુધી ઉમેદવારી પત્ર પરત ખેંચી શકાશે. ગ્રામપંચાયતની ચૂંટણીમાં કુલ ૧.૩૦ કરોડ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. કુલ ૮૩૨૬ પંચાયતોમાંથી ૪૬૮૮ પંચાયતોમાં (સામાન્ય/વિભાજન/મધ્યસત્ર ચૂંટણી) જ્યારે ૩૬૩૮ પંચાયતોમાં પેટા ચૂંટણી યોજાશે. મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ ૨૭ મી મે ૨૦૨૫ ના રોજ કરવામાં આવી હતી અને ૨૮ મે બુધવારના રોજ ચૂંટણી જાહેર કરવામાં આવી હતી.

જ્યારે ૨૮ મે બુધવારના દિવસથી જ આચારસંહિતાનો પણ અમલમાં આવશે. પંચાયતોની ચૂંટણીમાં ઈવીએમનો ઉપયોગ થશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં જ ૪ હજાર ગ્રામ પંચાયતમાં ૩ વર્ષથી વહીવટદાર શાસન ચાલી રહ્યું છે, જેમાં વધુ ૧૪૦૦ પંચાયતોની મુદ્દત ૩૦ જૂને પૂર્ણ થઈ રહી છે.

ગુજરાતમાં ગ્રામપંચાયતોની ચૂંટણી માટે રોટેશન પ્રક્રિયામાં ઓબીસી માટે અનામત ૧૦ ટકાથી વધારી ૨૭ ટકા કરવાની પ્રક્રિયા વિચારણા હેઠળ હતી. આ માટે રાજ્ય સરકારે ઝવેરી કમિશનની રચના કરીને વિધાનસભા ગૃહમાં કાયદો પસાર કર્યો હતો.

આ કાયદાને લગતી પ્રક્રિયા પૂર્ણ નહીં થતાં ગ્રામપંચાયતોની ચૂંટણી લંબાઈ હતી, પરંતુ હવે તમામ જિલ્લા કલેક્ટરોને સરપંચ સહિતના પદો માટે રોટેશન જાહેર કરવા સૂચના આપવામાં આવી છે. ગ્રામપંચાયતની ચૂંટણી યોજવા માટે સૂચના અપાયા બાદ ૧ એપ્રિલ ૨૦૨૨ થી ૩૦ જૂન ૨૦૨૫ સુધીમાં જે ગ્રામપંચાયતોની મુદત પૂર્ણ થતી હોય એની ચૂંટણી યોજાશે.

અગાઉ રાજ્ય ચૂંટણી પંચે કલેક્ટરોએ પત્ર લખી પંચાયતોની ચૂંટણી માટે સજ્જ રહેવા આદેશ કર્યો હતો. આ ઉપરાંત જરૂરિયાત મુજબ મતદાન મથકથી માંડીને સ્ટ્રોંગરૂમ નક્કી કરવા જરૂરી સૂચના અપાઈ હતી.

ચૂંટણીપંચે બેલેટપેપર છપાવવા પ્રિન્ટિંગ પ્રેસ નક્કી કરવા, ચૂંટણીનું સાહિત્ય અને સ્ટેશનરીની ખરીદી કરવા ટેન્ડરપ્રક્રિયા કરવા પણ જણાવી દીધું હતું. કલેક્ટરોને પોલીસ ઉપરાંત ચૂંટણી સ્ટાફ માટેનો ડેટાબેઝ તૈયાર કરવા અને ચૂંટણી અધિકારી-મદદનીશ ચૂંટણી અધિકારી-કાઉન્ટિંગ સ્ટાફને તાલીમ આપવા પણ આયોજન કરાયુ હતું. ■

# કચ્છમાં ફરી કોરોનાની એન્ટ્રી, ભુજ અને ગાંધીધામમાં કોવિડના ૩ કેસ નોંધાયા

## આરોગ્ય તંત્ર હાઈ એલર્ટ પરઃ ટ્રેકિંગ-ટ્રેસિંગ વધારાશેઃ શંકાસ્પદ કેસો પર રખાશે નજર

ભુજઃ ગુજરાતમાં એકવાર કોવિડ-૧૯ના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક સ્તરે વધારો નોંધાઈ રહ્યો છે ત્યારે લાંબા બ્રેક બાદ કચ્છમાં ઓમિક્રોનના નવાં વેરિયન્ટની હાજરી દેખાતાં સ્વાસ્થ્ય વિભાગ સતર્ક બન્યો છે. જિલ્લાના મુખ્ય મથક ભુજમાં બે અને ઔદ્યોગિક નગરી ગાંધીધામમાં એક મળી કુલ ત્રણ લોકો કોરોના સંક્રમિત થતા આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું હતું. તંત્ર દ્વારા સંક્રમિત થયેલા દર્દીઓ અને તેમના સંપર્કમાં આવેલા વ્યક્તિઓને ત્વરિત હોમ ક્વોરેન્ટાઇન કરવામાં આવ્યા છે.

આ અંગે ઇન્ચાર્જ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કેશવકુમારે જણાવ્યું હતું કે, ભુજમાં ૩૭ અને ૩૪ વર્ષની આયુના પુરુષ તેમજ ગાંધીધામમાં ૪૧ વર્ષીય પુરુષ દર્દી કોરોના સંક્રમિત થયા છે. શરદી-તાવની દવાઓ લેવા છતાં તેમને કોઈ રાહત ન મળતાં તેમણે અહીંની ખાનગી લેબોરેટરીમાં કોરોનાનું પરીક્ષણ કરાવતાં રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

ડો. કેશવકુમારે વધુમાં જણાવ્યું હતું કે, જે ત્રણ દર્દી કોરોના સંક્રમિત થયા એ તમામની સ્થિતિ હાલ સ્વસ્થ છે પણ તકેદારીના ભાગરૂપે તેમને સાત દિવસ માટે હોમ ક્વોરેન્ટાઇન કરવામાં આવ્યા છે. આ સંક્રમિત લોકોના સંપર્કમાં આવેલા દસથી બાર જેટલા વ્યક્તિઓનું ટ્રેસીંગ કરીને ઘરે જ આઈસોલેશનમાં રહેવાની સૂચના આપી દેવામાં આવી છે. કોરોના સંક્રમિત દર્દીઓએ વર્ષ ૨૦૨૧માં કોવિડ વેક્સિનના બે ડોઝ અને ત્યારબાદ બુસ્ટર ડોઝ પણ લીધેલા છે. સરકારની માર્ગદર્શિકા અનુસાર તમામના સેમ્પલ મેળવી સરકારી લેબમાં પરીક્ષણ હેતુ મોકલવામાં આવશે. તમામ સંક્રમિત દર્દીના જિનેટિક પરીક્ષણનો રિપોર્ટ આવવાનો હજુ બાકી હોવાનું તેમણે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છમાં એકાદ વર્ષના સમયગાળા બાદ કોરોનાએ રી-એન્ટ્રી કરી છે. છેલ્લે અબડાસા તાલુકામાં કેસ નોંધાયો હતો. અત્યારે કચ્છમાં કોરોના પરીક્ષણ માટે અંદાજે ૮૦૦ જેટલી કીટ ઉપલબ્ધ છે. ■

# અમદાવાદના વસ્ત્રાલમાં પરિણીતાની નિર્મમ હત્યા, મૃતક-આરોપી વચ્ચે ૨૦૧૪થી પ્રેમસંબંધ હતો

અમદાવાદઃ શહેરના વસ્ત્રાલમાં પરિવાર સાથે રહેતી પરિણીતાની તેના જ ઘરમાં જૂના પાડોશીએ હત્યા કરતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. આરોપી યુવક પરિણીતાને મળવા માટે અને વાતચીત માટે દબાણ કરતો હતો, પરંતુ પરિણીતાએ મળવા આવવાનો ઈનકાર કરી દેતાં તે છરી સાથે પરિણીતાના ઘરે આવ્યો હતો અને હુમલો કરી દીધો હતો. માતાને લોહીલુહાણ હાલતમાં જોઈ મૃતકની પુત્રીએ તેના પિતાને ફોન કરતા પિતા દોડી આવ્યા હતા અને ૧૦૮ને જાણ કરી હતી, પરંતુ આરોપીએ છરીના ઘા ક્રૂરતાપૂર્વક માર્યા હોવાના કારણે પેટમાંથી આંતરડું બહાર આવી જતાં મોત નીપજ્યું હતું. પોલીસે આરોપીને રાઉન્ડ અપ કરી લીધો હતો.

મળતી વિગત મુજબ વસ્ત્રાલની હર ભોળેનાથ સોસાયટીમાં રહેતા ચંદ્રકાંતભાઈ મંગળવારે( ૨૭ મે)ના રોજ તેમના કામધંધા ઉપર ગયા હતા ત્યારે સાંજે તેની પત્ની અંકિતાના જૂના પ્રેમી અશોક પટેલનો મળવા માટે ફોન આવ્યો હતો. અંકિતાએ મળવાનો ઈન્કાર કરતા રાતના સમયે અશોક પટેલે અંકિતા પર જીવલેણ હુમલો કર્યો હતો. અશોક અંકિતાના શરીર પર ઉપરાછાપરી છરીના ઘા ઝીંકી જતો રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, મૃતક અંકિતા અને આરોપી અશોક પટેલ વચ્ચે ૨૦૧૪થી પ્રેમસંબંધ હતો. મંગળવારે કોઈ અણબનાવ બનતાં હત્યાના બનાવને અંજામ અપાયો હતો. ■


**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**SLR કમ્પાર્ટમેન્ટના લિઝીંગ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી**

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા IREPS દ્વારા ભાવનગર ડિવિઝન થી ઉપડતી ટ્રેનોના SLR કમ્પાર્ટમેન્ટના લિઝીંગ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી આમંત્રિત કરે છે. હરાજી IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે મુજબ છે.

**ઈ-હરાજી આમંત્રિત કરતી સૂચના**

કોન્ટ્રાક્ટનો પ્રકાર : પાર્સલ સ્પેસનું લિઝીંગ — કેટલોગ નં. લિઝ-૨૦૨૫-૦૭

સ્થળ અને સંપત્તિની વિગત

SLRs ના ૩.૯/૦૪ ટન પાર્સલ સ્પેસ ના લિઝ કોન્ટ્રાક્ટ માટે હરાજી

| અનું. નં. | ટ્રેન નં. | કમ્પાર્ટમેન્ટ | આવૃત્તિ | અહીં થી | અહીં સુધી |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૦૧૬ | FSLR-I | દરરોજ | PBR (પોરબંદર) | DDR (દાદર) |
| ૨ | ૧૯૦૧૬ | RSLR-I | દરરોજ | PBR (પોરબંદર) | DDR (દાદર) |
| ૩ | ૧૯૨૧૮ | RSLR | દરરોજ | VRL (વેરાવળ) | BDTS (બાંદ્રા ટર્મિનસ) |

(૧) ઈ-હરાજી **તા.૧૨-૦૬-૨૦૨૫** ના **૧૧:૦૦** કલાક થી શરૂ થશે **(૨)** હરાજીમાં ભાગ લેવા માટે IREPS ઈ-હરાજી લિઝીંગ પોર્ટલ પર નોંધણી કરાવવી જરૂરી છે. **(૩)** વધુ વિગતો માટે www.ireps.gov.in પર લોગ ઈન કરો.

BVP-039

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ

Dir./IT/550827 તારીખઃ ૨૮.૦૫.૨૦૨૫

**ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર નીચેના કાર્ય માટે પ્રિસ્ક્રાઈબ્ડ બિડ ફોર્મમાં ઓનલાઈન ઈ-ટેન્ડરિંગ સિસ્ટમ વાટે બિડને આમંત્રિત કરે છેઃ

| | |
|---|---|
| બિડ નંબર | 2025_MCGM_1182423_1 |
| વિષય | બીએમસીની કલાઉડ સર્વિસીસનું પ્રોવિઝનિંગ, કોન્ફીગરેશન, ટેસ્ટિંગ, કમિશનિંગ, ઓપરેશન્સ અને મેન્ટેનન્સ. |
| બિડની શરૂઆતની તારીખ અને સમય | ૨૯/૦૫/૨૦૨૫ ૧૧.૦૦ કલાકે |
| બિડની અંતિમ તારીખ અને સમય | ૧૮/૦૬/૨૦૨૫ ૧૬.૦૦ કલાકે |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| કોન્ટેક પર્સન | શ્રી અનિકેત પાટીલ |
| કોન્ટેક નંબર | ૦૨૨-૨૨૭૫૪૦૬૮/૯૬૬૪૦૦૦૨૬૪ |
| ઈ-મેલ | am01.it@mcgm.gov.in<br>director.it@mcgm.gov.in |

ઈચ્છુક લાયક બિડર ઈ-ટેન્ડર અને પીક્યૂસી અંગેની માહિતી મહાટેન્ડર પોર્ટલ https://mahatenders.gov.in કે ડિરેક્ટર (આઈટી)ની ઓફિસ, બેસમેન્ટ, એનેક્સ બિલ્ડિંગ, મ્યુનિસિપલ હેડ ઓફિસ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧થી મેળવી શકે.

સહી/-
ડિરેક્ટર (આઈટી) આઈ/સી

PRO/522/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# નાળાસફાઈ, મીઠી નદીના કૌભાંડો માટે શ્વેતપત્ર બહાર પાડવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં સોમવારે થયેલી અતિવૃષ્ટિ બાદ સર્જાયેલી પૂરજનક પરિસ્થિતિ અને મુંબઈગરાને થયેલી હાલાકી બાદ ભાજપના પ્રતિનિધિ મંડળે બુધવારે પાલિકાના કમિશનર ભૂષણ ગગરાણીની મુલાકાત લઈને પાલિકામાં છેલ્લા ૨૦ વર્ષથી પ્રલંબિત રહેલા બ્રિમસ્ટોર્વડ વરસાદી પાણીનો નિકાલની વ્યવસ્થા, નાળાબાંધકામ સહિત પાલિકાના જુદા જુદા પ્રોજેક્ટ પર અત્યાર સુધી ખર્ચેલા એક કરોડ રૂપિયાના કામની માહિતી આપતું શ્વેતપત્ર બહાર પાડવાની માગણી કરી હતી.

પાલિકાએ ૨૦ વર્ષમાં ૮૦ લાખ કરોડના બજેટમાં ૪૦ ટકા કામ વિકાસના કર્યા છે તો બાકીના ફકત ૧૦ ટકા નાળા, મીઠી નદી, બ્રિમસ્ટોર્વડનો ખર્ચ પકડયો તો પણ ૨૦ વર્ષમાં મુંબઈગરાના એક લાખ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે, તેનો હિસાબ આપો એવી માગણી પણ ભાજપે કરી હતી.

બ્રિમસ્ટોર્વડ પ્રોજેકટમાં અત્યાર સુધી કેટલો પૂરો થયો અને ૨૦૧૭ સુધી કેટલો ખર્ચ થયો તેમ જ ૨૫થી ૫૦ મિ.મી. વરસાદ થાય તો તેને પહોંચી વળવા યંત્રણા ઊભી કરવામાં આવવાની હતી તે કેમ પૂરી થઈ નથી અને વધુ વરસાદ પડયો તો શું એ બાબતે ભાજપે કમિશનર પાસે જવાબ પણ માગ્યા હતા.

મીઠી નદીના કૌભાંડ સહિત ૮૨ જોખમી સ્થળોમાંથી ૪૭ ભેખડ ધસી પડવાના જોખમી સ્થળો પર મ્હાડાએ જાળી લગાવી છે. તો અમુક જગ્યાએ ભંડોળના અભાવે જાળી લાગી નથી અને કામ અધૂરું છે ત્યાં પાલિકાએ ભંડોળ આપીને કામ પૂરું કરાવે એવી માગણી પણ ભાજપે કરી હતી.

જો પાલિકાએ તાત્કાલિક પગલાં નહીં લીધા તો પાલિકા કમિશનર તે માટે જવાબદાર હશે એવી ચીમકી પણ ભાજપે કમિશનરને આપી હતી. તેમ જ કમિશનર પાસેથી તમામ કામ આઠ દિવસમાં પૂરા

(જુઓ પાનું ૪) ▶▶

## શાહની મહારાષ્ટ્ર મુલાકાત બાદ

# મોટો ખેલો?

### ભાજપ-ઉદ્ધવ એકસાથે આવવાની અટકળોઃ ફડણવીસે આપ્યા સંકેત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં 'ઠાકરે બ્રધર્સ' એકસાથે આવવાની અટકળો બાદ એક નવી ચર્ચા સામે આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ભાજપ અને ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) પાલિકાની ચૂંટણીમાં ફરીથી બંને સાથે આવી શકે છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે બંને પક્ષો વચ્ચે પડદા પાછળ પણ વાતચીત ચાલી રહી છે.

જો આવું થાય, તો શિવસેનાના બે ભાગમાં વિભાજન થયા પછી તે મહારાષ્ટ્રના રાજકારણમાં બીજો સૌથી મોટો રાજકીય 'ખેલો' હશે. આ ચર્ચા એવા સમયે સામે આવી છે જ્યારે થોડા દિવસો પહેલા જ મનસેના વડા રાજ ઠાકરેએ કહ્યું હતું કે મહારાષ્ટ્રના રાજકારણમાંથી પવાર

(જુઓ પાનું ૪) ▶▶

### ભૂતકાળને ભૂલી જવાના પ્રયાસો

રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે ભાજપે શિવસેના યુબીટીને સંકેત આપ્યો છે કે જો બંને પક્ષો ભૂતકાળને ભૂલીને સાથે આવે, તો રાજ્યમાં રાજકારણનો એક નવો અધ્યાય લખાઈ શકે છે. ભાજપે એવો પણ સંકેત આપ્યો છે કે જો શિવસેના યુબીટી એનડીએમાં પાછી આવે છે, તો તેને મહારાષ્ટ્ર સરકારમાં પણ યોગ્ય પ્રતિનિધિત્વ મળી શકે છે. મુખ્ય પ્રધાનપદને લઈને બંને પક્ષોના રસ્તા અલગ થઈ ગયા હતા અને મહારાષ્ટ્રમાં પહેલીવાર 'ખેલો' જોવા મળ્યો હતો.

### પાલિકાની ચૂંટણીઓ પહેલા મિત્રતા!

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે મુંબઈ અને મહારાષ્ટ્રમાં પાલિકાની ચૂંટણીઓ પહેલાં ભાજપ અને શિવસેના (યુબીટી) વચ્ચેના સંબંધોને સરળ બનાવવાના પ્રયાસો શરૂ થઈ ગયા છે. આ માટે, રાષ્ટ્રવાદ અને હિન્દુત્વને એક મોટું માધ્યમ બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, તાજેતરમાં ભાજપે વીર સાવરકર પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. એવું માનવામાં આવે છે કે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહની મુલાકાત દરમિયાન સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓમાં મહારાષ્ટ્રને ભગવું બનાવવા અંગે ચર્ચા થઈ હતી. ભાજપ ગુજરાતની જેમ મહારાષ્ટ્ર પર પણ સંપૂર્ણ પ્રભુત્વ મેળવવા માગે છે. મુખ્ય પ્રધાન બન્યા પછી ઉદ્ધવ ઠાકરે દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા. તે સમયે બંને ૨૦ મિનિટ માટે સાથે હતા. કહેવામાં આવી રહ્યું છે કે જો શિવસેના (યુબીટી) સાથે આવવા તૈયાર હોય તો ભાજપ તેના માટે જરૂરી વાતાવરણ બનાવવાની તૈયારી કરી શકે છે. ■



**પ્રતિબિંબઃ** મુંબઈમાં બુધવારે બપોરે સારો વરસાદ પડ્યો હતો ત્યારબાદ ગ્રાન્ટ રોડ સ્ટેશને પાણીમાં પસાર થતી ટ્રેનના પ્રતિબિંબને કચકડે કંડારવામાં આવ્યું હતું. (જયપ્રકાશ કેળકર)

# સારો વરસાદ છતાં જળાશયો કોરાં

### જૂનમાં સારો વરસાદ પડવાની શક્યતાને કારણે પાણી કાપ નહીંઃ પાલિકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યના મોટાભાગના જિલ્લામાં ચોમાસાનું આગમન થઈ ચુક્યું છે, પણ મુંબઈને પાણી પૂરું પાડનારા જળાશયોના કેચમેન્ટ એરિયામાં હજી સુધી નોંધપાત્ર વરસાદ પડયો નથી. હાલમાં સાતેય જળાશયોમાં કુલ ક્ષમતાના ૧૫ ટકા જેટલું પાણી છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ કેચમેન્ટ એરિયામાં ટૂંક સમયમાં ચોમાસું તીવ્ર બનશે અને તેનાથી જળાશયોમાં પાણીમાં વધારો થશે. તેથી આ વર્ષે પાણીકાપની આવશ્યકતા નિર્માણ થશે નહીં.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ તાજેતરના વર્ષોમાં ચોમાસામાં વિલંબ થયો છે અને ભારે વરસાદ ઘણી વખત જુલાઈના મધ્યમાં શરૂ થાય છે. જોકે ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ આ વર્ષે ચોમાસું સામાન્ય કરતા વહેલું આવી ગયું છે અને સામાન્ય કરતા વધુ સારું રહેવાનું છે. હાલ પાણીનો જથ્થો અને રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલા વધારાના અનામત જથ્થાને કારણે જુલાઈ સુધી ચાલે તેટલો પાણીનો જથ્થો હોવાથી તાત્કાલિક ધોરણે પાણીકાપની આવશ્યકતા નથી.

ગયા વર્ષે આ સમયે સાતેય જળાશયોમાં ફક્ત નવ ટકા પાણીનો જથ્થો હતો. જ્યારે આ વર્ષે પાલિકા પાસે ૫૩ દિવસનો પાણીનો જથ્થો છે. ગરમી વધવાને કારણે બાષ્પીભવનના પડકાર છતાં ચોમાસાના જલદી આગમનથી થોડી રાહત મળી હોવાનું ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

પાલિકાએ અગાઉ જ અપર વૈતરણા અને ભાતસા જળાશયમાંથી ૧.૮૧ લાખ મિલ્યન લિટર પાણી ખેંચવા માટે રાજ્ય સરકારની મંજૂરી મેળવી લીધી હતી. ગયા વર્ષે મે મહિનામાં પાણીના સ્તરમાં તીવ્ર ઘટાડો થવાને કારણે પાંચ જૂન, ૨૦૨૪ની પાંચ ટકા પાણીકાપ મૂકવામાં આવ્યો હતો. જે બાદમાં જુલાઈ મહિનામાં પડેલા મુશળધાર વરસાદ બાદ પાછો ખેંચવામાં આવ્યો હતો.

નોંધનીય છે કે પાલિકા દ્વારા મુંબઈને

(જુઓ પાનું ૪) ▶▶

# આજથી રસ્તા તથા ફૂટપાથ પરનો કાટમાળ, પેવર બ્લોક હટાવવાની સુધરાઈની ઝુંબેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજથી ૧૮ દિવસ સુધી રસ્તા તથા ફૂટપાથ પર રહેલા કર્બસ્ટોન, પેવરબ્લોક અને તથા કાટમાળ સહિત અન્ય કચરાને હટાવવાની ઝુંબેશ મુંબઈ મહાનગર પાલિકા વોર્ડ સ્તરે હાથ ધરવાની છે.

મુંબઈમાં સોમવારે ચોમાસાના પહેલા જ મુશળધાર વરસાદમાં અનેક જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા અને ગટરોના મુખ અને નાળાઓની જાળીઓમાં રસ્તા પડેલા કાટમાળ અને પેવરબ્લોક તથા સામાન અને કચરો ફસાઈ જવાને કારણે વરસાદી પાણીનો નિકાલ થઈ શકયો નહોતો. તેથી ૨૯ મે, ગુરુવારથી ૧૫ જૂન, ૨૦૨૫ સુધી આવા કચરાને ભેગો કરવા માટે વિશેષ સ્વચ્છતા ઝુંબેશ અમલમાં મૂકવામાં આવવાની છે. એ ઝુંબેશની સાથે જ સવારના ૧૦ વાગ્યા પહેલા સ્વચ્છતા તેમ જ આવશ્યકતા મુજબ બીજી વખત સેકંડ સ્વિપિંગ એટલે કે સફાઈ કરવામાં આવવાની છે.

ચોમાસામાં મુંબઈમાં સ્વચ્છતા કાયમ રહે તે માટે પાલિકાએ ચોમાસામાં નિયમિત અંતરે કચરો ભેગો કરવા અને સફાઈ કરવા માટે વિશેષ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવાની છે. ખાસ કરીને સાર્વજનિક સ્થળે ફેંકવામાં આવતી વસ્તુ, કચરો ભેગો કરવામાં પર ભાર આપવામાં આવશે. જેથી ચોમાસામાં પાણી સાથે વહીને આ વસ્તુઓને કારણે

(જુઓ પાનું ૪) ▶▶

# ગોરેગામમાં સગીરાએ ૪૫મા માળેથી ઝંપલાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છેલ્લાં છ વર્ષથી ડિપ્રેશનમાં સરી પડેલી ૧૭ વર્ષની સગીરાએ ઈમારતના ૪૫મા માળે આવેલા રેફ્યૂજી એરિયામાંથી કૂદકો મારી કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના ગોરેગામમાં બની હતી.

આરે પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારની સાંજે ગોરેગામ પૂર્વમાં બની હતી. બાન્દ્રાની પ્રતિષ્ઠિત શાળામાં ૧૧મા ધોરણમાં ભણતી સગીરાએ આરે નજીકની એક ગગનચુંબી ઈમારતના ૪૫મા માળેથી ઝંપલાવ્યું હતું. જમીન પર પટકાયેલી સગીરાનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે સગીરાનો પરિવાર અગાઉ આ જ બિલ્ડિંગમાં રહેતો હતો. માતા-પિતા છૂટા પડ્યા પછી સગીરા માતા સાથે બાન્દ્રામાં રહેતી હતી, જ્યારે તેના પિતા ગોરેગામમાં રહેતા હતા.

અધિકારીના જણાવ્યા મુજબ સગીરા ટ્યૂશને જઈ રહી હોવાનું કહીને ઘરેથી નીકળી હતી. ઘટના બની એ ઈમારતમાં સગીરા અગાઉ રહેતી હોવાથી બહેનપણીને મળવાને બહાને તે ઈમારતમાં પ્રવેશી હતી. ઈમારતના ૪૫મા માળે

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

**સાવરકર પર ટિપ્પણી**

# સેના (યુબીટી)ના નેતાએ રાહુલ ગાંધીનો ચહેરો કાળો કરવાની ધમકી આપી

નાશિકઃ શિવસેના (યુબીટી)ના એક સ્થાનિક પદાધિકારીએ બુધવારે કહ્યું હતું કે તેઓ સ્વાતંત્ર્ય સેનાની વિનાયક દામોદર સાવરકર વિશેની 'અપમાનજનક' ટિપ્પણીઓ માટે રાહુલ ગાંધીનો ચહેરો કાળો કરશે, જેના પર મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાઓએ આકરી પ્રતિક્રિયા આપી હતી.

ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળના નાસિકમાં પાર્ટીના ડેપ્યુટી સિટી યુનિટ ચીફ બાળા દરાડેની ટિપ્પણી વિપક્ષી ગઠબંધન મહા વિકાસ આઘાડી (એમવીએ)માં સંબંધો તંગ કરી શકે છે.

અમને ગર્વ છે કે અમે સ્વાતંત્ર્યવીર સાવરકરના જન્મસ્થળમાં રહીએ છીએ. રાહુલ ગાંધીએ સાવરકર વિશે જે નિવેદન આપ્યું હતું, તે અપમાનજનક હતું. અમે તેની સખત નિંદા કરીએ છીએ. જો રાહુલ ગાંધી નાશિક આવશે તો અમે તેમનો ચહેરો કાળો કરીશું. જો આપણે એવું ન કરી શકીએ, તો અમે તેમના કાફલા પર પથ્થરમારો કરીશું, એમ દરાડેએ હિન્દુત્વવાદી વિચારધારાના પ્રણેતાની જન્મજયંતિ નિમિત્તે એક મરાઠી ન્યૂઝ ચેનલને જણાવ્યું હતું.

શિવસેના (યુબીટી) એમવીએમાં કોંગ્રેસનો સાથી છે અને બંને પક્ષો ઈન્ડી ગઠબંધન વિપક્ષના જૂથનો પણ ભાગ છે.

નાશિક-નિવાસી દેવેન્દ્ર ભુતાડાએ રાહુલ ગાંધી વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકસભામાં વિપક્ષના નેતા દ્વારા સાવરકર વિરુદ્ધ કરવામાં આવેલી કેટલીક ટિપ્પણીઓથી તેમની લાગણીઓ દુભાય છે. બાળા દરાડેએ વધુમાં કહ્યું હતું કે તેમને એમવીએ માટે તેમની ધમકીના પરિણામોની પરવા નથી. 'અમે સાવરકર વિરુદ્ધ અપમાનજનક ભાષાનો ઉપયોગ કરનાર કોઈપણને સહન કરીશું નહીં. મહા વિકાસ આઘાડીનું ભવિષ્ય ગમે તે હોય, અમે સાવરકરનું અપમાન સહન કરીશું નહીં,' એમ તેમણે કહ્યું હતું.

શિવસેના (યુબીટી)ના પ્રવક્તા સુષ્મા અંધારેએ પત્રકારોને જણાવ્યું હતું કે દરાડેના વિચારો તેમના પોતાના છે અને ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટીનું સત્તાવાર વલણ નથી.

બીજી તરફ મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ

(જુઓ પાનું ૪) ▶▶

**બે વર્ષના પુત્રની હાર્ટ સર્જરી કરાવવા ઝડપી સુનાવણી માટે ઈનકાર**

# 'જજને આ શોભતું નથી' કહી હાઈ કોર્ટે ફેમિલી કોર્ટના ન્યાયાધીશની કાઢી ઝાટકણી

મુંબઈઃ ઓપન હાર્ટ સર્જરી કરાવવી જરૂરી છે એવા બે વર્ષના બાળકના કબજા માટેની પિતાની વચગાળાની અરજી પર તાત્કાલિક સુનાવણીનો ઈનકાર કરવા બદલ બૉમ્બે હાઈ કોર્ટે ફેમિલી કોર્ટના જજને ઝાટકી નાખ્યા છે અને ન્યાયમૂર્તિને આ શોભતું નથી એવી ટિપ્પણી પણ કરી હતી.

હાઈ કોર્ટની ઔરંગાબાદ વેકેશન બેન્ચના ન્યાયમૂર્તિ રોહિત જોષીએ પૂર્વ પતિ દ્વારા સર્જરી માટે પુત્રનો કબજો માંગતી અરજીનો વિરોધ કરવા બદલ બાળકની માતા સામે નારાજગી વ્યક્ત કરી હતી.

અદાલત બાળકના પિતા દ્વારા તેની વચગાળા કબજાની માંગ કરતી અરજી પર સુનાવણી કરી રહી હતી. અરજી મુજબ જૂનના પહેલા અઠવાડિયામાં છત્રપતિ સંભાજીનગરની એમજીએમ હૉસ્પિટલમાં બાળકે ઓપન હાર્ટ સર્જરી કરાવવી પડે એમ છે.

આ વ્યક્તિએ જણાવ્યું હતું કે તેણે બીડ જિલ્લાના કૈજ ખાતે સંબંધિત ફેમિલી કોર્ટ સમક્ષ અરજી કરી તાત્કાલિક સુનાવણીની પણ માંગ કરી હતી. જોકે, ફેમિલી કોર્ટે તાત્કાલિક સુનાવણી કરવાનો ઇનકાર કરી દીધો હતો.

હાઈ કોર્ટની ખંડપીઠે બાળકની વચગાળાની કસ્ટડી માટેની પિતાની અરજીને માન્ય રાખી હતી અને સર્જરી માટે બાળકનો કબજો પિતાને સોંપવા માતાને નિર્દેશ આપ્યો હતો. હાઈ કોર્ટે જણાવ્યું હતું કે 'હૉસ્પિટલની સારવાર દરમિયાન બાળક પિતાના કબજામાં રહેશે અને મેડિકલ રિપોર્ટ અનુસાર માતાને બાળકનો કબજો પાછો મળશે.' (પીટીઆઈ)■

# ડોંબિવલીમાં ૭૩ વર્ષની વૃદ્ધાને લગ્નની લાલચે ૬૨ વર્ષનો વૃદ્ધ છેતરી ગયો

### ૫૭ લાખ રૂપિયાનો ચૂનો ચોપડ્યો

થાણેઃ ડોંબિવલીમાં લગ્નની લાલચે ૭૩ વર્ષની વૃદ્ધા સાથે ૫૭ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ ૬૩ વર્ષના વૃદ્ધ સામે ગુનો દાખલ કરાયો હતો.

ડોંબિવલી વિસ્તારના નાના શંકરશેઠ માર્ગ પર આવેલી હાઉસિંગ સોસાયટીમાં રહેતી ફરિયાદી વૃદ્ધા અખબારમાં પ્રકાશિત લગ્નસંબંધી જાહેરાત મારફત ૬૨ વર્ષના વૃદ્ધના સંપર્કમાં આવી હતી, એમ વિષ્ણુનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર વિવેક કુમુતકરે જણાવ્યું હતું.

ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કર્યા બાદ વૃદ્ધે લગ્ન અને પુણેમાં શાંતિપૂર્ણ જીવનનું વચન આપ્યું હતું. દરમિયાન પુણેમાં પોતે ઘર ખરીદવા માગતો હોવાનું આરોપીએ જણાવી ફરિયાદીને ૩૫ લાખ રૂપિયા ટ્રાન્સફર કરવા માટે મનાવી લીધી હતી. ફરિયાદીને ખાતરી આપવા માટે તેણે તેને બનાવટી રસીદો તથા મિલકતના દસ્તાવેજો દેખાડ્યા હતા.

ફરિયાદીના ઘરે થોડા સમય રહ્યા બાદ આરોપીએ ૨૦ લાખ રૂપિયાના દાગીના ચોરી લીધા હતા. એ સિવાય તેણે ફરિયાદીનું ડેબિટ કાર્ડ પણ ચોરી લીધું હતું, જેનાથી તેણે ૨.૪ લાખ રૂપિયા ઉપાડ્યા હતા, એમ ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો.

ગયા મહિને ફરિયાદી સાથે

(જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.